જૈનવિદ્યાની અનુપારંગત (એમ.ફિલ.)ની પદવી માટેના
અભ્યાસક્રમના ભાગરૂપે પ્રસ્તુત કરવામાં આવેલ
શોધ નિબંધ

# યોગશતક ગ્રંથ - એક અધ્યયન


માર્ગદર્શક

ડૉ. પૂર્ણિમાબહેન મહેતા

પ્રસ્તુત કર્તા

જાગૃતિ નલિન ધીવાલા



આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર

મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય,

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

વર્ષ : ૨૦૧૧

જૈનવિદ્યાની અનુપારંગત (એમ.ફિલ.)ની પદવી માટેના
અભ્યાસક્રમના ભાગરૂપે પ્રસ્તુત કરવામાં આવેલ
શોધ નિબંધ

# યોગશતક ગ્રંથ એક અધ્યયન

પૂર્ણિમા એસ. મહેતા

માર્ગદર્શક

ડૉ. પૂર્ણિમાબહેન મહેતા

પ્રસ્તુત કર્તા

જાગૃતિ નલિન ધીવાલા


આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર
મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

વર્ષ : ૨૦૧૧

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નં. |
|---|---|---|
| **પ્રકરણ-૧** | **જૈનદર્શનનો સંક્ષિપ્ત પરિચય** | **૧ થી ૧૨** |
| | ૧.૧ ત્રિપદી | |
| | ૧.૨ છ દ્રવ્ય | |
| | ૧.3 નવ-તત્વ | |
| | ૧.૪ કર્મવાદ | |
| | ૧.૫ અનેકાંતવાદ | |
| | ૧.૬ મોક્ષમાર્ગ | |
| | ૧.૭ શ્રમણાચાર | |
| | ૧.૮ શ્રાવકાચાર :દેશવિરતિ ચારિત્ર આચાર | |
| **પ્રકરણ-૨** | **જૈન સાહિત્યમાં યોગ** | **૧3 થી ૨૧** |
| | ૨.૧ 'યોગ' શબ્દનો અર્થ અને યોગનું લક્ષણ | |
| | ૨.૨ આગમયુગમાં યોગ (ઈ.સ. પૂર્વ ૬ઠ્ઠી થી ઈ.સ.ની ૭મી સદી સુધી) | |
| | ૨.3 મધ્યયુગમાં યોગ (ઈ.સ. ૮મી સદીથી ૧૪મી સદી) | |
| | ૨.૪ અર્વાચીન યુગમાં યોગ (ઈ.સ. ૧૫મી સદીથી વર્તમાન સમય) | |
| | ૨.૫ યોગનાં ભેદ-પ્રભેદ | |
| | ૨.૬ યોગીઓના પ્રકાર | |
| **પ્રકરણ-3** | **જૈનયોગમાં ધ્યાનનું મહત્વ** | **૨૨ થી ૨૭** |
| | 3.૧ ધ્યાનનો અર્થ અને પરિભાષા | |
| | 3.૨ ધ્યાનનું સ્વરૂપ | |
| | 3.3 ધ્યાનનાં ચાર પ્રકારો | |
| | 3.૪ ધ્યાનની સફળતાનાં સાધનો | |

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નં. |
|---|---|---|
| | ૩.૫ ધ્યાતા - ધ્યેય - ધ્યાનની ત્રિપુટી | |
| | ૩.૬ પ્રેક્ષાધ્યાન - વર્તમાન સમયની એક ધ્યાન પદ્ધતિ | |
| | ૩.૬.૧ પ્રેક્ષાનો અર્થ - વ્યંજના | |
| | ૩.૬.૨ પ્રેક્ષાધ્યાનના મૌલિક તત્વ | |
| પ્રકરણ-૪ | ગ્રંથકર્તા આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીનું જીવન અને કવન | ૨૮ થી ૪૮ |
| | ૪.૧ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીના જીવનની રૂપરેખા | |
| | ૪.૧.૧ જન્મસ્થાન | |
| | ૪.૧.૨ માતા-પિતા | |
| | ૪.૧.૩ સમય | |
| | ૪.૧.૪ વિદ્યાભ્યાસ | |
| | ૪.૧.૫ 'ભવવિરહ' - મુદ્રાલેખ | |
| | ૪.૧.૬ પોરવાડ જ્ઞાતિની સ્થાપના | |
| | ૪.૧.૭ સમાધિ મરણ | |
| | ૪.૨ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીના વિશિષ્ટ પાંચ ગુણો | |
| | ૪.૨.૧ સમત્વ | |
| | ૪.૨.૨ તુલના | |
| | ૪.૨.૩ બહુમાનવૃતિ | |
| | ૪.૨.૪ સ્વપરંપરાને પણ નવી દ્રષ્ટિ અને નવી ભેટ | |
| | ૪.૨.૫ અંતર સાધવાનો કીમિયો | |
| | ૪.૩ આચાર્યશ્રી હરિભદ્રસુરિજીની યોગશતકમાં તુલનાદ્રષ્ટિ | |
| | ૪.૪ આચાર્યશ્રી હરિભદ્રસુરિજી રચિત ગ્રંથો | |
| | ૪.૩ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીના ગ્રંથોની સૂચિ | |
| | ૪.૩.૧. આગમિક ગ્રંથ | |

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નં. |
|---|---|---|
| | ૪.૩.૨ આચાર, ઉપદેશ સંબંધી ગ્રંથ | |
| | ૪.૩.૩ દાર્શનિક ગ્રંથ | |
| | ૪.૩.૪ યોગવિષયક ગ્રંથ | |
| | ૪.૩.૫ કથાસંબંધી ગ્રંથ | |
| | ૪.૩.૬ જ્યોતિષ સંબંધી ગ્રંથ | |
| | ૪.૩.૭ સ્તુતિ વિષયક ગ્રંથ | |
| | ૪.૪ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીને જિનાગમો પરનુ બહુમાન | |
| | ૪.૫ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી રચિત યોગગ્રંથોનો સંક્ષિપ્ત પરિચય | |
| | ૪.૫ ષોડશક | |
| પ્રકરણ-૫ | યોગશતક ગ્રંથનું અધ્યયન :ભાગ-૧ | ૪૯ થી ૭૬ |
| | ૫.૧ યોગશતક ગ્રંથનો પરિચય | |
| | ૫.૨ યોગનું સ્વરૂપ :નિશ્ચય યોગ અને વ્યવહાર યોગ | |
| | ૫.૨.૧ નિશ્ચય નયથી યોગ | |
| | ૫.૨.૨ વ્યવહાર નયથી યોગ | |
| | ૫.૩ યોગમાર્ગનાં પ્રથમ અધિકારી - અપુનર્બન્ધ | |
| | ૫.૩.૧ અપુનર્બન્ધક જીવોનાં લિંગો | |
| | ૫.૩.૨ અપુનર્બન્ધક જીવોને આશ્રયી ઉપદેશનાં કથનનું સ્વરૂપ | |
| | ૫.૪ યોગમાર્ગનાં દ્વિતીય અધિકારી - સમ્યગ્દ્રષ્ટિ | |
| | ૫.૪.૧ ઉપદેશના અંગો | |
| | ૫.૪.૨ ઉપદેશનાં કારણો | |
| | ૫.૫ યોગમાર્ગનાં તૃતીય અધિકારી ચારિત્રી | |
| | ૫.૫.૧ યોગમાર્ગનાં પંથે દેશવિરત ચારિત્રવાન | |
| | ૫.૫.૨ યોગમાર્ગનાં પંથે સર્વવિરત ચારિત્રવાન | |

| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નં. |
|---|---|---|
| | ૫.૬ યોગસાધના દ્વારા ગુણસ્થાનકે જવાની વિધિ | |
| | ૫.૬.૧ નવા ગુણસ્થાનકમાં પ્રવેશવાની વિધિ | |
| | ૫.૬.૨ અપૂર્વગુણસ્થાનકનો પ્રાપ્તિ માટે વિશેષવિધિ | |
| | ૫.૬.૩ કર્મનો ઉપક્રમ કરવા સ્વરૂપ પ્રસ્તુત કાર્યની સાધકવિધિ | |
| | ૫.૭ યોગના અધિકારનાં વિશેષ ઉપાયો | |
| **પ્રકરણ-૫** | **યોગશતક ગ્રંથનું અધ્યયન : ભાગ-૨** | **૭૭ થી ૯૭** |
| | ૫.૮ જીવ - કર્મનો સંબંધ અનાદિ સાન્ત | |
| | ૫.૯ રાગ - દ્વેષ - મોહનું સ્વરૂપ | |
| | ૫.૯.૧ રાગ - દ્વેષ - મોહનાં પ્રતિપક્ષ ભાવનથી પ્રગટ થતાં તત્વભાસનનું સ્વરૂપ : | |
| | ૫.૧૦ ચાર યોગભાવનાનું વર્ણન | |
| | ૫.૧૧ યોગીના આહારની વિધિ | |
| | ૫.૧૨ યોગપ્રભાવથી પ્રાપ્ત થતી લબ્ધિ અને તેનું ફળ | |
| | ૫.૧૩ મોક્ષનું પ્રધાન અંગ - સામાયિક | |
| | ૫.૧૪ મરણકાળ જાણવાનાં ઉપાયો | |
| **પ્રકરણ-૬** | **ઉપસંહાર** | **૯૪ થી ૯૯** |
| ** | **સંદર્ભસૂચિ** | **૧૦૦ થી ૧૦૩** |
| ** | **પરિશિષ્ટ** | |

# હૃદયના ઉદ્‌ગાર

જીવનને ઉન્નત અને ઉજ્જવળ બનાવનાર, આત્માને શુદ્ધ અને બુદ્ધ બનાવનાર એવી આચારસંહિતા અને વિચારધારાનું નામ-દર્શન, ધર્મ-દર્શનએ વ્યક્તિ કે વસ્તુનું મૂળભૂત રૂપ છે. જૈનદર્શન આવું જ ઉજ્જવળ જીવન જીવવાની રીત દર્શાવે છે. જેનું અનુસરણ કરવાથી આ જીંદગીમાં જ ઉચ્ચ આધ્યાત્મિક કોટિએ પહોંચી શકાય છે. આ આધ્યાત્મિક કોટિએ પહોંચવા માટે આ કારણથી જ જૈનદર્શનનાં સિદ્ધાંતો, તત્વજ્ઞાન જાણવા સમજવાનું અને ખૂબ આકર્ષણ રહ્યું છે. મને જાણવા મળ્યું કે જેમનુ સમગ્ર જીવન પારદર્શક રહ્યુ તેવા મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠનાં પ્રાંગણમાં અનેક વિષયોમાં ઉંડાણપૂર્વકના અભ્યાસક્રમો ચાલી રહ્યા છે. જેમાં 'આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર' માં પણ જૈનદર્શનના પાયાના સિદ્ધાંતો તેમજ તત્વજ્ઞાન સમજાવનાર પ્રમાણપત્ર અભ્યાસક્રમ ચાલે છે. તેમાં જોડાવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું. આ અભ્યાસક્રમ કરતાં એક અનુપમ અનુભૂતિ અંતરમનમાં જાગૃત થઈ. અને જૈનધર્મમાં વિશદ જ્ઞાન માટે આગળ અભ્યાસ કરવાની ઈચ્છા થઈ. અને આ સુઅવસર પણ ગૂજરાત વિદ્યાપીઠનાં પ્રાંગણમાં જ મળ્યો. પારંગતમાં પ્રવેશ મેળવ્યો અને દરેક ફેકલ્ટીનાં સાહેબ, બહેનનો સુંદર લાભ રહ્યો. જેમાં માર્ગદર્શક ડૉ. પૂર્ણિમાબહેન મહેતાનું અમૂલ્ય યોગદાન તો ક્યારેય નહીં ભૂલી શકું. તેઓ સતત પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહ્યા. વિશેષ યોગ્યતા સાથે પાસ થઈ અને અનુપારંગતમાં પણ પ્રવેશ મેળવ્યો.

અનુપારંગત વર્ષ-૨મા લઘુશોનિબંધ માટેની પસંદગીના પ્રશ્નને અમારા પ્રેમાળ માર્ગદર્શક ડૉ. પૂર્ણિમાબહેન મહેતા જેઓ મારા રસ, રૂચિની જાણકારી મેળવતા મારા નિબંધનાં વિષય માટે મને માર્ગર્શન આપતા રહ્યા. જેમાં તીર્થંકર મહાવીર સ્વામીની સાધના યોગ-ધ્યાન પૂર્વકની જ રહી છે. તેમની સમભાવની સાધના, ચિત્તની સ્થિરતા વગેરે ગુણોનું મને ખુબ આકર્ષણ રહ્યું છે. માટે યોગનાં વિષયની પસંદગી કરવી હતી પરંતુ ખુબ મુંઝવણ હતી કે તે માટે મારી પાત્રતા કેટલી ? ડૉ. પૂર્ણિમાબહેન મહેતાએ લાગણીપૂર્વક પ્રેરણા આપી કે યોગના સતત અભ્યાસથી પાત્રતા કેળવી જ શકાય છે. 'યોગશતકગ્રંથ-એક અધ્યયન' વિષય સૂચવ્યો. અને તે સાથે ખૂબ જ જ્ઞાની, ધ્યાની અને સમતાભાવી સંયમજીવનનું ૬૯ વર્ષથી કડક ચારિત્રપાલન કરતાં મારા પૂજ્ય ફૈબાસ્વામીનાં દર્શન થયા. ખરેખર હું સદ્‌ભાગી છું કે ડૉ. પૂર્ણિમાબહેન મહેતાનું સતત પીઠબળ મળતું રહ્યું.

આ લઘુશોધ નિબંધનાં કુલ ૬ પ્રકરણો છે. જેમાં પ્રથમ પ્રકરણમાં જૈન તત્વજ્ઞાનની સમજૂતી આપેલ છે. જેમાં તીર્થંકર પ્રભુ દ્વારા દર્શિત ગુણધર ભગવંતની વાણી ત્રિપદીનું સ્વરૂપ, છ દ્રવ્ય, નવતત્વ, કર્મવાદ અનેકાંતવાદ, મોક્ષમાર્ગ વગેરેનો સંક્ષિપ્ત પરિચય આપેલ

છે. તદ્‌પરાંત યોગશતક ગ્રંથમાં વર્ણિત યોગનાં અધિકારી એવા શ્રાવક અને શ્રમણ ધર્મનાં અણુવ્રતો - મહાવ્રતોનો ટૂંકો પરિચય આપેલ છે.

દ્વિતીય પ્રકરણમાં 'યોગ' શબ્દને અનુસરી યોગનો અર્થ અને તેનું લક્ષણ. યોગ અને યોગીનાં પ્રકારો તેમજ આગમયુગ, મધ્યયુગ અને વર્તમાન યુગમાં યોગનું સ્વરૂપ અને યોગવિષયક સાહિત્ય રચનાઓની શુદ્ધિ આપવામાં આવેલ છે.

તૃતીય પ્રકરણમાં 'જૈનયોગ અને ધ્યાન' નાં સ્વરૂપનું વર્ણન છે. આગમયુગમાં 'તપ' અને 'ધ્યાન' એ જ યોગનું સ્વરૂપ ગણાતું. તેથી ધ્યાનનો અર્થ અને પરિભાષા, ધ્યાનનું સ્વરૂપ, ધ્યાનના ચાર પ્રકારો, ધ્યાનની સફળતાનાં સાધનો, ધ્યાતા - ધ્યેય - ધ્યાનની ત્રિપુટી સાથે વર્તમાન સમયની એક ધ્યાન પદ્ધતિ - પ્રેક્ષાધ્યાનનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે.

ચતુર્થ પ્રકરણમાં જે ગ્રંથનું અધ્યયન કરવાનો પ્રયત્ન કરેલ છે. તે 'યોગશતક ગ્રંથ'ના કર્તા 'યાકિની મહત્તરાસૂનું આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી'નું જીવન અને કવનનું વર્ણન છે. તેમનું જીવન મોક્ષમાર્ગે આગળ વધવા રૂપે યોગના અધિકારી બનવા માટે ખૂબજ પ્રેરણા રૂપ છે.

પાંચમું પ્રકરણ બે વિભાગમાં વિભાજિત કરેલ છે. ભાગ-૧ અને ભાગ-૨ જેમા ભાગ-૧માં યોગશતક ગ્રંથના સંક્ષિપ્ત પરિચય સાથે યોગના અધિકારી જીવો, દરેકની ભૂમિકાને અનુરૂપ યોગ્ય ઉપદેશ, યોગસાધના દ્વારા ગુણસ્થાકની વિધિ વગેરેનું વિગતવાર વર્ણન કરેલ છે.

પ્રકરણ-૫ ભા-૨માં જીવ અને કર્મનો સંબંધ રાગ-દ્વેષ-મોહનું સ્વરૂપ, મૈત્ર્યાદિ ચાર યોગભાવના, યોગીમહાત્માની આહાર વિધિ, યોગનાં બળે પ્રાપ્ત થતી લબ્ધિઓ વગેરેનું વિસ્તૃત વર્ણન છે. ઉપસંહારમાં યોગોનો સાર-નિષ્કર્ષ તારવવામાં આવેલ છે. શોધનિબંધ અધ્યયન એક નવી જ દ્રષ્ટિ આપે છે દિન પ્રતિદિન સતત સમભાવ કેળવતા યોગમાર્ગના પથિક બનીએ એજ અભિલાષા.

# ઋણ સ્વીકાર

'એકલા હાથે તાલી ના પડે' એ ઉક્તિની યથાર્થતા અત્રે સમજાઈ છે. આ શોધ નિબંધની શરૂઆતથી અંત સુધી પહોંચવામાં અનેકાનેક જીવો સહાયક બન્યા છે તે સર્વની હું ખુબ ઋણી છું. જેમનું સમગ્ર જીવન પારદર્શક હતું તેવા "મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠે" દ્વારા આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો. પરિણામે આ વિષય પર શોધનિબંધ શક્ય બન્યો. આથી હું ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય દ્વારા ચાલતા આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્રની હું ખૂબ આભારી છું.

મારા બંને પરિવારો ધર્મમય છે. સંસારના તડકા - છાયાને પચાવીને જેઓએ ધર્મની આરાધના અને સ્વાધ્યાયને પ્રાણ બનાવી 'આચરાગંસૂત્ર' તથા 'દશવૈકાલિક સૂત્ર' નું અનુવાદન તેમજ 'અનાથી નિગ્રંથ' જેવા પુસ્તકો પણ લખ્યા તેવા સ્વ. દાદાજી તેમજ પૂ. ફૈબાસ્વામી - બા. બ્ર. પૂ. મુક્તાબાઈ મહાસતીજી (લીંબડી ગોપાલ સંપ્રદાય) જેઓએ ૨૦ વર્ષે દીક્ષા લઈ આજે દીક્ષાપર્યાયનાં પણ ૬૯ વર્ષ સાથે શુદ્ધ આચારધર્મ પાળી રહ્યા છે. સાથે મારા ઉપકારી જેમનું ઋણ તો ક્યારેય ન ચૂકવી શકું તેવા માતૃશ્રી લલિતાબાને કેમ ભૂલી શકું ? જેમણે અમારા બધા ભાઈ-બહેનોમાં સંસ્કારનું સિંચન રેડ્યું છે. તો સ્વસુર પક્ષે મારા સાસુજી પૂ. ભાનુબા તથા સસરાજી પૂ. નગીનદાસ ધીવાલા પણ ધર્મનાં ખૂબ આરાધક પરિવાર મારા પ્રેરણાસ્ત્રોત છે. તેમના આશીર્વાદ અને પ્રેરણા વગર આ અભ્યાસ અને સંશોધન કાર્ય શક્ય બની શકે નહી. તેમની તથા સર્વ કુટુંબીજનોની હું ખૂબ ઋણી છું.

મારા પતિ ડૉ. નલીન ધીવાલા (એમ.ડી.) જેઓનો સતત - અવિરત સાથ ૩૦ વર્ષથી મળતો રહ્યો છે. પોતાની અગવડો વેઠીને મને હંમેશા સાથ આપ્યો છે. તેમજ દિકરી - જમાઈ ઋચા તથા પૂર્વિન અમેરીકામાં રહીને પણ મારા ઉત્સાહને વધાર્યો છે. મારો પુત્ર રોહન જે પોતાની મેડીકલ લાઈનના અભ્યાસમાં વ્યસ્ત રહેવા છતાં સતત સહાયક રહીને પ્રેરણા પુરી પાડીને હિંમત વધારી છે તે સર્વેનો ખૂબ ખૂબ આભાર માનું છું.

આ શોધનિબંધ તૈયાર કરાવનાર મારા માર્ગદર્શક પૂ. ડૉ. પૂર્ણિમાબહેન મહેતા - જૈનકેન્દ્રના માનનીય ઈન્ચાર્જ પોતાના કાર્યમાં અત્યંત વ્યસ્ત હોવા છતાં શોધનિબંધ તૈયાર કરાવવા પોતાનો અમૂલ્ય સમય ફાળવ્યો. યોગશતક ગ્રંથના પ્રથમ પ્રકરણ ૧ થી ૬નું અક્ષરશઃ અધ્યયન કરાવ્યું. અધ્યાત્માનાં ઉંડાણ સુધી પહોંચવાની કળા તેમની પાસેથી શીખવા મળી. ડૉ. પૂર્ણિમાબહેન માત્ર શોધનિબંધનાં જ નહી પરંતુ મારા જીવનનાં પણ ઘડવૈયા બન્યા. પારંગતમાં શોધનિબંધમાં પણ તેમનું સતત માર્ગદર્શન મળ્યું હતું. તેમને હૃદયથી શત શત પ્રણામ કરું છુ.

બા.બ.પૂ. મુક્તાબાઈ મહાસતીજી તથા તેમનું સતીવૃંદ, ખંભાત સંપ્રદાયના બા. પૂ. મૃગેન્દ્રમુનિ. અન્ય સાધુ ભગવંતો તેમજ શ્વે. પૂજ્ય શ્રી રોહિતાશ્રીજી મ.સા.નાં સુશિષ્ય પૂ. શ્રી ચંદદનબાળાશ્રીજી જેઓએ શોધનિબંધની શરૂઆતમાં જ પ્રોત્સાહન સાથે યોગસંબંધી અનેક પુસ્તકો પણ મેળવી આપ્યા તેમની હું ખુબ ઋણી છું. મૂર્તિપૂજકનાં મહાસતીજીઓનું પણ આવશ્યક માર્ગદર્શન મળતું રહ્યું છે.

પૂ. શ્રી રોહિતાશ્રીજી મ. સા.નાં સુશિષ્યા પૂ. શ્રી ચંદનબાળાશ્રીજી જેઓએ શોધનિબંધની શરૂઆતમાં જ પ્રોત્સાહન સાથે યોગસંબંધી અનેક પુસ્તકો પણ મેળવી આપ્યા. તેમની હું ખુબ ઋણી છું.

મારા સહાધ્યાયી હીનાબહેન શાહ તથા ડૉ. શીતલબેનની ખુબ આભારી છું. ચર્ચા વિચારણા દ્વારા સતત પ્રેરણા અને પ્રોત્સાહન પુરા પાડ્યા છે.

વિદ્યાપીઠ ગ્રંથાલય, જૈનદર્શન વિભાગ ગ્રંથાલય, આચાર્યશ્રી જંબુવિજયજી મહારાજસાહેબ જૈન 'ઈ' લાયબ્રેરીના સેટમાંના ગ્રંથો પ્રોજેક્ટના તેમજ સમયસરની પુસ્તકની માહિતી સાથે પ્રેરણા અને પ્રોત્સાહન પુરૂ પાડનાર શ્રી ભદ્રબાહુ વિજયજીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

આ લઘુશોધ નિબંધમાં સૌથી વધુ ઉપયોગી નીવડનાર અમૂલ્ય ગ્રંથોના તથા પુસ્તકોનાં રચયિતા અને વિવેચનકાર વગર મારૂં કાર્ય ક્યારેય પૂર્ણ થયુ ન હોત તેમની જ્ઞાનગંગા અને અનુભવોનાં નિચોડથી મારૂં કાર્ય સુલભ બન્યું તે બધા ગ્રંથકાર, સંકલનકાર અનુવાદક વગેરેનો હું હૃદય પૂર્વક ઋણ સ્વીકાર કરૂં છુ.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયના ગ્રંથપાલની તેમજ કર્મચારી ગણની આભારી છું શ્રી કૈલાસસાગરસૂરિજીની કોબાની લાઈબ્રેરીમાંનાં શ્રી હીરલભાઈએ સમય સમય પર પુસ્તકો મેળવી આપ્યા છે તેમનો ખૂબ આભાર માનું છું. નામી-અનામી જેઓનો સહાકર મળ્યો છે, તેમનો આભાર માનું છું.

*જ્ઞાનીજનોનો પ્રત્યુપકાર ક્યારેય વાળી શકાતો નથી. તેઓએ શાશ્વત સુખનો, પરમ સુખનો માર્ગ દર્શાવ્યો છે. યાકિની મહત્તરાસૂનું આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીના પાવન ચરણોમાં આ લઘુશોધ નિબંધ સમર્પિત કરી કૃતાર્થ થવા ઈચ્છું છું. જેઓએ યોગનાં અધિકારીના ગુણો કેળવવાની પ્રેરણા પૂરી પાડી છે. અને એક નવી દ્રષ્ટિ આપી છે.*

કૌટુંબિક જવાબદારીઓ વચ્ચે શક્ય એટલી માહિતી મેળવવાની કોશિશ કરી છે. મારાથી મારા નિબંધમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો નમ્રતાપૂર્વક ક્ષમા યાચું છું.

આ લઘુશોધ નિબંધથી કોઈને પણ જો સાચી દિશા, સાચી દ્રષ્ટિ મળે તો મારૂં કાર્ય સફળ થવા શક્ય બનશે.

તા. ૩૦/૦૭/૨૦૧૧ જાગૃતિ નલિન ધીવાલા

# પ્રકરણ-૧

# જૈનદર્શનનો સંક્ષિપ્ત પરિચય


૧.૧ ત્રિપદી

૧.૨ છ દ્રવ્ય

૧.૩ નવ-તત્વ

૧.૪ કર્મવાદ

૧.૫ અનેકાંતવાદ

૧.૬ મોક્ષમાર્ગ

૧.૭ શ્રમણાચાર

૧.૮ શ્રાવકાચાર : દેશવિરતિ ચારિત્ર આચાર

# પ્રકરણ-૧ : જૈનદર્શનનો સંક્ષિપ્ત પરિચય

**सिध्धाणं णमो किच्चा, संजयाणं च भावओ ।**[1]

**સિદ્ધ ભગવંતોને સંયત મહાત્માઓ - યોગી મહાત્માઓને ભાવપૂર્વક નમસ્કાર.**

જૈનદર્શન એ વિશેષ જીવન જીવવાની એક રીત છે. ધર્મદૃષ્ટિ ખુલતાં જીવનદર્શનની ક્ષિતિજોનો વિસ્તાર થાય છે. તેનું અનુસરણ કરતાં જીવનમાં ઉચ્ચ આધ્યાત્મિક કોટિએ પહોંચવાનું શક્ય બની શકે છે.

જૈનદર્શન માને છે કે જીવ અને અજીવ એ બે દ્રવ્યોનો બનેલો સંસાર અનાદિ છે, અનંત છે, શાશ્વત છે. જીવો અર્થાત્ આત્મા અનંતાનંત છે. અનાદિ-અવિનાશી છે. આત્મા સંસારના બંધનોમાંથી સર્વથા મુક્ત થઈ શુદ્ધ સ્વરૂપ પામી શકે છે. ત્યાં સુધી એ ચોર્યાસી લાખ પ્રકારની જીવાયોનિમાં પોતાના કર્મ અનુસાર દેહ ધારણ કર્યા કરે છે.[2] અને પરિભ્રમણ થયા કરે છે. જન્મ જન્માંતરની ગતિ આત્માને પોતાના કર્મના ફળ અનુસાર પ્રાપ્ત થાય છે. આત્મા કર્મનો કર્તા છે, આત્મા કર્મનો ભોક્તા છે અને આત્મા જ રાગ-દ્વેષને જીતી મુક્તિનો-મોક્ષનો અધિકારી બને છે.

## 'જિન' અને 'જૈન' :

'જિન' શબ્દ ઉપરથી 'જૈન' શબ્દ બનેલો છે. 'જિ' ધાતુ પરથી બનેલું 'જિન' નામ એ પોતાની ઈન્દ્રિયો જીતનાર, રાગ-દ્વેષ આદિ સર્વ દોષોથી રહિત છે તેવા તીર્થંકર - પરમાત્માનો પર્યાયવાચી શબ્દ છે. - 'જિન'. અને જિનના ભક્તો જૈન કહેવાય છે. જિન પ્રતિપાદિત ધર્મ જૈનદર્શન કહેવાય છે. જૈનદર્શનનો અર્હતધર્મ, અનેકાંત દર્શન, નિર્ગ્રંથશાસન, વીતરાગ માર્ગ એવા અનેક નામોથી વ્યવહાર કરવામાં આવે છે. છ દ્રવ્ય, નવ-તત્વ, કર્મવાદ, અનેકાંતવાદ, મોક્ષમાર્ગ વગેરે જૈનદર્શનના પ્રતિપાદ્ય વિષયો છે.

## ૧.૧ ત્રિપદી

તીર્થંકર પરમાત્મા મહાવીરસ્વામીએ વૈશાખ સુદ-૧૧ ના રોજ આજના બિહાર રાજ્યના મધ્યમાં પાવાપુરી નગરીનાં ઉપવનમાં ધર્મતીર્થની સ્થાપના કરી. આ સમયે તેઓએ પોતાના મુખ્ય ૧૧ ગણધરોને ત્રણ વાક્યોમાં ઉપદેશ આપ્યો. આ ત્રણ વાક્યો જૈન વાઙમયમાં 'ત્રિપદી' થી પ્રસિધ્ધ છે. જેમાં સંપૂર્ણ તત્વજ્ઞાન સમાવિષ્ટ છે.

उपन्नइवा - વસ્તુ ઉત્પન્ન થાય છે. (ઉત્પત્તિ)

विगमइवा - વસ્તુ વિગમ પામે છે. (નાશ)

धुवइवा - વસ્તુ ધ્રુવપણે સ્થિર રહે છે. (સ્થિત)

જે સત્ છે તે દ્રવ્ય છે. જુદી જુદી અવસ્થાઓ, પર્યાયો બદલાવા છતાંય જેનું મૌલિક રૂપ અને શક્તિ ધ્રુવપણે યથાવત રહે છે. તે દ્રવ્ય છે. દ્રવ્યના દરેક અંશમાં પ્રતિપળે પરિવર્તન થતું રહે છે. ઉત્પત્તિ અને નાશની પ્રક્રિયા સતત ચાલ્યા કરે છે. પરતુ દ્રવ્યનું મૂળભૂત સ્વરૂપ સ્થિર રહે છે.

## ૧.૨ છ દ્રવ્ય

જૈનાચાર્યો સત્, તત્વ, અર્થ, દ્રવ્ય, પદાર્થ, તત્વાર્થ આદિ શબ્દોનો પ્રયોગ પ્રાયઃ એક જ અર્થમાં કરતા રહ્યા છે.[૩] જૈનદર્શનમાં તત્વ સામાન્ય માટે આ બધા શબ્દોનો પ્રયોગ થયો છે. જૈનદર્શન તત્વ અને સત્ ને એકાર્થક માને છે. બંનેમાં કોઈ ભેદ નથી. તે ઉમાસ્વાતિજીના 'તત્વાર્થસૂત્ર' નાં सत् द्रव्यलक्षणम्'[૪] સૂત્રથી સિદ્ધ થાય છે. જૈન વાડમયમાં વિભિન્ન અપેક્ષાએ દ્રવ્યનું લક્ષણ નિશ્ચિત કરવામાં આવ્યું છે.

(૧) 'गुणाणमासओ दव्वं' ।[૫] જે ગુણોનું આશ્રયસ્થાન છે, તે દ્રવ્ય છે; અનંત ગુણોનો પિંડ તે દ્રવ્ય છે. તેને જ સ્પષ્ટ કરતાં તત્વાર્થૂસૂત્રમાં કહ્યું છે કે,

(૨) 'उत्पादव्यय ध्रौव्ययुक्तं सत्' ।[૬] જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત છે. તે સત્ છે. તે દ્રવ્ય છે. પ્રત્યેક પદાર્થ ઉત્પન્ન થાય છે. નષ્ટ થાય છે અને સ્થિર રહે છે. – ऊप्पन्नेइ वा, विगमई वा, धुवड़वा य़ ।[૭]

(૩) गुण पर्यायवत् द्रव्यम ।[૮] જે ગુણ અને પર્યાયવાન છે તે દ્રવ્ય છે.

સંક્ષેપમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય નામ, સંખ્યા અને લક્ષણની દ્રષ્ટિએ જુદા પડે છે. ત્રણેનાં નામ અલગ અલગ છે. દ્રવ્યની સંખ્યા છ છે, જ્યારે તેના ગુણો અને પર્યાયોની સંખ્યા અનંત છે. દ્રવ્ય જુદા જુદા પદાર્થોમાં ગમન કરે છે.[૯] ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્દગલાસ્તિકાય અને કાળ આ છ દ્રવ્યરૂપ લોક છે.[૧૦] મુખ્ય દ્રવ્ય જીવ અને અજીવ છે.

### (૧) ધર્માસ્તિકાય દ્રવ્ય :

ગતિમાં સહાયક થવું એ ધર્માસ્તિકાયનું લક્ષણ છે. સર્વવ્યાપી છે. અરૂપી છે. નિત્ય સ્થિત છે. ગતિનો અર્થ છે એક સ્થાનથી બીજા સ્થાનમાં જવાની ક્રિયા. ધર્માસ્તિકાય આ ગતિ યા ક્રિયામાં સહાયક છે. માછલી સ્વયં તરે છે. આ ક્રિયા પાણી વિના શક્ય નથી. પાણી તરવામાં સહાયક છે.

### (૨) અધર્માસ્તિકાય દ્રવ્ય :

સ્થિતિમાં સહાયક થવું એ અધર્માસ્તિકાયનું લક્ષણ છે. અધર્માસ્તિકાય પણ સમસ્ત લોકવ્યાપી છે. અરૂપી છે. નિત્ય સ્થિત છે. જેમ વૃક્ષની છાયા મુસાફરને વિશ્રામ કરવામાં સહાયક બને છે. તેમ અધર્માસ્તિકાય દ્રવ્ય જીવ અને પુદ્દગલને સ્થિતિ કરવામાં સહાયક બને છે.

**(૩) આકાશાસ્તિકાય દ્રવ્ય :**

સર્વ દ્રવ્યોનું આધારભૂત આકાશાસ્તિકાય દ્રવ્ય છે. અને તે અવગાહન પ્રદાન લક્ષણવાળું છે. તે સર્વવ્યાપી છે. અમૂર્ત છે. અને અનંત પ્રદેશોવાળું છે. તેમાં જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને કાળ બધા દ્રવ્યો રહે છે, તે અરૂપી છે. તેના બે વિભાગ છે :

(૧) લોકાકાશ અને (૨) અલોકાકાશ.

**(૪) જીવાસ્તિકાય દ્રવ્ય :**

ઉપયોગ એ જીવનું લક્ષણ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય ઉપયોગ, તે જીવ દ્રવ્યનાં જ લક્ષણો છે. અન્ય દ્રવ્યોમાં આ ગુણો હોતા નથી.

णाणं च दंसणं चेव, चरितं च तवो तहा ।
वीरियं उपओगो य, एवं जीवस्स लक्खणं ।। ઉ. સૂત્ર ૨૮/૧૧.

સામાન્ય રીતે જીવનાં બે ભેદો પડે છે.

(૧) સંસારી ⟷ સંસારમાં પરિભ્રમણ કરતાં જીવો સંસારી જીવો.
(૨) મુક્ત ⟷ સર્વ કર્મ ક્ષય કરીને મોક્ષગતિના જીવો મુક્ત જીવો.

**જીવનાં બે ભેદ**

- સંસારી જીવ
  - સ્થાવર (પોતાની જાતે ગતિ કરી શકતા નથી)
    - પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાય
      - સૂક્ષ્મ
      - બાદર
  - ત્રસ (જે ગમનાગમન કરી શકે છે)
    - દ્વીઈન્દ્રિય, ત્રિરિન્દ્રય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય
      - સંજ્ઞી
      - અસંજ્ઞી
- મુક્તજીવ

**(૫) પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય :**

શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા અને તપ તથા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તે પુદ્ગલનાં લક્ષણ છે.[૫] 'પુદ્ગલ' શબ્દ જૈનદર્શનમાં જડ પદાર્થો માટે વપરાતો પારિભાષિક શબ્દ છે. 'પુદ' = ભેગું થવું, 'ગલ' = વિખેરાવું. જે ભેગા થાય અને વિખેરાય તે પુદ્ગલ દ્રવ્ય છે. તેમાં નવા નવા રૂપો ઉત્પન્ન થાય છે. અને વિનિષ્ટ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રનાં ૨૮માં મોક્ષમાર્ગ ગતિનાં અધ્યયનની ૧૨મી ગાથામાં પુદ્ગલનાં ૧૦ લક્ષણો બતાવ્યા છે. તેમાં વર્ણ -

ગંધ - રસ - સ્પર્શ એ ચાર પુદ્દગલનાં ગુણ છે. અને શબ્દ - અંધકાર - ઉદ્યોત - પ્રભા - છાયા અને આતપ આ છ પુદ્દગલનાં પરિણામ યા કાર્ય છે. આ પુદ્દગલનાં ગુણ અને પરિણામોનું સંકલન છે. જેમાં ગુણ હંમેશા દ્રવ્યની સાથે રહે છે. અને પરિણામ યા કાર્ય નિમિત્ત મળ્યે પ્રગટ થાય છે. પુદ્દગલ દ્રવ્યનાં બે ભેદ છે.

(૧) પરમાણુ ⟶ પુદ્દગલ દ્રવ્યનો અવિભાજ્ય અંશ તે 'પરમાણુ'

(૨) સ્કંધ ⟶ બે કે તેથી વધુ પરમાણું ભેગા મળીને જે રૂપ ધારણ કરે તે 'સ્કંધ'

(૬) કાળ :

પરિવર્તનનું જે કારણ છે તેને અધ્ધાસમય યા કાળ કહે છે. મુહુર્ત, દિવસ, રાત્રિ, મહિના, વર્ષ એ બધા કાળના વિભાગો છે. નવા નવા રૂપાંતર, ભિન્ન - ભિન્ન પરિવર્તન, જુદા જુદા પરિણામ કાળને આભારી છે.

## ૧.3 નવ-તત્વ

આત્માને કર્મોનો બંધ કેવી રીતે થાય છે. જીવ સંસારમાં કેવી રીતે પરિભ્રમણ કરે છે. અને કર્મનો ક્ષય કરી આત્મા કેવી રીતે મુક્તિ પામે છે. ઈત્યાદિની વિચારણા જૈનદર્શનમાં નવ-તત્વો દ્વારા ખૂબ વિસ્તારથી કરવામાં આવી છે. આ નવ તત્વો આ પ્રમાણે છે.

जीवा, अजीवा, पुण्णं, पावं. आसवो, संवरो, णिज्जरो, बंधो, मोक्खो ।

(૧) જીવ, (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આશ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બંધ અને (૯) મોક્ષ

(૧) જીવતત્વ :

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, જીવનું લક્ષણ ઉપયોગ છે. અર્થાત ચેતના છે. જ્ઞાન - દર્શન રૂપી ઉપયોગ, સુખદ્દઃખ કે અનુકુળતા-પ્રતિકુળતાની અનુભૂતિ તેમજ સ્વ અને પરનું જ્ઞાન જેનામાં હોય તે જીવ કહેવાય છે. ઈન્દ્રિય, બળ, આયુષ્ય અને શ્વાસોશ્વાસ એ ચાર લક્ષણથી જીવ ઓળખી શકાય છે. જીવો અનંત છે. પ્રત્યેક જીવ સ્વતંત્ર છે. જીવનાં ભેદ-પ્રભેદનું આગળ વર્ણન થઈ ચૂક્યું છે.

(૨) અજીવતત્વ :

જેમાં ચેતના નથી, સુખ-દુ:ખની અનુભૂતિ નથી તે અજીવ કહેવાય છે. અજીવનાં પાંચ પ્રકાર દ્રવ્યમાં સમાવિષ્ટ છે.

(૩) પુણ્ય તત્વ :

જે તત્વ આત્માને શુભ તરફ લઈ જાય છે, તે પુણ્ય તત્વ. મન-વચન-કાયાથી થતાં શુભ કર્મો તે પુણ્ય, દાન, શીલ, તપ, શુભભાવથી પુણ્ય બંધાય છે. પરિણામે ઉત્તમ કુળ, આરોગ્ય, રૂપ, સંપત્તિ, કીર્તિ, સારો પરિવાર, શુભ સંયોગો, દીર્ઘાયુષ્ય વગેરેની પ્રાપ્તિ થાય છે. પુણ્યના નવ પ્રકાર નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) અન્ન પુણ્ય | (૪) લયન પુણ્ય (ઘરનો આશ્રય) | (૭) વચન પુણ્ય |
| (૨) પાન પુણ્ય | (૫) શયન પુણ્ય | (૮) શરીર પુણ્ય |
| (૩) વસ્ત્ર પુણ્ય | (૬) મન પુણ્ય (નિયંત્રણ) | (૯) નમસ્કાર |

શુભકર્મ કે પુણ્ય મોક્ષપ્રાપ્તિ પ્રક્રિયાને સુગમ બનાવે છે. અહીં મોક્ષ માત્ર માનવ-આદર્શ નથી, પરંતુ સમગ્ર જીવનો આદર્શ છે.[૧૨]

**(૪) પાપ તત્વ :**

જે તત્વ આત્માને અશુભ તરફ લઈ જાય છે. તે પાપ તત્વ. મન-વચન-કાયાથી થતાં અશુભ કર્મો તે પાપ. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ, કષાયો વગેરેથી પાપ બંધાય છે. પાપને પરિણામે જીવ વિવિધ પ્રકારનાં દુઃખો ભોગવે છે. પાપનાં ૧૮ પ્રકારો છે.

| | | |
|---|---|---|
| (૧) પ્રાણાતિપાત | (૭) માન | (૧૩) અભ્યાખ્યાન |
| (૨) મૃષાવાદ | (૮) માયા | (૧૪) પૈશુન્ય |
| (૩) અદત્તાદાન | (૯) લોભ | (૧૫) પર - પરિવાદ |
| (૪) અબ્રહ્મચર્ય | (૧૦) રાગ | (૧૬) રતિ - અરતિ |
| (૫) પરિગ્રહ | (૧૧) દ્વેષ | (૧૭) માયામોષો |
| (૬) ક્રોધ | (૧૨) કલેશ | (૧૮) મિથ્યાદર્શનશલ્ય |

આસક્તિ શુભાશુભ કર્મોનું અંતિમ કારણ છે, અને વ્યક્તિને બંધનમાં રાખે છે. તેથી જ તીર્થંકર મહાવીરે કહ્યું છે કે, "પુણ્ય અને પાપ બંનેના ક્ષયથી જ મુક્તિ-મોક્ષ મળે છે." આધ્યાત્મિક પૂર્ણતા-પંથના પ્રવાસીએ અનાસક્ત-વિરક્ત વલણ અપનાવવું જોઈએ.[૧૩]

**(૫) આશ્રવ તત્વ :**

પુણ્ય કે પાપરૂપી કર્મોનો આત્મા સાથે સંબંધ થવાનાં નિમિત્તો કે કારણોને આસ્રવ કહે છે, મન-વચન-કાયાના શુભ કે અશુભ વ્યાપારોથી કર્મના પુદ્ગલો જે દ્વારથી આત્મામાં ખેંચાઈ આવે છે તે દ્વારનું નામ આશ્રવ તત્વ. આશ્રવનાં બે પ્રકારો છે.

(૧) ભાવાશ્રવ ⟶ આત્માની પ્રવૃતિ ભાવાશ્રવ છે.

(૨) દ્રવ્યાશ્રવ ⟶ આત્મામાં પ્રવેશતું કર્મ દ્રવ્યાશ્રવ છે. ઉમાસ્વાતિજી આશ્રવને માત્ર મન-વચન અને કાયાનું કાર્ય જ માને છે.

**(૬) બંધ તત્વ :**

કર્મના પુદ્ગલોનો આત્મા સાથે સંબંધ થવો તે બંધ. દૂધ અને પાણીના જેવો કર્મનાં પુદ્ગલો અને આત્મા સાથે યોગ થાય છે બંધના ૪ પ્રકારો છે.

| | |
|---|---|
| (૧) પ્રકૃતિબંધ. | (૩) સ્થિતિબંધ |
| (૨) પ્રદેશબંધ | (૪) અનુભાગ / અનુભાવ બંધ |

**(૭) સંવર તત્વ :**

આશ્રવનો નિરોધ એટલે સંવર. જે નિમિત્તોથી કર્મો બંધાય છે. તે નિમિત્તો ને રોકવા તેનું નામ સંવર તત્વ, કર્મ બંધાતું અટકે તે 'સંવર' છે. 'દ્રવ્યસંગ્રહ' નામના ગ્રંથમાં સંવરના પ્રકારો નીચે મુજબ છે.

**સંવરના પ્રકારો**

(૧) વ્રત
(૨) સમિતિ
(૩) ગુપ્તિ
(૪) ધર્મ
(૫) અનુપ્રેક્ષા
(૬) પરિષહજય
(૭) ચારિત્ર[૧૪]

**(૮) નિર્જરા તત્વ :**

**પૂર્વ બંધાયેલા કર્મોનાં ક્ષયની પ્રક્રિયા તે નિર્જરા તત્વ. નિર્જરાનાં બે ભેદ છે.**

**સકામ નિર્જરા ——> જે તપ, સંયમ, ધ્યાન દ્વારા કર્મની નિર્જરા થાય છે.**

**અકામ નિર્જરા ——> જે બંધાયેલા કર્મો અપરિપક્વ થઈને ક્ષય થઈ જાય છે. સ્વભાવિક કર્મક્ષય તે અકામ નિર્જરા છે.**

## ૧.૪ કર્મવાદ

ભારતીય તત્વચિંતનમાં કર્મવાદ કે કર્મસિદ્ધાંત અત્યંત મહત્વપૂર્ણ સિદ્ધાંત છે. ચાર્વાક દર્શન સિવાય સર્વ ભારતીય દર્શનો 'કર્મવાદ' સ્વીકારે છે. જૈનદર્શન કર્મ - સિદ્ધાંતનું સુવ્યવસ્થિત, સુસંબદ્ધ અને સર્વાંગપૂર્ણ નિરૂપણ કરે છે. જૈન સાહિત્યમાં આચારાંગ સૂત્ર, સ્થાનાંગ સૂત્ર, સમવયાંગ સૂત્ર, વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર) અને ઉત્તરાધ્યયન સુત્રમાં આ સિદ્ધાંત અંગે વિશેષ સામગ્રી પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત અનેક આગમેતર સ્વતંત્ર ગ્રંથ કર્મવાદ ઉપર ઉપલબ્ધ છે. જૈનકર્મવા આલસ્યવાદ કે નિરૂદ્યમવાદ નથી, પણ યોગ્ય ઉદ્યમ અને પ્રગતિગામી પ્રયત્નને અવકાશ આપતો ઉપયોગી સિદ્ધાંત છે.[૧૫]

જીવાત્માઓ પ્રતિક્ષણ જાગતા કે ઉંઘમાં, મન-વચન-કાયાનાં યોગ અને અધ્યવસાયથી જે જે શુભ - અશુભ કર્મો કરે છે. તે તે પ્રમાણે કાર્મણ વર્ગણાનાં પુદ્દગલ-પરમાણુઓને પોતાના આત્મા પ્રતિ આકર્ષે છે. કર્મો ઉદયમાં આવી જ્યારે ભોગવાય છે. ત્યારે આત્માને ચોંટેલા તે પુદ્દગલો ખરી પડે છે. આત્મા જ્યારે એક દેહ છોડી બીજો દેહ ધારણ કરે છે. ત્યારે બાકીનાં કર્મ પુદ્દગલ-પરમાણુઓને સાથે લઈ જાય છે, આમ નવા કર્મો બંધાવાની અને જૂના કર્મોનો ક્ષય થવાની પ્રક્રિયા નિરંતર જન્મ - જન્માંતર ચાલ્યા જ કરે છે. કર્મો આઠ પ્રકારના છે. અને આઠેય કર્મો પુરુષાર્થ દ્વારા સંપૂર્ણ કર્મક્ષય થાય છે. ત્યારે આત્મા મુક્તિપદ પામે છે મોક્ષમુક્તિ પછી આત્માને ફરી દેહ ધારણ કરવાનું રહેતું નથી.

**તે આઠ કર્મો નીચે પ્રમાણે છે :**

**आद्यो ज्ञान – दर्शनावरण – वेदनीय – मोहनीयायुष्क – नाम – गोत्रान्तरायाः ।[१६]**

| | |
|---|---|
| (૧) જ્ઞાનાવરણીય કર્મ | (૨) દર્શનાવરણીય કર્મ |
| (૩) વેદનીય કર્મ | (૪) મોહનીય કર્મ |
| (૫) આયુષ્ય કર્મ | (૬) નામ કર્મ |
| (૭) ગોત્ર કર્મ | (૮) અંતરાય કર્મ |

## ૧.૫ અનેકાંતવાદ

અનેકાંતવાદ એ જૈનદર્શનનો એક મહત્વનો સિદ્ધાંત છે. અનેકાંતવાદ એટલે અનેક દ્રષ્ટિબિંદુથી કથન. અનેકાંતવાદ પદાર્થની અનેકાત્મકતા અભિવ્યક્તિ છે. પ્રત્યેક પદાર્થ અનંત લક્ષણ યુક્ત છે. કોઈપણ વસ્તુનાં અનેક અંત એટલે કે ગુણધર્મ હોય છે. વસ્તુનાં પ્રત્યેક ધર્મને, ગુણને, અંતને પુરી રીતે તપાસી તેમાંથી સમગ્રપણે સત્ય તારવવું તે અનેકાંતવાદ. કોઈપણ વિષય, વિચાર, વસ્તુ, પરિસ્થિતિ ઈત્યાદિને વધુમાં વધુ ઉંડાણથી તપાસવાં અને તેમાં દેખાતા પરસ્પર વિરોધી એવા તત્વોનો સમન્વય કરીને તેમાંથી સત્ય તારવવું તે અનેકાંતવાદ. સત્ય એક છે. પરંતુ તેના સ્વરૂપ અનંત હોઈ શકે છે. સ્વરૂપોનું જુદી જુદી અપેક્ષાએ દર્શન કરવું તે અનેકાંતવાદ.

અનેકાંતવાદ માટેનો પારિભાષિક શબ્દ છે. 'સ્યાદ્વાદ'. સ્યાત એટલે કથંચિત્, કેટલુંક જાણવા મળ્યું છે. પરંતુ ઘણું જાણવાનું બાકી છે. અનેકાંતવાદ સિદ્ધાંત છે. અને એ સિદ્ધાંતને અમલમાં મુકવાની રીત, પદ્ધતિ કે શૈલી તે સ્યાદ્વાદ છે.[૧૭]

અનેકાંતવાદ ને જીવનમાં ઉતારવાથી રાગદ્વેષ ઘટે છે. વિસંવાદ દૂર થાય છે, કલેશ ઓછો થાય છે. સમભાવ જન્મે છે. મિત્રતા વિકસે છે. અને સંવાદ-શાંતિ સ્થપાય છે. આથી, જ કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં સમાધાન, શાંતિ અને સંવાદ સ્થાપવા માટે અનેકાંતવાદ ઉત્તમ ફાળો આપી શકે છે.

## ૧.૬ મોક્ષમાર્ગ

મોક્ષ એટલે સર્વથા કર્મ-બંધનથી મુક્તિ.

સર્વથા કર્મના બંધનથી મુક્ત થઈને પોતાના શુદ્ધ આત્માસ્વરૂપમાં સ્થિર થવું તેનું નામ મોક્ષ. મોક્ષના સાક્ષીરૂપ ઉત્તરાધ્યયન સૂત્રનો શ્લોક :

> अत्थि एवं ध्रुवं ठाणं, लोग्गम्मि दुशरुह ।
> जत्थ नत्थि जरा मच्चु, वाहिणो वेचचूणा तहा ।। -અધ્યયન ૧૨.

ગાથાર્થ : 'આ લોકમાં એક જ ધ્રુવસ્થાન છે. ચઢવું કઠીન છે. જ્યાં જરા, મૃત્યુ, વ્યાધિ, વેદના નથી.' આ મોક્ષમાર્ગનો પાયો છે સમ્યકત્વ. 'સમ્યકત્વ' અર્થાત આત્માની સુંદરતા, સારાપણું, સાચાપણું. તત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે -

'सम्यगदर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः ।' (સૂત્ર-૧.૧) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક ચારિત્ર મોક્ષમાર્ગ છે. રત્નત્રય એ આત્માના જ મૂળ ગુણો છે અને એ ગુણોનો ઉત્કૃષ્ટ વિકાસ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ ગુણો પરસ્પર સંબદ્ધ છે. અને એમાંથી કોઈપણ એકનો વિકાસ અધૂરો હોય ત્યાં સુધી આધ્યાત્મિક સાધના પરિપૂર્ણ થતી નથી.

**સમ્યગ્ દર્શન :**

**ઉમાસ્વાતિજી સમ્યગ્દર્શનની વ્યાખ્યા આપતા કહે છે કે तत्वार्थश्रध्धानं सम्यग्दर्शनम्।(सूत्र-१.२) સમ્યગદર્શન એટલે દેવ, ગુરૂ અને ધર્મમાં સાચી શ્રદ્ધા, સાચી રુચિ જીવાદિ તત્વોને એનાં મૂળ સ્વરૂપમાં સમજવા અને તેમાં શ્રદ્ધા રાખવી.**

**સમ્યક્ જ્ઞાન :**

**નય અને પ્રમાણથી થનારું જીવાદિ નવ તત્વોનું યથાર્થ જ્ઞાન તે સમ્યગ્ જ્ઞાન.[૧૮] જ્ઞાન એ ચેતનાનું લક્ષણ છે. જ્ઞાન વડે જ આત્મા પદાર્થને જાણે છે. જ્ઞાન વડે જ આત્મા પોતાનું હિતાહિત સમજી-જાણી પાપકાર્યોથી નિવૃત્ત થતાં શુભકાર્યોમાં પ્રવૃત થાય છે. અને આત્મા વિશુદ્ધ થાય છે. અને દર્શનમાં દૃઢ થાય છે.**

**સમ્યક્ ચરિત્ર :**

તત્વજ્ઞાનનું ફળ પાપકર્મથી હઠવું એ છે સમ્યક્ચારિત્ર.[૧૯] મોક્ષ માટે સમ્યગ્જ્ઞાનની સાથે સમ્યક્ચારિત્રની આવશ્યકતા છે. ક્રિયાવિહીન જ્ઞાન કે અજ્ઞાનીઓની ક્રિયા વ્યર્થ છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનાં વિના મોક્ષપ્રાપ્તિ અશક્ય છે.

તપ, ત્યાગ, સંયમ અને શીલરૂપી ચારિત્રનું પાલન કરવા માટે જૈનદર્શનમાં આચાર ધર્મનું મહત્વ દર્શાવ્યું છે. આ આચારધર્મ બે વિભાગમાં વિભાજીત છે. જેનું વર્ણન આગળનાં એકમમાં કરવામાં આવ્યું છે.

## ૧.૭ શ્રમણાચાર

સમ્યક્ ચારિત્રના પાલન માટે જે વિધિ નિયમોનું પાલન કરાય તે આચાર છે. आचारो प्रथमो धर्मः । સાધકની સાધ્ય સિદ્ધિ આચારથી જ થાય છે. તેથી આચાર તે સાધુજીવનનો પ્રાણ છે. ધર્મના પ્રયોજનભૂત મોક્ષની જ કામના કરનાર નિર્ગ્રંથ શ્રમણાચારનાં પાંચ મહાવ્રત આ પ્રમાણે છે. મહાવ્રતનું પાલન એ શ્રમણજીવનની સાધના છે. કારણ કે તેઓ હિંસા વગરેના પૂર્ણતઃ ત્યાગી હોય છે.

**(૧) પ્રાણાતિપાત વિરમણ વ્રત (અહિંસા મહાવ્રત) :**

જૈનદર્શન પ્રમાણે આત્મતત્વની દ્રષ્ટિએ બધા જીવો સમાન છે. જ્યારે જૈન સાધુ-સાધ્વીઓ અહિંસાવ્રત લે છે. ત્યારે તેઓ જીવકાયની હિંસાનો સંપૂર્ણ ત્યાગ કરે છે. અહિંસાના સ્વરૂપને સમજીને શ્રમણ જાણતા-અજાણતા બંને પ્રકારની હિંસાનો ત્યાગ કરે છે. જાણતા એટલે સંકલ્પપૂર્વકનો હિંસાત્યાગ. અજાણતા એટલે અયતના, અવિવેકથી પણ હિંસા-ત્યાગ.

**(૨) સર્વવિરત મૃષાવાદ વિરમણ વ્રત (સત્ય મહાવ્રત) :**

સર્વવિરત શ્રમણ મૃષાવાદ-અસત્યનો પણ ત્યાગ કરે છે. તેઓ ક્રોધ, ભય, માન, માયા, લોભ, હાસ્ય[૨૦] વગેરે કોઈપણ કારણથી અસત્યનો સર્વથા ત્યાગ કરે છે.

**(૩) સર્વવિરત અદત્તાદાન વિરમણ વ્રત (અસ્તેય મહાવ્રત)**

આ વ્રતયુક્ત શ્રમણ કોઈપણ નહિ આપેલ વસ્તુને ગ્રહણ કરતા નથી. તેઓ અનુમતિ વિના એક તૃણને ઉઠાવવાને પણ ચોરી માને છે. ભિક્ષામાં પણ પોતાની જરૂરિયાત કરતાં વધારે વસ્તુ લેવી એ પણ વ્રતનાં ભંગ સમાન માને છે.[૫૧]

**(૪) સર્વવિરત મૈથુન વિરમણ વ્રત (બ્રહ્મચર્ય મહાવ્રત)**

શ્રમણ માટે મૈથુનનો સંપૂર્ણ ત્યાગ અનિવાર્ય છે. તેઓ મન-વચન-કાયાથી શુદ્ધ અને સંપૂર્ણ પાલન કરે છે. અબ્રહ્મચર્યમાં જીવહિંસા રહેલી છે. એટલું જ નહિ, આત્મોન્નતિમાં તે બાધક છે. હિંસાદિ દોષો અને કલહ-સંઘર્ષ-વિગ્રહનો જન્મ થાય છે. આ બધું સમજીને નિગ્રંથ મુનિ મૈથુનનો સર્વથા ત્યાગ કરે છે.[૫૨]

**(૫) અપરિગ્રહ મહાવ્રત :**

સર્વવિરત શ્રમણ માટે સર્વ પરિગ્રહ વિરમણ પણ અનિવાર્ય છે. કોઈપણ વસ્તુનો મમત્વમૂલક સંગ્રહ પરિગ્રહ છે. શ્રમણ પૂર્ણપણે અનાસક્ત અને અકિંચન હોય છે. એટલું જ નહિ, તે પોતાના શરીર ઉપર પણ મમત્વ રાખતા નથી. મમત્વ અથવા આસક્તિ આંતરિક ગ્રંથિ છે. જે સાધન આ ગ્રંથિનું છેદન કરે છે તે નિર્ગ્રંથ મુનિ કહેવાય છે.

**(૬) રાત્રિભોજન ત્યાગ :**

સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાં અર્થાત્ રાત્રિ દરમ્યાન શ્રમણ સર્વ પ્રકારનાં આહારનો પૂર્ણપણે ત્યાગ કરે છે તેને રાત્રિભોજન વિરમણ વ્રત કહે છે. દશવૈકાલિક સૂત્રના ષડજીવનિકાય નામના ચોથા અધ્યયનમાં પાંચ મહાવ્રતોની સાથે રાત્રિભોજન વિરમણનું પ્રતિપાદન છે. અને તેને છઠ્ઠું વ્રત કહ્યું છે. સર્વવિરતિ શ્રમણ પંચમહાવ્રતોનાં પાલન ઉપરાંત પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાવીસ પરિષહ, બાર ભાવના, દસ યતિધર્મ ઈત્યાદિનું પાલન કરે છે.

**આગમગ્રંથોમાં રાત્રિભોજન ત્યાગનું વિશદ વર્ણન પરિશિષ્ટ-૧માં આપવામાં આવેલ છે.[૫૩]**

## ૧.૮ શ્રાવકાચાર : દેશવિરતિ ચારિત્ર આચાર

જૈન આચારશાસ્ત્રમાં વ્રતધારી ગૃહસ્થ શ્રાવક, ઉપાસક, અણુવ્રતી, દેશવિરત, સાગાર આદિ નામે ઓળખાય છે. તે શ્રદ્ધાપૂર્વક પોતાના ગુરુજનો અર્થાત્ શ્રમણો પાસેથી નિગ્રંથ પ્રવચનનું શ્રમણ કરે છે.




પાંચ મહાવ્રતોનું શ્રમણો જેટલું કઠીન પાલન કરી શકે તેટલું કઠીન પાલન ગૃહસ્થશ્રાવકો કરી શકે નહી. એ મહાવ્રતોના પાલનમાં થોડીક છૂટ મુકવામાં આવી છે. તેથી ગૃહસ્થે પાળવાનાં એ પાંચ વ્રતો 'અણુવ્રતો' તરીકે ઓળખાય છે. એ પાંચ અણુવ્રતો ઉપરાંત શ્રાવકે ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રત એમ બાર વ્રતોનું પાલન કરવાનું હોય છે.




ત્રણ ગુણવ્રતો

આચાર્ય સામંતભદ્રજી ત્રણ ગુણવ્રતોનો ઉલ્લેખ કરે છે. જે આ વ્રતો અણુવ્રત પાલનમાં સહાયરૂપ થવા માટેના પૂરક વ્રતો છે.[૨૩]




(૧) દિગ્ પરિમાણ વ્રત :

વેપાર, વ્યવહાર, ઈત્યાદિ માટે પ્રવાસ કરવાનો હોય તો જુદી જુદી દિશામાં કેટલી હદ સુધી જવું તેની મર્યાદા બાંધી લેવી.

(૨) ભોગ-ઉપભોગ પરિમાણ વ્રત :

ધન, ધાન્ય, ઘર, જમીન, ખેતર, પશુ, નોકર, ચીજવસ્તુઓ ઈત્યાદિ ભોગ - ઉપભોગ વસ્તુનાં ઉપયોગનું પ્રમાણ નક્કી કરી લેવું.

**(૩) અનર્થ - દંડ વિરમણ વ્રત :**

**અનર્થદંડ અર્થાત્ નિરર્થક પાપપૂર્ણ પ્રવૃત્તિઓથી નિવૃત્ત રહેવું. તે ત્રીજું ગુણવ્રત છે. કોઈને શસ્ત્રો આપવા, પ્રાણીઓ લડાવવા, ઈત્યાદિ કાર્યો જેમાં સ્થૂલ - સૂક્ષ્મ હિંસા રહેલી હોય તેવા અનાવશ્યક કાર્યો ન કરવા.**

## ચાર શિક્ષાવ્રત :

**શિક્ષાનો અર્થ છે અભ્યાસ. શ્રાવકને કેટલાક વ્રતોનો પુનઃ પુનઃ અભ્યાસ કરવાનો હોય છે. અણુવ્રત અને ગુણવ્રત એક જ વાર ગ્રહણ કરવામાં આવે છે. જ્યારે શિક્ષાવ્રત વારંવાર ગ્રહણ કરવામાં આવે છે. શિક્ષાવ્રત ચાર છે.**[૪]




**(૧) સામયિક વ્રત :**

શુદ્ધ થઈને ૪૮ મિનિટમાં નિશ્ચિત સમય માટે એક આસન પર બેસીને સર્વ પાપક્રિયાઓ નો ત્યાગ કરી તથા ઈન્દ્રિયોને મનને સંયમમાં રાખી પરમાત્માનું ધ્યાન ધરતાં ધરતાં કે સ્વાધ્યાય કરતાં કરતાં શુદ્ધ સમાધિભાવમાં પ્રવેશવાનું વ્રત છે. સામયિક કરનાર ગૃહસ્થ એટલો સમય સાધુ સમાન ગણાય છે.

**(૨) દેશાવગાસિક વ્રત :**

અન્ય વ્રતોમાં જે મર્યાદા બાંધી હોય તેમાં પણ જ્યાં અસંયમ જણાતો હોય ત્યાં સંયમમાં રહેવા માટે એ મર્યાદાઓ ક્રમે ક્રમે ઓછી કરતાં જવું એ માટે આ વ્રત છે.

**(૩) પૌષધ વ્રત :**

વિશેષ નિયમપૂર્વક ઉપવાસ કરવા એટલે કે આત્મચિંતન માટે બધી સાવદ્ય ક્રિયાઓનો ત્યાગ કરી શાન્તિપૂર્ણ સ્થાને બેસીને ઉપવાસપૂર્વક, ધાર્મિક ક્રિયાઓમાં રત્ત રહી સાધુ જેવું જીવન અંગીકાર કરવાનું હોય છે.

**(૪) અતિથિ સંવિભાગ વ્રત :**

સાધુ અને સાધ્વી અને અન્ય સંયમીઓને અન્ન, વસ્ત્ર ઈત્યાદિનું શ્રદ્ધાપૂર્વક પરમ ભક્તિથી દાન આપવું તે આ વ્રત.

શ્રમણો અને શ્રાવકોએ પોતાનાં વ્રતનું પાલન મન, વચન અને કાયાથી કરવાનું હોય છે. વળી કરવું, કરાવવું અને અનુમોદવું એ રીતે પણ આ વ્રત પાળવાનું હોય છે. પરમ તત્વને પામવા માટે, કર્મનો સર્વથા ક્ષય કરવા માટે અનેક ઉપાયો જૈનદર્શનમાં દર્શાવેલ છે. તેમાનું એક સર્વોત્કૃષ્ટ ઉપાય તે યોગ છે. જે મનુષ્યને જીવમાંથી શિવ બનાવે છે. આત્મામાંથી પરમાત્મા બનાવે છે. આ યોગનું જૈન સાહિત્યમાં શું સ્થાન છે તે પ્રકરણ-૨માં દર્શાવેલ છે.

# પાદટીપ

(૧) ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યાય ૨/૧, સંપાદિકા : પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી.
(૨) જૈનધર્મ, લેખક : રમણલાલ ચી. શાહ, સંપાદક : વાડીલાલ ડગલી, પૃ.-૩
(૩) જૈનધર્મ દર્શન, લેખક : ડૉ. મોહનલાલ મહેતા, અનુવાદક : ડૉ. નગીન જી. શાહ, પૃ.-૭૫
(૪) તત્વાર્થસૂત્ર, અધ્યાય ૨/૨૯.
(૫) ઉત્તરાધ્યયન સૂત્ર, ભાગ-૨, સંપાદિકા : પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી. પૃ.-૧૩૮
(૬) તત્વાર્થસૂત્ર, અધ્યાય ૫/૩૦.
(૭) એજન, ૫/૩૮.
(૮) એજન, એજન
(૯) જૈનદર્શન, લેખક : પ્રા. ઝવેરીલાલ વિઠ્ઠલદાસ કોઠારી, પૃ.-૮૩
(૧૦) ઉત્તરાધ્યયન સૂત્ર, ભાગ-૨, સંપાદિકા : પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી. પૃ.-૧૩૮
(૧૧) એજન, એજન પૃ.-૧૩૯
(૧૨) જૈનદર્શન, લેખક : પ્રા. ઝવેરીલાલ વિઠ્ઠલદાસ કોઠારી, પૃ.-૧૩૪
(૧૩) એજન, એજન પૃ.-૧૩૫
(૧૪) એજન, એજન પૃ.-૧૩૮
(૧૫) એજન, એજન પૃ.-૩૦૪
(૧૬) તત્વાર્થસૂત્ર, ઉમાસ્વામીવિરચિત.
(૧૭) જૈનધર્મ પરિચય પુસ્તિકા, પુસ્તિકાર પ્રવૃત્તિ : રમણલાલ ચી. શાહ, પૃ.-૨૯
(૧૮) જૈનદર્શન, લેખક : પ્રા. ઝવેરીલાલ વિઠ્ઠલદાસ કોઠારી, પૃ.-૩૨૦
(૧૯) જૈનદર્શન, ખંડ પહેલો અને બીજો, લેખક : મુનિ ન્યાયવિજયજી, પૃ.-૫૪
(૨૦) દશવૈકાલિક સૂત્ર, સંપાદિકા : પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી., અધ્યયન-૬.૧૨, પૃ.-૨૫૦
(૨૧) જૈનધર્મ પરિચય પુસ્તિકા, પુસ્તિકાર પ્રવૃત્તિ : રમણલાલ ચી. શાહ, પૃ.-૧૮
(૨૨) શ્રી દશવૈકાલિક સૂત્ર, સંપાદિકા - પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી.
(૨૩) શ્રી દશવૈકાલિક સૂત્ર, અધ્યાય-૬/૧૬-૧૭, સંપાદિકા : પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી.
(૨૪) જૈનદર્શન, લેખક : પ્રા. ઝવેરીલાલ વિઠ્ઠલદાસ કોઠારી, પૃ.-૨૬૮

# પ્રકરણ-૨

# જૈન સાહિત્યમાં યોગ

૨.૧ 'યોગ' શબ્દનો અર્થ અને યોગનું લક્ષણ
૨.૨ આગમયુગમાં યોગ (ઈ.સ. પૂર્વ ૬ઠ્ઠી થી ઈ.સ.ની ૭મી સદી સુધી)
૨.૩ મધ્યયુગમાં યોગ (ઈ.સ. ૮મી સદીથી ૧૪મી સદી)
૨.૪ અર્વાચીન યુગમાં યોગ (ઈ.સ. ૧૫મી સદીથી વર્તમાન સમય)
૨.૫ યોગનાં ભેદ-પ્રભેદ
૨.૬ યોગીઓના પ્રકાર

# પ્રકરણ-૨ : જૈન સાહિત્યમાં યોગ

જૈનદર્શનમાં વિશ્વનો પ્રત્યેક આત્મા અનંત તેમજ અપરિમિત શક્તિઓનો પ્રકાશ પુંજ છે. જેમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય અંતર્નિહિત છે. આત્મા પોતે જ જ્ઞાનવાન છે, જ્યોર્તિમય છે, શક્તિ સંપન્ન છે, મહાન છે. તેમાં યોગસ્થિરતાનો અભાવ અસફળતાનું મૂળ કારણ છે. આ અંગત શક્તિઓને અનાવૃત કરવા, પોતાનાં લક્ષ્ય સુધી પહોંચવા માટે મન - વચન - કર્મમાં એકરૂપતા, એકાગ્રતા, તન્મયતા તેમજ સ્થિરતા આવશ્યક છે. અને આ આત્મચિંતનમાં સ્થિરતા લાવવાનું નામ જ 'યોગ' છે. ડૉ. સી. ડી. શર્મા તેમની ઈન્ડીઅન ફીલોસોફીમાં જણાવે છે કે, 'The word 'Yoga' literally means 'union'.[1] આત્મવિકાસ માટે યોગ એક પ્રમુખ સાધના છે.

## ૨.૧ 'યોગ' શબ્દનો અર્થ અને યોગનું લક્ષણ

'યોગ' શબ્દ युज ધાતુ અને ઘજ પ્રત્યયથી બન્યો છે. સંસ્કૃત વ્યાકરણમાં 'युज' ધાતુનાં બે અર્થ છે. અર્થાત મન-વચન-કાયાનો વ્યાપાર-પ્રવૃત્તિ તે યોગ. આ અર્થ પ્રમાણે સારી કે ખરાબ પ્રવૃત્તિને યોગ કહે છે. આ યોગ પ્રવૃત્તિરૂપ હોવાથી બંધનું કારણ બને છે.

युज અર્થાત્ : જોડવું, સંયોજિત કરવું, 'युजुपी योगे ।'

युज અર્થાત્ : સમાધિ, મનની સ્થિરતા. 'युजिंच समाधि ।'[2]

આજ અર્થને પાતાંજલ યોગસૂત્ર-૧નાં ભાષ્યમાં જરા જુદી રીતે સ્પષ્ટ કર્યો છે. જે બાહ્ય અને અભ્યંતર એમ બંને પ્રકારની સમાધિ પ્રાપ્ત થવી તે યોગ છે.

ભારતીય યોગદર્શનમાં 'યોગ' શબ્દનો બંને અર્થમાં પ્રયોગ થયો છે. તે ઉપરાંત ભિન્ન ભિન્ન સંદર્ભમાં ભિન્ન ભિન્ન અર્થમાં પણ 'યોગ' શબ્દપ્રયોગ છે. આચાર્ય હરિભદ્રસુરિજી જેઓને જૈનપરંપરામાં યોગ વિષયક અવધારણાને પરમાર્જિત કરવાનું શ્રેય જાય છે. તેઓ પોતાનાં યોગ વિષયક ગ્રંથોમાં 'मुक्खेण योजनाद् जोगो ।'[3] અર્થાત્ 'મોક્ષની સાથે જોડે તે યોગ'.

આ યોગની પ્રચલિત વ્યાખ્યાનાં આધારે યોગનું લક્ષણ બતાવતાં કહે છે કે, 'પરિશુધ્ધ ધર્મવ્યાપાર આત્માને મોક્ષની સાથે જોડતો હોવાથી તે 'પરિશુધ્ધ ધર્મવ્યાપાર' તે યોગ છે.' અહીં પરિશુદ્ધ એવા વિશેષણ થી વિશિષ્ટ ધર્મવ્યાપારને યોગ તરીકે ઓળખાવ્યો છે.

આ પરિશુધ્ધ પદની વ્યાખ્યા કરતાં સૂરિજી 'ષોડશક ગ્રંથ'નાં આધારે પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિધ્ધિ અને વિનિયોગરૂપ આશયપંચકનું વિશદ વર્ણન કરીને આ આશયપંચક એ પાંચ શુભાશયથી પરિશુધ્ધ બનેલ ધર્મવ્યાપાર તે યોગ છે.[4] તેમ સિધ્ધ કરીને આવો યોગ શુધ્ધિ સાથે સાધક આત્માનું મોક્ષ સાથે ચોક્કસ જોડાણ કરી આપે છે. તેમ સિધ્ધ કરી બતાવ્યું છે.

૧૦મી 'યોગલક્ષણ બત્રીસી' માં પૂ. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ યોગનું લક્ષણ બતાવતાં કહ્યું કે, 'मोक्षमुख्यहेतुव्यापारः'[૫] મોક્ષનાં મુખ્ય હેતુનો વ્યાપાર તે 'યોગ' છે. આમ મોક્ષનાં મુખ્ય કારણરૂપ બનતો આત્મવ્યાપાર તે યોગનું લક્ષણ છે.

## ૨.૨ આગમયુગમાં યોગ (ઈ.સ. પૂર્વ ૬ઠ્ઠી થી ઈ.સ.ની ૭મી સદી સુધી)

જૈનયોગની પરંપરા તેમજ વિકાસક્રમ જાણવા માટે જૈનયોગ સંબંધી ઈતિહાસ જાણવો જરૂરી છે. જે આગમગયુગ, મધ્યયુગ અને અર્વાચીનયુગ તેમ ત્રણ ભાગમાં વિભાજિત કરવામાં આવે છે.

આગમયુગમાં મુખ્યત્વે તપ અને ધ્યાન ઉપર જ આધ્યાત્મિક સાધના અવલંબિત હતી. જૈનાગમોમાં 'યોગસાધના' ના અર્થમાં 'ધ્યાન' શબ્દ પ્રયુક્ત છે. જેનું વિસ્તૃત વર્ણન આગળનાં પ્રકરણમાં આપવામાં આવેલ છે. આગમો ઉપરાંત નિર્યુક્તિ, ચૂર્ણિ તેમજ ભાષ્યોમાં પણ આગમ સંમત યોગસાધનાનું વિસ્તૃત વર્ણન છે. જેમાં વિશેષથી આવશ્યક નિર્યુક્તિ, વિશેષાવશ્યક ભાષ્ય તેમજ આવશ્યક સૂત્રવૃત્તિમાં પણ ધ્યાનનું સ્વરૂપ, લક્ષણો, ભેદ - પ્રભેદ તેમજ સાધનાનું વિસ્તૃત વર્ણન છે.

આ યુગમાં આગમ ઉપરાંત અનેક મહાન આચાર્યોએ અનેક યોગ વિષયક ગ્રંથોની રચના કરેલ છે. જેમાં ઈ.સ.ની પહેલી સદીમાં દિગંબર પરંપરાનાં આચાર્ય કુંદકુંદ સ્વામીએ પ્રવચનસાર, સમયસાર, નિયમસાર, અષ્ટપાહુડ વગેરે અધ્યાત્મગ્રંથોની રચના કરી જેમાં સાધનાનાં નવા ક્ષેત્ર અંતર્ગત ૫૦૩ ગાથાનો 'અષ્ટપાદુડ ગ્રંથ'માં મોક્ષપ્રાભૃત પ્રકરણમાં ૧૦૬ ગાથાઓ દ્વારા 'ધ્યાન' તેમજ 'યોગ' નું વર્ણન મળે છે.[૭]

ઈ.સ.ની બીજી સદીમાં જૈનપરંપરામાં સંસ્કૃત ભાષામાં ગ્રંથરચનાઓમાં સર્વપ્રથમ આચાર્ય ઉમાસ્વાતિજી રચિત 'તત્વાર્થ સૂત્ર' માં જૈન મોક્ષમાર્ગ સંબંધિત તત્વચિંતન છે. યોગ નિરૂપણમાં પણ પ્રાયઃ સમ્યક ચારિત્રનું તત્વચિંતન છે.[૮]

ઈ.સ.ની ૫મી ૬ઠ્ઠી સદીમાં પૂજ્યપાદ દેવનંદીજી જેઓ મૂલસંઘમાં નંદીસંઘનાં પ્રમુખ આચાર્ય હતા. તેઓએ 'ઈષ્ટોપદેશ' અને 'સમાધિ શતક' જેવા યોગવિષયક ગ્રંથોની રચના કરી. ઈષ્ટોપદેશની ગાથા ૫૧માં યોગ સાધકની એ ભાવનાઓ જેમાં સાધક એકાગ્ર ચિત્તમાં લીન બની જાય છે તેનું નિરૂપણ છે. ગાથા - ૪૭માં 'યોગી વ્યવહારથી દૂર રહી આત્માનુષ્ઠાન માં સ્થિર થઈને પરમાનંદને પામે છે' તેનું વર્ણન છે.[૯]

ઈ.સ.ની ૬ઠ્ઠી - ૭મી સદીમાં યોગીન્દુ દેવએ અપભ્રંશ ભાષાગ્રંથોની રચના કરી, તેમની યોગવિષયક પ્રસિધ્ધ રચના 'પરમાત્મા પ્રકાશ' અને 'યોગસાર'માં આચાર્ય કુદકુંદદેવકૃત મોક્ષપ્રાભૃત અનુસાર આત્માનાં ત્રિવિધ સ્વરૂપો બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માને દર્શાવી કહે છે કે, 'શુધ્ધ આત્માનું મનન જ મોક્ષમાર્ગ છે તે સાથે આત્મા સંબંધી ધ્યાનમાં ચાર પ્રકાર વર્ણવતા જણાવે છે કે, 'હે જીવ ! જિનેન્દ્ર દ્વારા વર્ણવાયેલા પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ધ્યાનને તું સમજ. જેનાથી આત્મા શીઘ્ર પરમ પવિત્ર બની શકે''[૧૦]

## ૨.૩ મધ્યયુગમાં યોગ (ઈ.સ. ૮મી સદીથી ૧૪મી સદી)

મધ્યકાલથી તુલનાત્મક અધ્યયનનો પ્રારંભ થયો. વૈદિક અને બૌધ્ધયોગની સાથે સમન્વય સાથે પોતાની વિશિષ્ટતા દર્શાવવી એ મધ્યમયુગમાં જૈનાચાર્યોની વિશિષ્ટતા રહી તે સાથે પારિભાષિક તેમજ સમાંતર શબ્દપ્રયોગ પણ આ જ યુગમાં થયો હતો. આ સમય દરમ્યાન રચાયેલ જૈનયોગ સાહિત્યનું સંક્ષિપ્ત વિવરણ આ પ્રમાણે છે.

ઈ.સ. ૮મી સદીમાં વૈદિક તેમજ બૌધ્ધ સાહિત્યમાં વર્ણિત યોગ પધ્ધતિઓ તેમજ પરકિભાષાઓને જૈનપધ્ધતિથી સમન્વય સ્થાપિત કરી જૈનયોગ પરંપરામાં એક નવી દિશા પ્રદાન કરનાર મહાન વિભુતિ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ સમસ્ત સંસારી જીવોને પાપ - અજ્ઞાન - દુઃખમય જીવનથી મુક્તિ માટે આચાર, ન્યાય, તર્ક, અનેકાન્ત, યોગ, કથા, સ્તુતિ તથા જ્યોતિષ વગેરે અનેક વિષયો પર મૌલિક ગ્રંથોની રચના કરી. જૈન આગમગ્રંથો ઉપર સંસ્કૃતમાં વૃત્તિ લખવાનું કાર્યની પણ શરૂઆત કરી. તેમનું સંસ્કૃત - પ્રાકૃત બંને ભાષામાં ગદ્ય - પદ્ય ગ્રંથોની રચના કરી.[૧૧]

ઈ.સ. ૮-૯મી સદીમાં આચાર્ય ગણભદ્રજી કૃત 'આત્માનુશાસન'માં મનને બાહ્ય વિષયોથી હટાવી શુધ્ધ આત્મસ્વરૂપ તરફ મોક્ષસુખનાં કારણરૂપ રત્નત્રયની આરાધનાનું વર્ણન છે.[૧૨]

ઈ.સ.ની ૧૦મી સદીમાં દિગંબર પરંપરાનાં આચાર્ય અમિતગતિએ 'સુભાષિત રત્ન સંદોહ', યોગસાર પ્રાભૃતમાં નૈતિક તેમજ આધ્યાત્મિક ઉપદેશ સાથે શ્રમણ તેજમ શ્રાવકનાં વ્રત, ધ્યાન, ચારિત્રનું વિસ્તૃત વર્ણન કરેલ છે.

ઈ.સ.ની ૧૧મી સદીમાં જૈનાચાર તેમજ યોગનું વિસ્તૃત વર્ણન કરનારો ગ્રંથ આચાર્ય શુભચંદ્ર કૃત 'જ્ઞાનાર્ણવ' છે. ૪૨ સર્ગનાં ગ્રંથમાં ૨૦૦૦ શ્લોક છે. જેમાં સર્ગ ૨૯ થી ૪૨ સુધી પ્રાણાયામ તથા ધ્યાનનું વિસ્તૃત વર્ણન છે.[૧૩]

ઈ.સ.ની ૧૧-૧૨મી સદીમાં કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રાચાર્ય થઈ ગયા. તેઓએ અનેકગ્રંથોની રચના કરી હતી. તે સમયનાં રાજા કુમારપાળ હંમેશા સ્વાધ્યાય કરે તે હેતુથી 'યોગશાસ્ત્ર'ની રચના કરી જેમાં ૧૨ પ્રકાશ અંતર્ગત ગૃહસ્થ ધર્મનાં નિરૂપણ સાથે પ્રાણાયામ, ધ્યાન, મંત્ર, જપ વગેરેનું વિસ્તૃત અને સ્પષ્ટ નિરૂપણ છે. આ ગ્રંથની વિશેષતા એ છે કે જૈનયોગનાં નિરુપણ સાથે પાતાંજલ યોગદર્શનમાં નિર્દિષ્ટ 'પરકાય પ્રવેશ' તથા 'યોગસિધ્ધિ' વગેરેનું સુંદર વિસ્તૃત વર્ણન છે. તેમાં સમ્યક્જ્ઞાન, શ્રધ્ધા અને ચારિત્રરૂપ ત્રણ રત્નોને યોગ કહે છે.[૧૪]

આ ઉપરાંત ૧૨, ૧૩ અને ૧૪મી સદીમાં પણ પંડીત આશાધરજી - અધ્યાત્મ રહસ્ય, શ્રી રત્નશેખરસૂરિજી - યોગદીપન, અજ્ઞાતકર્તા - યોગપ્રદીપ વગેરે અનેક આચાર્યોએ ધ્યાન અને યોગવિષયક ગ્રંથોની રચના કરી હતી.

## ૨.૪ અર્વાચીન યુગમાં યોગ (ઈ.સ. ૧૫મી સદીથી વર્તમાન સમય)

**અર્વાચીન યુગમાં આગમકાળ તેમજ મધ્યકાળમાં પ્રચલિત પરંપરાને ધ્યાનમાં રાખી 'યોગ' વિષયની અધિક સ્પષ્ટતાની શરૂઆત થઈ. જૈનાચાર્યો દ્વારા વૈદિક ગ્રંથો પર ટીકા લખવાનું કાર્ય પણ આ સમયમાં શરૂ થયું. આ સમયનાં જૈનયોગ, સાહિત્યનું વિવરણ આ પ્રમાણે છે.**

**૧૫મી સદીની કૃતિ 'અધ્યાત્મ કલ્પદ્રુમ' જેના કર્તા મુનિ સુંદરસૂરિજી છે. આ ગ્રંથમાં** મુમુક્ષુઓને મમતાનો પરિત્યાગ, કષાય વગેરેનાં નિવારણ તેમજ મનોવિજય થી વૈરાગ્ય પથનાં અનુરાગી બનવા તેમજ સમતા અને સામ્યનું સેવન કરવાનાં ઉપદેશ દ્વારા યોગનું નિરુપણ છે.

આચાર્ય ભાસ્કરનંદી (૧૬મી સદી) એ સંસ્કૃત ભાષામાં 'ધ્યાનસ્તવ' નામના ગ્રંથની રચના કરી છે. જેમાં ૧૦૦ ગાથા છે. આ કૃતિમાં પોતાના ચિત્તની એકાગ્રતા વિષેનું સુંદર વર્ણન છે.

વિ.સં. ૧૭૬૬ માં ખરતર ગચ્છનાં આચાર્યશ્રી દેવીચન્દ્રજીએ ગુજરાતમાં 'ધ્યાન દીપિકા' નામના ગ્રંથની રચના કરી. જેમાં ધ્યાનનું સ્વરૂપ, ધ્યાનનાં ભેદ - પ્રભેદ વગેરે પર વિચાર વિસ્તાર છે.

ઈ.સ.ની ૧૬મી સદીમાં કવિ રાજમલ્લ કૃત 'અધ્યાત્મ કમલ માર્તંડ'માં ૨૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત પદ્યાત્મક કૃતિ ચાર પરિચ્છેદમાં વિભક્ત છે. પ્રથમ પરિચ્છેદમાં મોક્ષ તેમજ મોક્ષમાર્ગ, દ્વિતીય પરિચ્છેદમાં દ્રવ્ય સામાન્યનાં લક્ષણ, તૃતીય પરિચ્છેદમાં દ્રવ્ય વિશેષ તથા ચતુર્થ પરિચ્છેદમાં જીવ - અજીવ સાત / નવ પદાર્થોનું નિરુપણ થયેલું છે.

ઈ.સ. ૧૬૯૬માં ભાવવિજયજી કૃત 'ધ્યાન સ્વરૂપ'ની રચના થઈ. જેમાં મુખ્યત્વે ધ્યાનનું વર્ણન છે.

ઈ.સ. ૧૬-૧૭મી સદીમાં મહોપાધ્યાય યશોવિજયજી આચાર્યનું પદાર્પણ થયું. જેઓએ યોગ વિષયક અનેક ગ્રંથોની રચના કરી અને યોગની ધારા પ્રવાહિત કરી. જેમાં 'અધ્યાત્મસાર', 'અધ્યાત્મોપનિષદ', 'દ્વાત્રિંશત દ્વાત્રિંશિકા (બત્રીસ બત્રીસી)', 'પાતાંજલ યોગસૂત્ર વૃત્તિ', 'યોગવિંશિકા ટીકા' તથા 'જ્ઞાનસાર' (અષ્ટક) વગેરે નાના-મોટા લગભગ ૫૦૦ ગ્રંથોની રચના કરી છે. ઉપાધ્યાય યશોવિજયજી પણ આચાર્ય હરિભદ્રસૂરિજી સમાન વિભિન્ન ભારતીય ધર્મ, દર્શન તેમજ યોગ - સાધનાની પરંપરાઓનાં પ્રબળ પોષક હતા. તેઓએ પ્રમાણ, પ્રમેય, નય, તર્ક, આચાર, મુક્તિ, યોગ, ભક્તિ વગેરે અનેક વિષયો પર ગ્રંથ રચના કરી છે. તેમની કૃતિઓમાં ખંડન - મંડન અને સમન્વય ત્રણેનો સમાવેશ છે.

'અધ્યાત્મ સાર' માં સાત પ્રકરણો છે જેમાં ૩૧ અધિકારોમાં કુલ ૬૪૬ શ્લોક છે. જેમાં વિવિધ ધર્મશાસ્ત્રોમાંનાં અધ્યાત્મનાં બધા વિષયોનું વર્ણન છે. પાંચમાં પ્રકરણમાં યોગ, ધ્યાન અને ધ્યાનની સ્તુતિ વર્ણિત છે.

'અધ્યાત્મોપનિષદ'માં સંસ્કૃત ભાષામાં ૨૩૧ શ્લોક છે. જેમાં વૈદિક, ન્યાયાયિક, સાંખ્ય, મીમાંસા, બૌધ્ધ તેમજ જૈનમતનાં સમન્વય પૂર્વક યોગવશિષ્ઠ તથા આચાર્ય હરિભદ્રસૂરિજીનાં ગ્રંથોનાં આધાર સાથે સ્વમતની પુષ્ટિ કરવામાં આવી છે.

'દ્વાત્રિશંતદ્વાત્રિંશિકા' ગ્રંથમાં યોગલક્ષણ, યોગવિવેક, યોગમાહાત્મ્ય વગેરે બત્રીસ વિષયોનું યથાર્થ સ્વરૂપ દર્શાવી બત્રીસ શ્લોકના વિભાજન કર્યા છે. આ કૃતિમાં મુખ્યરૂપથી પાતાંજલ યોગસૂત્ર તેમજ આચાર્ય હરિભદ્રસૂરિજીના યોગગ્રંથોની સરળ વ્યાખ્યા હોવાથી વિશેષ ઉપયોગી છે.

'પાતાંજલ યોગ સૂત્ર વૃત્તિ' આ કૃતિનો વિષય આચાર ન હોઈ ને તત્વજ્ઞાન છે. જેમાં રાજયોગ, કર્માશય, આત્મા તથા મોક્ષ વિષયક સિધ્ધાંતોની વિશદ ચર્ચા છે.

૧૮મી સદીમાં શ્રી વિનય વિજયજી એ 'શાંત સુધારસ'ની રચના કરી જે ભાવના યોગની સુંદર કૃતિ છે.

૨૦-૨૧મી સદીમાં વિ.સં. ૨૦૧૮માં આચાર્યશ્રી તુલસીએ 'મનોનુશાસનમ' નામના ગ્રંથની રચના કરી. જેમાં જૈનયોગની એક નવી શૈલીનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તેઓ 'પ્રેક્ષાધ્યાન' ના રૂપમાં જૈનયોગની એક મહત્વપૂર્ણ પદ્ધતિ રૂપે પ્રચલિત બન્યા છે.

૨૦મી સદીમાં જ આત્મારામજી મહારાજ દ્વારા 'જૈનાગમોમાં અષ્ટાંગયોગ' નામની નાની કૃતિની રચના થઈ છે. ત્યારબાદ લગભગ ૫૦ વર્ષ પછી ૧૯૮૩માં આ કૃતિનાં આધારથી 'જૈનયોગ સિધ્ધાંત અને સાધના' નામના બૃહદ ગ્રંથની રચના કરી જેમાં ખુબ સુંદર શૈલીમાં ભારતીય યોગવિદ્યામાં તુલનાત્મક ચિંતન દ્વારા જૈનયોગની વિશેષતા ઉપર પ્રકાશ પાડ્યો છે.

જૈનસાહિત્યનાં બૃહદ ઇતિહાસમાં યોગ વિષયક કેટલાંક અન્ય ગ્રંથોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત વિવેચનથી સ્પષ્ટ થાય છે કે જૈન પરંપરામાં યોગવિષયક વિપુલ સાહિત્યની રચના થઈ છે. આગમયુગથી લઈને વર્તમાન સમય સુધી એ ત્રણે સમયમાં જૈન સાહિત્યમાં યોગવિષયક ગ્રંથ રચનાઓમાં આચાર્ય હરિભદ્રસૂરીજી, આચાર્ય શુભચન્દ્રજી, આચાર્ય હેમચન્દ્રસૂરિજી તેમજ મહોપાધ્યાય યશોવિજયજી કૃત યોગગ્રંથો માત્ર જૈનસમાજમાં જ નહીં પરંતુ જૈનેત્તર સમાજમાં પણ ખુબ પ્રસિધ્ધ છે.

## ૨.૫ યોગનાં ભેદ-પ્રભેદ

યોગ એટલે મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિ અને તે પરિણતિ તરતમતાનાં ભેદથી અનેક ભેદવાળી છે. યોગનાં વિવિધ પ્રકારે અનેક ભેદોનું વર્ણન યોગબિંદુ, યોગવિંશિકા, ષોડશક, યોગદ્રષ્ટિ સમુચ્ચય, યોગશાસ્ત્ર, યોગભેદ દ્વાત્રિંશિકા વગેરે યોગગ્રંથોમાં મળે છે. જે આ પ્રમાણે છે.

**યોગભેદ દ્વાત્રિંશિકા નીચે પ્રમાણે યોગના પ્રકારોનું વર્ણન આપવામા આવેલ છે.**[૧૫]

(૧) અધ્યાત્મ યોગ (૨) ભાવનાયોગ (૩) ધ્યાન યોગ (૪) સમતાયોગ અને (૫) વૃત્તિસંક્ષય યોગ એમ પાંચ પ્રકારના યોગ છે. તે ઉપરાંત -

(૧) સ્થાનયોગ (૨) ઊર્ણયોગ (૩) અર્થયોગ (૪) આલંબનયોગ અને (૫) નિરાલંબન યોગ એમ પાંચ પ્રકારના યોગ છે. તે ઉપરાંત -

(૧) ઈચ્છા યોગ (૨) પ્રવૃત્તિયોગ (૩) સ્થૈર્ય યોગ અને (૪) સિદ્ધિયોગ એમ ચાર પ્રકારનો યોગ છે. તે ઉપરાંત -

(૧) યોગાવંચક યોગ (૨) ક્રિયાવંચક યોગ (૩) ફલાવંચક યોગ એમ ત્રણ પ્રકારના અવંચક યોગ છે તે ઉપરાંત -

(૧) ઈચ્છાયોગ (૨) શાસ્ત્રયોગ અને (૩) સામર્થ્ય યોગ એમ ત્રણ પ્રકારના યોગ છે.

(૧) જ્ઞાનયોગ (૨) દર્શનયોગ અને (૩) ચરિત્ર યોગ એમ ત્રણ પ્રકારના યોગ છે

(૧) મનયોગ (૨) વચનયોગ અને (૩) કાય યોગ એમ ત્રણ પ્રકારના યોગ છે.

**યોગભેદ દ્વાત્રિંશિકામાં આ દરેક બે પ્રકારનાં યોગના નામો નીચે પ્રમાણે છે**

| | | |
|---|---|---|
| (૧) તાત્વિક યોગ | અને | ૨) અતાત્વિક યોગ |
| (૨) સાનુબંધ યોગ | અને | ૨) નિરાનુબંધ યોગ |
| (૩) સાશ્રવ યોગ | અને | ૨) અનાશ્રવ યોગ |
| (૪) સાપાય યોગ | અને | ૨) નિરપાય યોગ |
| (૫) સોપક્રમ યોગ | અને | ૨) નિરુપક્રમ યોગ |
| (૬) સબીજ યોગ | અને | ૨) નિર્બીજ યોગ |
| (૭) સાલંબન યોગ | અને | ૨) નિરાલંબન યોગ |
| (૮) દ્રવ્ય યોગ | અને | ૨) ભાવ યોગ |
| (૯) નૈશ્ચયિક યોગ | અને | ૨) વ્યવહારિક યોગ |
| (૧૦)સંપ્રજ્ઞાત યોગ | અને | ૨) અસંપ્રજ્ઞાત યોગ |
| (૧૧) કર્મયોગ | અને | ૨) જ્ઞાન યોગ |

**બીજા પણ જ્ઞાનયોગ, તપોયોગ, ક્રિયાયોગ, ભક્તિયોગ, રાજયોગ, મંત્રયોગ, હઠયોગ, લયયોગ, નાદયોગ, આનંદયોગ, કર્મયોગ, સમાધિયોગ, ઉપાસના - ભૂમિકાયોગનું વર્ણન મળે છે. પાતાંજલ યોગસૂત્રમાં અષ્ટાંગયોગનું પણ વર્ણન આવે છે. જેમકે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.**

**આ બધા ભિન્ન ભિન્ન પ્રકારનાં યોગોનું વર્ણન સ્વ-પર દર્શનનાં ગ્રંથોમાં જોવા મળે છે.**

## ૨.૬ યોગીઓના પ્રકાર

**યોગીનાં કુલ ચાર પ્રકાર છે**

**(૧) ગોત્રયોગી (૨) કુલયોગી (૩) પ્રવૃતચક્ર યોગી (૪) નિષ્પન્ન યોગી**

### (૧) ગોત્રયોગી

અહીં ગોત્ર એટલે કે નામમાત્ર, જેઓ નામમાત્રથી યોગી છે. પરંતુ વાસ્તવમાં યોગની સાથે કંઈ સંબંધ નથી. સામાન્યથી તેમના પૂર્વજો કેટલાક વર્ષ પહેલા યોગી થતા હોવાને કારણે તેઓ ભૂમિભવ્ય એટલે કે સુંદર ગોત્રવાળા થયા પછીથી સાધના નીકળી ગઈ તેમને અંશમાત્રથી પણ યોગની અપેક્ષા નથી. તેઓ ગોત્રયોગી કહેવાય છે.

### (૨) કુલયોગી

જેઓ યોગીઓનાં પ્રસિદ્ધ કુળમાં જન્મ્યા છે. અને યોગદશા પોતાનામાં પણ આવે તેવી ભાવનાવાળા છે. યોગપ્રાપ્તિના પ્રવેશને યોગ્ય ગુણો જે નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) સર્વત્ર અદ્વેષ | (૨) ગુરૂપ્રિય |
| (૩) દ્વિજપ્રિય | (૪) દેવપ્રિય |
| (૫) દયાવાન | (૬) જ્ઞાનવાન |
| (૭) વિનીત | (૮) ઈન્દ્રિય દમન |

ઉપરોક્ત આઠ ગુણોથી ગુમ્ફિત છે. તેઓ કુલયોગી છે.

### (૩) પ્રવૃતચક્ર યોગી

જેઓ યોગદશા સાધવાના ચક્રોમાં એટલે કે ધર્માનુષ્ઠાન સમુહમાં પ્રવૃત હોય છે. અને ઈચ્છાયોગ તથા પ્રવૃત્તિયોગ જેણે સાધ્યો છે. તથા સ્થિરતાયોગ અને સિદ્ધિયોગનાં જેઓ અર્થી છે. તેઓ પ્રવૃતચક્ર યોગી છે. અર્થાત્ યોગદશાની સાધનામાં વર્તનારા પ્રવૃતચક્ર યોગી છે.

**યોગદશાની સાધનામાં પ્રવૃત્ત યોગીમહાત્માનું ચિત્ર પરિશિષ્ટ-૨માં આપવામાં આવેલ છે.**

### (૪) નિષ્પન્ન યોગી

જેઓ યોગદશા પ્રાપ્ત કરી ચૂક્યા છે. સાધવાનું પ્રયોજન સમાપ્ત થઈ ગયું છે. તેઓ નિષ્પન્ન યોગી કહેવાય છે.[૧૬]

ઉપરોક્ત ચાર પ્રકારનાં યોગીમાંથી ગોત્રયોગી તો નામ માત્રનાં યોગી છે. પરંતુ યોગ સાથે કોઈ સંબંધ નથી કે યોગની તો અલ્પ પણ મનોવૃત્તિ નથી, તેમજ નિષ્પન્ન યોગી તો નિષ્પન્ન થઈ ચૂક્યા છે. તેઓ યોગ સાધી ચૂકેલ હોય છે. તેથી કુલયોગી અને પ્રવૃત્તચક્ર યોગી યોગદશાની સાધનાનાં સાધક હોય છે. તેઓને યોગનાં મર્મનો બોધ જાણવો હોય છે. યોગનાં અર્થી સાધક જીવ શાસ્ત્રવચનથી યોગનો અભ્યાસ કરતાં કરતાં સામર્થ્યની યોગદશામાં પહોંચવા સક્ષમ બનતા હોય છે.

યોગનું એક અંગ ધ્યાન છે. આત્માને શુભમાંથી શુધ્ધ થવા માટે ધ્યાન અનિવાર્ય છે. જૈનદર્શનમાં દર્શાવેલ ચૌદ ગુણસ્થાનકમાંથી બારમાં ગુણસ્થાનકને અંતે આત્મા ક્ષાયિક સમકિતિ થાય છે. અને ત્યારબાદ તે સતત ધ્યાનસ્થ અવસ્થામાં રહે છે. તેમને ધ્યાન કરવું પડતું નથી. સહજ સાધ્ય છે અને છેલ્લે મોક્ષ પદને પામે છે.

ધ્યાન સાધના દ્વારા ચૌદ ગુણસ્થાનકના સોપાનો સર કરતા ધ્યાન યોગીમહાત્મા ધ્યાન સાધના દ્વારા સિદ્ધપદની પ્રાપ્તિ કરે છે તેનું ચિત્ર પરિશિષ્ટ-૩માં દર્શાવેલ છે.

આ ધ્યાનનું જૈનદર્શનમાં શું મહત્વ છે, તે પ્રકરણ-૩ 'જૈનયોગમાં ધ્યાનનું મહત્વ' દર્શાવેલ છે.

## પાદટીપ

(૧) ध्यान योग रुप और दर्शन, संपादक, डॉ. नरेन्द्र भागवत, पृ.२६

(૨) એજન, એજન

(3) योगश्चित वृत्ति निरोधः । पातांजल योग सूत्र १/२

(૪) मुक्खेण जोयणाओ, जोगो सव्वो वि धम्मवापारो ।
परिसुध्धो विन्नेओ, ठाणाइगओ विसेसेण ।। યોગવિંશિકા ગાથા-૧

(૫) યોગદ્રષ્ટિ સમુચ્ચય, અનુવાદક :મહેતા ધીરજલાલ ડાહ્યાલાલ, પ્રસ્તાવના પૃ.-૨

(૬) पातांजल योग एवं जैनयोग संपादिका : अरुणा आनंद, पृ.-७

(૭) ध्यान योग रूप और दर्शन, श्री प्रेम सुमन जैन, पृ.-१७७

(૮) તત્વાર્થ સૂત્ર, વિવેચક : પંડિત સુખલાલજી, પૃ.૧૧

(૯) ध्यान योग रूप और दर्शन, श्री प्रेम सुमन जैन, पृ.-१७९

(૧૦) जो पिंडत्थु, पयत्थु बुह, रुवत्थु वि जिण उत्तु ।
रुवातीतु मुणेहि लह, जिन परु होहि पवित्तु ।। યોગીન્દુ દેવ કૃત યોગસાર, ગાથા-૯૮.

(૧૧) पातांजल योग एवं जैनयोग, संपादिका : अरुणा आनंद, पृ.-२२, २३

(૧૨) આત્માનું શાસન, શ્લોક-૨૩૪

(૧૩) ध्यान योग रूप और दर्शन, श्री प्रेम सुमन जैन, पृ.-१८०

(૧૪) યોગશાસ્ત્ર, અધ્યાય-૧/૧૫

(૧૫) યોગભેદ દ્વાત્રિંશિકા : પંડિતશ્રી પ્રવિણચંદ્ર મોતા, પૃ.-૨

(૧૬) યોગદ્રષ્ટિ સમુચ્ચય, અનુવાદક : મહેતા ધીરજલાલ ડાહ્યાલાલ

# પ્રકરણ-૩

# જૈનયોગમાં ધ્યાનનું મહત્વ

3.1 ધ્યાનનો અર્થ અને પરિભાષા

3.૨ ધ્યાનનું સ્વરૂપ

3.3 ધ્યાનનાં ચાર પ્રકારો

3.૪ ધ્યાનની સફળતાનાં સાધનો

3.૫ ધ્યાતા - ધ્યેય - ધ્યાનની ત્રિપુટી

3.૬ પ્રેક્ષાધ્યાન - વર્તમાન સમયની એક ધ્યાન પદ્ધતિ

3.૬.૧ પ્રેક્ષાનો અર્થ - વ્યંજના

3.૬.૨ પ્રેક્ષાધ્યાનના મૌલિક તત્વ

# પ્રકરણ-૩ : જૈનયોગમાં ધ્યાનનું મહત્વ

જૈનયોગ સાધના પદ્ધતિમાં ધ્યાનનું સ્થાન સર્વોપરી છે. અન્ય રીતે એમ પણ કહી શકાય કે ધ્યાન સાધના એ જૈનયોગ સાધનાનો પર્યાય છે. યોગ એ મન - વચન - કાયાની પ્રવૃત્તિને સ્થિર કરે છે. અને મન - વચન - કાયાથી થતાં કર્મોને અટકાવે છે. યોગ જ સાધકને ધ્યાન તરફ પ્રવેશ આપે છે. સ્વમાં લીન કરે છે. ધ્યાનનાં માધ્યમથી સાધકમાં માનસિક શક્તિ અને સામર્થ્યનો પુંજ પ્રગટ થાય છે. અર્થાત્ માનવીની બધી જ શક્તિઓ જાગ્રત થાય છે. જેનાથી કર્મોનો સંપૂર્ણ ક્ષય થઈ જાય છે. જેને પૂર્ણ આત્મિક સુખ માનવામાં આવે છે. 'આત્માનુશાસન' માં કહે છે કે "જેનાથી અસુખ લેશમાત્ર પણ ન હોય તેને જ યથાર્થ સુખ કહે છે."[1] એવું સુખ જીવને કર્મ-બંધનથી રહિત થઈને મુક્તિ પ્રાપ્ત કરાવે છે.

યોગ ————→ ધ્યાન ————→ મુક્તિ

## ૩.૧ ધ્યાનનો અર્થ અને પરિભાષા

ધ્યાન શબ્દ 'ध्यै चिन्तयाम्' ધાતુથી નિષ્પન્ન થાય છે.[2] જેનો અર્થ છે અંતઃકરણમાં વિચાર કરવો, ચિંતન કરવું શ્વાસ - ઉચ્છવાસને રોકીને શરીરને સમાધિસ્થ કરી લેવું તે જ માત્ર ધ્યાન નથી. કાયાનાં યોગોની સ્થિરતા ધ્યાન માટે આવશ્યક છે. જે કાર્યોત્સર્ગ અંતર્ગત છે જ. વસ્તુતઃ કોઈ એક વસ્તુ કે વિષય પર ચિત્તને લગાવવું, એકાગ્રતા પૂર્વક વિચાર કરવો તે 'ધ્યાન' છે. ધ્યાન એક આંતરિક મહાન શક્તિ છે. જે સમસ્ત સિદ્ધિઓનાં દાતા છે. આચાર્ય હસ્તીમલજી જણાવે છે કે.... "વિષયાભિમુખ મનને વિષયોથી દૂર કરી સ્વરૂપાભિમુખ કરવાની સાધનાનું નામ જ યોગ અથવા ધ્યાન છે."[3]

ઉમાસ્વાતિજી તત્વાર્થ સૂત્રમાં જણાવે છે કે, 'કોઈ એક વિષયમાં ચિત્તની સ્થિરતા તે ધ્યાન'. ધ્યાન મનની બહુમુખી ચિંતનધારાને એક તરફ પ્રવાહિત કરે છે. જેનાથી સાધક અનેક ચિત્તથી દૂર હટી એક ચિત્તમાં સ્થિત થાય છે. તે જ ધ્યાન છે. એ જ ગાથામાં આગળ કહે છે કે, "ઉત્તમ સંહનન ધરાવનારનું એકાગ્ર ચિંતા નિરોધ ધ્યાન છે."[4]

સંહનન = હાડકાની મજબૂતાઈ, સંહનનના છ પ્રકાર જે નીચે પ્રમાણે છે..

**સંહનનનાં છ પ્રકાર**

- વ્રજઋષભનારાચ
- ઋષભનારાચ
- નારાચ
- અર્ધનારાચ
- કાલિકા
- સમૂવર્તકાપ

પ્રથમ ત્રણ સંહનન ધ્યાન માટે ઉત્તમ માનવામાં આવે છે. સહુથી પ્રથમ વ્રજઋષભનારાચ સંહનન સર્વોત્તમ છે. ત્યારબાદ ઉત્તરોત્તર હાડકાની મજબૂતાઈ ઘટતી જાય છે. આ પ્રમાણે ધ્યાનમાં સ્થિર અધ્યવસાયને ધ્યાનનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

◆ **ધ્યાનની પરિભાષા**

(ક) **ધ્યાનશતક** : **'એકાગ્રતાને પ્રાપ્ત મન જ ધ્યાન છે.'**[6]

(ખ) **તત્વાનુશાસન** : **'સંવર અને નિર્જરાનું કારણ ધ્યાન છે.'**[7]

(ગ) **તત્વાનુશાસન** : **'ધ્યાન જ યોગ છે અને એ પ્રસંખ્યાન સમાધિમાં નામથી પણ જાણવામાં આવે છે.'**[8]

(ઘ) **તત્વાર્થાધિગમ ભાષ્ય : 'વચન - કાય અને ચિત્તનો નિરોધ જ ધ્યાન છે.'**[9]

**અહીં સ્પષ્ટ થાય છે કે જૈન પરંપરામાં ધ્યાનનો સંબંધ માત્ર મનથી નહી. પરંતુ તે કાયા, વચન અને મન ત્રણેથી સબંધિત છે. જે આ પ્રમાણે છે.**

(૧) કાયા : શરીરનું શિથીલીકરણ કે સ્થિરીકરણ તે કાયિક ધ્યાન છે.

(૨) વચન : વાણીનો ધ્યેય સાથે યોગ / બંનેમાં એકરસતા તે વાચિક ધ્યાન છે.

(3) મન : મનનો ધ્યેય સાથે યોગ તે માનસિક ધ્યાન છે.

આમ જૈનદર્શનમાં મન-વચન-કાયાની એકાગ્ર પ્રવૃત્તિને જ ધ્યાન માનવામા આવે છે. જ્યાં મન એકાગ્ર તેમજ પોતાનાં લક્ષ્ય પ્રતિ વ્યાપ્ત થાય છે. તથા શરીર અને વાણી પણ એ જ લક્ષ્ય પ્રતિ વ્યાપ્ત થાય છે.

## 3.૨ ધ્યાનનું સ્વરૂપ

ધ્યાન જ્યારે વ્યવહારિક ક્ષેત્રથી હટીને શુધ્ધ આધ્યાત્મિક અર્થમાં આવે છે, ત્યારે તેની સાથે કંઈક નવો અર્થ, નવુ સ્વરૂપ પણ લાવે છે. અધ્યાત્મ તેમજ યોગસાધનાનાં ક્ષેત્રમાં ધ્યાનનો અર્થ અને સ્વરૂપ બંને બદલાય છે. અધ્યાત્મ ક્ષેત્રનાં મહાન આચાર્યો શ્રી સિધ્ધસેન દિવાકરજી, શ્રી હરિભદ્રસૂરિજી, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી તેમના યોગબિંદુ, યોગદ્રષ્ટિ સમુચ્ચય, યોગશાસ્ત્ર વગેરે ગ્રંથોમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ને ધ્યાનની સીમા પરથી હટાવીને માત્ર ધર્મધ્યાન અને શુક્લધ્યાનને જ સ્થાન આપે છે. ત્યાં ચિત્તની એકાગ્રતા માત્રને ધ્યાન નહીં પરંતુ શુભ વિષયમાં ચિત્તની એકાગ્રતાને જ ધ્યાન યોગ કહે છે.

આચાર્ય સિધ્ધસેન દિવાકરજી કહે છે, **"शुभैक प्रत्ययो ध्यानम्"** દિપકની સ્થિર લૌ સમાન શુભલક્ષ્યમાં ચિત્તની એકાગ્રતાને ધ્યાન દર્શાવે છે. દ્રવ્યસંગ્રહમાં બતાવ્યું છે કે, **"अप्पा अप्पंमि रओ इणमेव परं झाणं ।"** આત્માનું આત્મામાં લીન થઈ જવું જ પરમ ધ્યાન છે.[10]

## 3.3 ધ્યાનનાં ચાર પ્રકારો

જૈનાગમોમાં મુખ્ય રૂપ થી બે પ્રકારનાં ધ્યાનનું વર્ણન છે. અપ્રશસ્ત ધ્યાન અને પ્રશસ્ત ધ્યાન. અશુભ પરિણામોથી થતું ધ્યાન અપ્રશસ્ત ધ્યાન છે અને શુભ પરિણામોથી થતું ધ્યાન પ્રશસ્ત ધ્યાન છે. એ બંને ધ્યાનનાં ૨ – ૨ ભેદ છે.

(૧) **અપ્રશસ્ત ધ્યાન :** આર્તધ્યાન અને રૌદ્રધ્યાન.

(૨) **પ્રશસ્ત ધ્યાન :** ધર્મધ્યાન અને શુક્લધ્યાન.

જેમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન અપ્રશસ્ત ધ્યાન હોવાથી સંસારનાં કારણ - સંસાર વધારનાર રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. તેમજ ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન પ્રશસ્ત ધ્યાન હોવાથી સંસારની મુક્તિનું કારણ તેમજ સર્વકર્મક્ષય કરી મોક્ષ - હેતુનાં સ્વરૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે.

સ્થાનાંગસૂત્ર, સમવાયાંગ સૂત્ર, ભગવતી સૂત્ર, ઔપપાતિક સૂત્ર, મૂલાચાર, સમણસૂતમ્[૧૧] વગેરે ગ્રંથો તેમજ અનેક જૈનાચાર્યોની ધ્યાન વિષયક રચનાઓમાં ધ્યાનનાં પ્રકારો આ પ્રમાણે છે.

**ધ્યાનનાં ભેદ - પ્રભેદ**

- **અપ્રશસ્ત ધ્યાન (અશુભ ધ્યાન)**
  - **આર્તધ્યાન**
    - અમનોજ્ઞ સંપ્રયોગ
    - મનોજ્ઞ સંપ્રયોગ
    - આતંક સંપ્રયોગ
    - કામભોગ સંપ્રયોગ
  - **રૌદ્રધ્યાન**
    - હિંસાનંદી
    - મૃષાનુબંધી
    - સ્તેયાનુબંધી
    - સંરક્ષણાનુબંધી
- **પ્રશસ્ત ધ્યાન (શુભ ધ્યાન)**
  - **ધર્મધ્યાન**
    - આજ્ઞા વિચય
    - અપાય વિચય
    - વિપાક વિચય
    - સંસ્થાન વિચય
  - **શુક્લધ્યાન**
    - પૃથ્થકત્વ વિતર્ક સવિચાર
    - એકત્વ વિતર્ક અવિચાર
    - સૂક્ષ્મક્રિર્યા નિવર્તિ
    - સંમૂર્ચ્છનક્રિયા પ્રતિપાતી

## 3.૪ ધ્યાનની સફળતાનાં સાધનો

ધ્યાન સાધનાની સફળતા માટે જૈનગ્રંથોમાં ધ્યાનની સામગ્રી બતાવવામાં આવી છે જે આ પ્રમાણે છે.

(ક) તત્વાનુશાસન : પરિગ્રહનો ત્યાગ, કષાયોનો નિગ્રહ, વ્રત-ધારણ, મન તથા ઈન્દ્રિયોનો સંયમ વગેરે.

(ખ) તત્વાનુશાસન : ધ્યાનની સિધ્ધિ માટે સદગુરૂ, સમ્યક્-શ્રધ્ધાન, નિરંતર અભ્યાસ તથા મનની સ્થિરતા.

(ગ) યોગસાર : સાધકનો વાણી પરનો સંયમ તથા શરીરની ચંચળતાનો નિષેધ.

(ઘ) ભગવતી આરાધના ટીકા : નાકનાં અગ્રભાગ પર દ્રષ્ટિને સ્થિર કરીને એક વિષયનું પરોક્ષજ્ઞાનમાં ચૈતન્યને રોકીને શુધ્ધ પોતાના આત્મામાં સ્મૃતિનું અનુસંધાન.[૧૨]

## ૩.૫ ધ્યાતા - ધ્યેય - ધ્યાનની ત્રિપુટી

ધ્યાનનાં પ્રમુખ ત્રણ અંગ કે તત્વ માનવામાં આવે છે.

ધ્યાતા : ધ્યાન કરનારા સાધક

ધ્યેય : સાધક કોઈ વસ્તુ કે તત્વનું આલંબન લે છે તે.

ધ્યાન : આલંબન દ્વારા ચિત્તની એકાગ્રતા.

જ્ઞાનાર્ણવમાં ધ્યાનનાં લક્ષણને નિરૂપિત કરતાં ધ્યાતામાં આઠ ગુણ હોવા જરૂરી છે. તો જ ધ્યાનની સિધ્ધિ પ્રાપ્ત થાય છે. "मुमुक्षुर्जन्मनिर्विण्णः शान्तचित्तो वशी स्थिरः।"[13]

**ધ્યાતાનાં આઠ ગુણો**

(૧) ધ્યાતા મુમુક્ષ હોય
(૨) સંસારથી વિમુક્ત હોય
(૩) ક્ષોભરહિત તેમજ શાંતચિત્ત હોય
(૪) વશી હોય
(૫) સ્થિર હોય
(૬) જિતેન્દ્રિય હોય
(૭) સંવર યુક્ત હોય
(૮) ધીરગંભીર હોય

આ પ્રકારે ધ્યાન જે વ્યવહારિક ક્ષેત્રમાં મનની એકાગ્રતાનાં અર્થમાં પ્રચલિત છે તે આધ્યાત્મિક સાધનાનાં ક્ષેત્રમાં એક બહુ જ વ્યાપક સાધના અને આત્મશક્તિઓને પ્રબધ્ધ કરી સ્વરૂપ દશાને પ્રાપ્ત કરવા માટે એક અમોધ શસ્ત્ર માનવામાં આવે છે. ધ્યાન કરનાર ધ્યાતા ક્રમશઃ પોતે જ ધ્યેય સ્વરૂપને પ્રાપ્ત કરતાં ધ્યાતા જ ધ્યાન બની જાય છે. આ દશામાં ધ્યાતા જે પહેલા 'દાસોડહું' નો જાપ કરે છે તે હવે 'સોડહં' નો ધ્વનિ કરવા લાગે છે. અને આત્મ સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે. ધ્યાતાનું-ધ્યેયમાં સ્થિર થવું-ધ્યાન છે.આ ત્રિપુટીથી મોક્ષપદની પ્રાપ્તિ શક્ય બને છે.

## ૩.૬ પ્રેક્ષાધ્યાન - વર્તમાન સમયની એક ધ્યાન પદ્ધતિ

'પ્રેક્ષા-ધ્યાન' એ એક જૈન સાધના પદ્ધતિનું આધુનિક નામ છે. તે નામ તેરાપંથનાં નવમાં આચાર્ય શ્રી તુલસીનાં સાન્નિધ્યમાં યુવાચાર્ય શ્રી મહાપ્રજ્ઞજી એ ઈ.સ. ૧૯૭૫માં જયપુરમાં ચાતુર્માસ દરમ્યાન આપ્યું.

પ્રેક્ષાનો અર્થ છે પોતે પોતાને જોવું એટલે કે પોતાને જોવાની પ્રક્રિયા તે 'પ્રેક્ષા' છે. પ્રેક્ષાનો ઉદ્દઘોષ છે. આત્માથી આત્માને જોવો.

### ૩.૬.૧ પ્રેક્ષાનો અર્થ - વ્યંજના

'પ્રેક્ષા' શબ્દ રચનાની દ્રષ્ટિએ 'પ્ર' ઉપસર્ગ અને 'ઈક્ષ' ધાતુનાં સંયોગથી બનેલ છે. જેનું તાત્પર્ય છે ઉંડાણથી જોવું, ધ્યાનથી જોવું. પ્રેક્ષામાં ઉંડાણથી, ધ્યાનથી જોવું અર્થાત અંતરજ્ઞાનથી જાણવું, અનુભવ કરવો, સાક્ષાત્કાર કરવો.

### ૩.૬.૨ પ્રેક્ષાધ્યાનના મૌલિક તત્વ

અનુભૂતિ ચેતનાનું લક્ષણ છે. કર્માવરણથી ચેતનાનાં મૂલ ગુણ આવૃત્ત થાય છે. આ આવરણને ક્ષીણ કરવા માટે પ્રેક્ષાધ્યાનનો ઉપયોગ કરવામાં આવે છે.

પ્રેક્ષાધ્યાન એ અપ્રમાદ છે. અર્થાત્ વર્તમાનમાં રહેવું. પ્રેક્ષાની સમસ્ત ક્રિયાઓમાં એક જ તત્વ છે કે વ્યક્તિની ચેતના રાગ - દ્વેષથી મુક્ત થઈને વર્તમાનમાં રહે અને વર્તમાનમાં ઉપસ્થિત રહેવા માટે યુવાચાર્ય મહાપ્રજ્ઞજીએ પ્રેક્ષાધ્યાન :આધાર અને સ્વરૂપ પુસ્તકમાં બાર તત્વોની ચર્ચા કરી છે.[૫૪] જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| (૧) કાર્યોત્સર્ગ | (૫) ચૈતન્ય કેન્દ્ર, પ્રેક્ષા | (૯) સંયમ |
| (૨) અન્તર્યાત્રા | (૬) લેશ્યા-ધ્યાન | (૧૦) ભાવના |
| (૩) શ્વાસ પ્રેક્ષા | (૭) વર્તમાન | (૧૧) અનુપ્રેક્ષા |
| (૪) શરીર પ્રેક્ષા | (૮) વિચાર પ્રેક્ષા અને સમતા | (૧૨) એકાગ્રતા |

ધ્યાનના વર્ણન બાદ જૈનયોગમાં એક નવા અધ્યાયનો સૂત્રપાત કરનાર આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી જેઓ 'યોગશતક ગ્રંથ'ના કર્તા છે. તેમનું જીવન અને કવન આગળનાં પ્રકરણમાં આપવામા આવેલ છે.

## પાદટીપ

(૧) ध्यान योग रुप और दर्शन, संपादक, डॉ. नरेन्द्र भागवत, पृ.२६

(૨) યોગદ્રષ્ટિ સમુચ્ચય, વિવેચક, શ્રી ધીરજલાલ મહેતા, પ્રસ્તાવના પૃ.૨

(૩) યોગવિંશિકા, ગાથા-૧

(૪) યોગભેદ દ્વાત્રિંશિકા, વિવેચક :પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર મોતા, પૃ.-૨

(૫) યોગદ્રષ્ટિ સમુચ્ચય, અનુવાદક :મહેતા ધીરજલાલ ડાહ્યાલાલ,
ગાથા-૨૦૮-૨૦૯, પૃ. ૫૫૨.

(૬) શતક સંદોહ, ધ્યાન શતક, ગાથા-૨

(૭) તત્વાનુશાસન, तद्ध्यान निर्जराहेतुः संवरस्य च कारणम् । ગાથા-૫૬.

(૮) એજન, ગાથા-૬૧

(૯) તત્વાર્થાધિગમ ભાષ્ય, ભાગ-૨, સિધ્ધસેન ગણિ ૯/૨૦

(૧૦) દ્રવ્યસંગ્રહ, સંપાદિકા : ડૉ. નિરંજનાબહેન વોરા

(૧૧) સ્થાનાંગસૂત્ર, સ્થાન-૪ ઉદ્દેશક-૧
સમવાયાંગસૂત્ર, સમવાય-૪
ભગવતીસૂત્ર, શતક-૨૫, ઉદ્દેશક-૭
ઔપપાતિકસૂત્ર, પ્રથમ વિભાગ, સમવસરણ
મૂલાચાર ગ્રંથ, અધિકાર, ૫, પંચાચાર
સમણસૂત્તમ, ખંડ-૨, મોક્ષમાર્ગ, પ્રકરણ-૨૯

(૧૨) जैन एवं बौद्ध योग, पृ.-१८५
તત્વાનુશાસન, શ્લોક-૭૫,૨૧૮, યોગસાર, શ્લોક-૧૬૩, ભગવતી આરાધના ટીકા,
શ્લોક-૧૭૦૧.

(૧૩) જ્ઞાનાર્ણવ, ૪/૫, યોગશાસ્ત્ર, ૭/૧

(૧૪) प्रेक्षाध्यान एक परिचय, मुनि किशनलाल,

# પ્રકરણ-૪

# ગ્રંથકર્તા આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીનું જીવન અને કવન


૪.૧ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીના જીવનની રૂપરેખા

૪.૧.૧ જન્મસ્થાન

૪.૧.૨ માતા-પિતા

૪.૧.૩ સમય

૪.૧.૪ વિદ્યાભ્યાસ

૪.૧.૫ 'ભવવિરહ' - મુદ્રાલેખ

૪.૧.૬ પોરવાડ જ્ઞાતિની સ્થાપના

૪.૧.૭ સમાધિ મરણ

૪.૨ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીના વિશિષ્ટ પાંચ ગુણો

૪.૨.૧ સમત્વ

૪.૨.૨ તુલના

૪.૨.૩ બહુમાનવૃતિ

૪.૨.૪ સ્વપરંપરાને પણ નવી દ્રષ્ટિ અને નવી ભેટ

૪.૨.૫ અંતર સાધવાનો કીમિયો

૪.૩ આચાર્યશ્રી હરિભદ્રસુરિજીની યોગશતકમાં તુલનાદ્રષ્ટિ

૪.૪ આચાર્યશ્રી હરિભદ્રસુરિજી રચિત ગ્રંથો

૪.૩ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીના ગ્રંથોની સૂચિ

૪.૩.૧. આગમિક ગ્રંથ

૪.૩.૨ આચાર, ઉપદેશ સંબંધી ગ્રંથ

૪.૩.૩ દાર્શનિક ગ્રંથ

૪.૩.૪ યોગવિષયક ગ્રંથ

૪.૩.૫ કથાસંબંધી ગ્રંથ

૪.૩.૬ જ્યોતિષ સંબંધી ગ્રંથ

૪.૩.૭ સ્તુતિ વિષયક ગ્રંથ

૪.૪ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીને જિનાગમો પરનુ બહુમાન

૪.૫ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી રચિત યોગગ્રંથોનો સંક્ષિપ્ત પરિચય

૪.૫ ષોડશક

# પ્રકરણ-૪

# ગ્રંથકર્તા આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીનું જીવન અને કવન

## ૪.૧ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીના જીવનની રૂપરેખા

**"યોગશતક ગ્રંથ"** નાં ગ્રંથકર્તા આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી છે. જેઓ શ્વેતાંબર જૈનસંપ્રદાયનાં લબ્ધકિર્તી આચાર્ય હતા. યાકિની નામના પરમવિદૃષી જૈન સાધ્વીજીનાં ધર્મપુત્ર તરીકે પ્રખ્યાત હતા. એવા આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ આત્મવિકાસનાં અનુપમ સાધનરૂપ એવા 'યોગશતક' ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથમાં ૧૦૦ શ્લોક પ્રમાણે છે. છતાં સંક્ષેપથી યોગની પ્રારંભિક ભૂમિકાથી આરંભી અંતિમ ભૂમિકા જીવનપર્યંતનું બધુ વર્ણન સમાવિષ્ટ છે. આ ગ્રંથમાં વ્યવહારથી અને નિશ્ચયથી યોગની વ્યાખ્યા બતાવી યોગનાં અધિકારી તરીકે અપુનર્બન્ધક, અવિરત સમ્યગદ્રિષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર બતાવ્યા છે.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીનાં જીવન અને કાર્યને સૂચવતાં અને તેનું વર્ણન કરતાં સાહિત્ય, પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી જર્મન અને અંગ્રેજી ભાષાઓમાં અનેક વિદ્વાનો અને લેખકોએ પ્રકાશિત કર્યા છે.

**આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીના જીવનને લગતી માહિતી આપતા સાહિત્યોની સૂચિ પરિશિષ્ટ-૪માં આપવામાં આવેલ છે.[૧]**

### ૪.૧.૧ જન્મસ્થાન

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીનાં જીવનની માહિતી આપનાર ગ્રંથોમાં સહુથી પ્રાચીન મનાતી ભદ્રેશ્વર કૃત 'કહાવલી' નામના પ્રાકૃતિ કૃતિ છે.[૨] કહાવલીની રચનાનો સમય નિશ્ચિત નથી. પરંતુ ઇતિહાસ એ કૃતિને વિક્રમના બારમા સૈકાની આસપાસ માને છે. કહાવલી અનુસાર તેમનું જન્મસ્થાન 'પિવુંગઈ બંભપુણી' છે.[૩] જ્યારે અન્ય ગ્રંથોમાં એમનું જન્મસ્થાન 'ચિત્તોડ - ચિત્રકુટ' માનવામાં આવે છે.[૪] આ બે નિર્દેશો જુદા હોવા છતાં વસ્તુતઃ એમાં ખાસ વિરોધ જેવું નથી લાગતું. કારણ કે સંભવતઃ બંભપુણી જેનો સંકેત બ્રહ્મપુરીનો મળે છે. તેનો સંબંધ ચિત્તોડ કે તેની નજીક કોઈ બ્રાહ્મણ વસતી સાથે હોઈ શકે. આ રીતે બ્રહ્મપુરી કોઈ નાનું ગામ કે વસ્તી કે કસબો હોય જે ચિત્તોડની આસપાસ હશે, તેથી જે ઉત્તરકાલીન ગ્રંથોમાં વધારે પ્રખ્યાત ચિત્તોડનો નિર્દેશ સચવાઈ રહ્યો હોઈ શકે.[૫]

### ૪.૧.૨ માતા-પિતા

આચાર્યશ્રી હરિભદ્રસુરજીનો જન્મ એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પિતાનું નામ શંકર ભટ્ટ અને માતાનું નામ ગંગા હતું.[૬] ગણધરસાર્ધશતકની સુમતિગણિકૃત વૃતિ રચના સં. ૧૨૯૫માં તો હરિભદ્રજીનો બ્રાહ્મણ તરીકે સ્પષ્ટ નિર્દેશ થોય છે. આચાર્ય હરિભદ્રસુરજી અદભુત પ્રતિભાશાળી સંપન્ન વિદ્વાન હતા તેથી તેમને ચિત્તોડ રાજ્યનાં જિતારી રાજાનાં પુરોહિત બનવાનો અવસર મળ્યો. રાજદરબારમાં ખુબ જ પ્રતિષ્ઠિત અને સન્માનીય હતા.

### ૪.૧.૩ સમય

આચાર્યશ્રી હરિભદ્રસુરજીનો સમય પૂર્વથી આવેલી માન્યતા પ્રમાણે વિ. સં. ૫૩૦ થી ૫૮૫ ગણાતો.[૭] ડૉ. યાકોબી 'ઉપમિતિ ભવપ્રપંચ કથા'ની પ્રસ્તાવનામાં વિક્રમની નવમી - દશમી સદી જણાવે છે. શ્રી કલ્યાણવિજયજીએ અનેક બાહ્ય તેમજ આંતર પ્રમાણોની સમાલોચના કરી તેમનો સમય વિ. સ. ૭૫૭ થી ૮૨૭ નિશ્ચિતપણે સાબિત કર્યો છે. એ નિર્ણય દરેક ઐતિહાસિકે સ્વીકાર્યો છે. આ સમય સાથે પૂર્ણપણે મેળ ખાય એવા ઉલ્લેખો આચાર્યશ્રી હરિભદ્રસુરિજીનાં વિવિધ ગ્રંથોમાં મળે છે.[૮] અને તેથી વિ.સં. ૭૫૭ થી ૮૨૭ આચાર્યશ્રી હરિભદ્રસુરિજીનો સત્તાસમય નિર્વિવાદ સિદ્ધ થયો છે.

### ૪.૧.૪ વિદ્યાભ્યાસ

આચાર્યશ્રી હરિભદ્રસુરિજીનો વિદ્યાભ્યાસ પ્રાચીન બ્રાહ્મણ પરંપરા પ્રમાણે સંસ્કૃતભાષાથી શરૂ કરેલો. તેઓએ કોઈને કોઈ બ્રાહ્મણ વિદ્યાગુરૂએ પાસેથી વ્યાકરણ, સાહિત્ય, દર્શન અને ધર્મશાસ્ત્ર વગેરે સંસ્કૃતપ્રધાન વિદ્યાઓનું પાકે પાયે પરિશીલન કરેલું. તેઓ પંડિતોમાં અગ્રણી હતા. તેઓએ ષડ્દર્શનોમાં 'તલસ્પર્શી' પાંડિત્ય અને વેદ-વિદ્યાઓમાં પરમ - નિષ્ણાંતતા પ્રાપ્ત કરી હતી. તે કારણે તેઓનું 'વાદીન્દ્ર' અને 'વિદ્વત-શિરોમણી' કહેવામાં આવતા હતા.[૯] પોતાની અસાધારણ પ્રતિભા પર તેમને ખુબ ગર્વ હતો. પોતાને વિશ્વાસ હતો કે સંસારમાં એવી કોઈ પણ વિદ્યા નથી જેને પોતે ન જાણતા હોય. કહેવાય છે કે 'સમસ્ત જમ્બૂદ્વીપમાં તેમના જેવો કોઈ વિદ્વાન નથી.' એ ઘોષિત કરવા આચાર્યશ્રી હરિભદ્રસુરિજી પોતાના હાથમાં જમ્બૂ વૃક્ષની ડાળી રાખતાં હતા.[૧૦] પોતાની એ પ્રતિજ્ઞા હતી કે "જો કોઈ પણ શાસ્ત્ર કે વચનનો અર્થ સમજવામાં નિષ્ફળતાં મળે તો તે સમજવા માટે તેમનું શિષ્યત્વ સ્વીકારવામાં પોતે કોઈ સંકોચ નહી રાખે." સંયોગવશ એક દિવસ એવું બન્યું. એક નાની ઘટનાથી તેમના જીવનમાં આમૂલ પરિવર્તન થયું.[૧૧]

એકવાર તેઓ ચિત્તોડમાં જૈન ઉપાશ્રય પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે ઉપાશ્રયમાં યાકિની મહત્તરા નામના જૈન સાધ્વીજી આગમોના પાઠ કરી રહ્યા હતાં. તેમના દ્વારા બોલાતી પાકૃત ગાથા એમના કાને પડી.

चक्किदुगं हरिपणगं पणगं चक्कीण केसवो चक्की ।
केसव चक्की केसव दुचक्की केसी य चक्की य ।।[૧૨]

આ ગાથા તેઓએ સાંભળી. અર્થ સમજાયો નહીં આર્યશ્રી હરિભદ્રસુરિજી મૂળે જીજ્ઞાસાની મૂર્તિ એટલે તેઓ ઉપાશ્રયમાં ગયા. સાધ્વીજીને અર્થ પૂછ્યો. તેઓએ અર્થ સમજાવ્યો. "પ્રથમ બે ચક્રવર્તી થયા, પછી પાંચ વાસુદેવ, પછી પાંચ ચક્રી, તે પછી એક વાસુદેવ અને ચક્રી, તે પછી કેશવ અને ચક્રવર્તી ત્યારબાદ કેશવ અને બે ચક્રવર્તી, પછી કેશવ અને છેલ્લા ચક્રવર્તી થયા." અર્થ સાંભળી પોતાની પ્રતિજ્ઞાનુસાર શિષ્યત્વ પ્રદાન કરવાની પ્રાર્થના કરી. સાધ્વીજીએ તેમને પોતાના ગુરુ આચાર્યશ્રી જિનદત્તસૂરિજી જેઓ વિદ્યાધરકુળનાં આચાર્યશ્રી જિનભદ્દજીનાં

ગુરૂભાઈ હતાં. તેમની પાસે જવા કહ્યું. સવાર થતાં જ હરિભદ્રસુરિજી આચાર્ય જિનદત્તસૂરિજી પાસે પહોંચ્યા. તે સમયે માર્ગમાં તે જૈનમંદિર પણ આવ્યું. જ્યાં એકવાર ઉન્મત્ત હાથીથી બચવા આશ્રય લીધો હતો અને **'वपुरेव तवाचष्टे स्पष्टमिष्टान्न भोजनम्'** (તમારું શરીર કહે છે કે તમને મિષ્ટાન્ન ભોજન છે) કહીને જિનપ્રતિમાનો ઉપહાસ કર્યો હતો. આજે આ વાક્યનું સ્મરણ એકદમ જુદૃ જ દેખાયું.[13] આચાર્યશ્રી જીનદત્તસુરિજી પાસે પહોંચ્યા. સૂરિજીએ સંતોષ થાય એ રીતે વાત કરી કહ્યું કે "જો પ્રાકૃત શાસ્ત્ર અને જૈન પરંપરાનો પૂરેપૂરો અને પ્રમાણિક અભ્યાસ કરવો હોય તો તે માટે જૈન દીક્ષા આવશ્યક છે." આચાર્યશ્રી હરિભદ્રસુરિજી સ્વભાવે તદ્દન સરળ અને સ્વપ્રતિજ્ઞામાં દ્રઢઃ એટલે તેઓએ આચાર્ય જિનદત્તસૂરિજી પાસે જૈન દીક્ષા સ્વીકારી. અને સાથે જ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા માટે પોતાને એ સાધ્વીજીનાં ધર્મપુત્ર તરીકે જાહેર કર્યા. સાધ્વીજીનું નામ યાકિની હતી. કોઈપણ પુરુષે તો પુરુષ પાસે જ દીક્ષા લે એટલે તેમણે દીક્ષા આચાર્યશ્રી જિનદત્તસૂરિજી પાસે લીધી. સાથે સાથે મહત્તરા યાકિની સાધ્વીજીનું ધર્મ-ઋણ ચૂકવવા પોતાને 'धर्मतो याकिनी महत्तरासुनु'[14] તરીકે ઓળખાવવામાં આચાર્યશ્રી હરિભદ્રસુરિજીએ ગૌરવ અનુભવ્યું.

આ સાથે તેમના જીવનમાં વળાંક આવી ગયો. હરિભદ્રસુરિજીએ વૈદિક દર્શનનાં પારગામી વિદ્વાન તો હતા જ. જૈન દીક્ષા અંગીકાર કર્યા પછી તેઓ જૈનપરંપરાના અનેકવિધ શાસ્ત્રોનું પણ પારગામી અવગાહન કર્યું. અને હવે તેઓએ સંસ્કૃત પ્રધાન સર્વતોમુખી પ્રતિભા, વિદ્વતા તેમજ યોગ્યતાથી પ્રભાવિત થઈને ગુરૂએ તેમને પોતાના પટ્ટધર શિષ્ય બનાવ્યા અને આચાર્યપદ પર નિર્યુક્ત કર્યા.[15] અને હવે આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીથી સન્માનિત થયા.

જેમ જેમ શ્રી હરિભદ્રજીને જૈનદર્શનના ગૂઢ રહસ્યોનું જ્ઞાન મળતું ગયું તેમ તેમ તેમના આત્મામાં વૈરાગ્ય અને સંવેગની તીવ્ર ભાવના પ્રબળ થતી ગઈ. તેઓએ પરિશ્રમ, નિષ્ઠા અને ગુરુભક્તિની સાથે અધ્યયન કરતાં બહુ થોડા સમયમાં જ જિનાગમના સૂક્ષ્મ સિદ્ધાંતોનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. આ રીતે એમણે પોતાના જીવનમાં બ્રાહ્મણ અને શ્રમણ પરંપરાની વિદ્યાઓને એકરસ કરી મહત્વનાં આગમ - ગ્રંથો ઉપર સંસ્કૃત ટીકા લખી પ્રાકૃતભાષામાં વિવિધ પ્રકારનું પુષ્કળ સાહિત્ય પણ રચ્યું.[16]

**૪.૧.૫ 'ભવવિરહ' - મુદ્રાલેખ**

આચાર્યશ્રી હરિભદ્રસુરિજીના ઉપનામ તરીકે બીજું એક વિશેષણ પ્રસિદ્ધ છે અને તે છે 'भवविरह' એમણે પોતે જ પોતાની કેટલીક રચનાઓમાં 'ભવવિરહ ના ઇચ્છનારા' તરીકે પોતાને નિર્દેશ્યા છે.

'ભવવિરહ' શબ્દ પાછળ મુખ્ય ત્રણ ઘટનાઓનો સંકેત છે.[17]

**(૧) ધર્મ સ્વીકારવાનો પ્રસંગ[18]**

યાકિની મહત્તરાએ જ્યારે શ્રી હરિભદ્રજીને પોતાના ગુરુશ્રી જિનદત્તસૂરિજી પાસે મોકલ્યા અને ગુરુશ્રી જિનદત્તરસૂરિજીએ શ્રી હરિભદ્રજીને પ્રાકૃત ગાથાનો અર્થ સમજાવ્યો, ત્યારબાદ શ્રી

હરિભદ્રજીએ પૂછ્યું કે, "ધર્મ એટલે શું ? અને તેનું ફળ શું ?" ગુરૂજીએ જવાબ આપ્યો કે, "સકામ અને નિષ્કામ એમ બે ધર્મ છે. સકામ "ધર્મનું ફળ સ્વર્ગાદિ છે. જ્યારે નિષ્કામ ધર્મનું ફળ તો ભવનો-સંસારનો વિરહ એટલે મોક્ષ છે. શ્રી હરિભદ્રજી કહ્યું કે, "હું તો ભવવિરહ-મોક્ષ પસંદ કરું છું." આથી તેમણે ગુરુજી પાસે જૈન પ્રવજ્યા લીધી. મોક્ષનાં ઉદ્દેશથી જ પ્રવજ્યા ભણી વળ્યા, તેથી એમનો મુદ્રાલેખ 'ભવવિરહ' બની ગયો.

(૨) શિષ્યોનાં વિયોગનો પ્રસંગ

ચિત્તોડમાં જ બૌધ્ધ પરંપરાનો પણ વિશિષ્ટ પ્રભાવ હતો. એ પરંપરાનો અભ્યાસ કરવા ગયેલા પોતાના જિનભદ્ર અને વીરભદ્ર એ બે શિષ્યોનું ધર્મદ્વેષને પરિણામે મૃત્યુ થયું. આથી શ્રી હરિભદ્રસુરિજી ઉદ્દીગ્ન થયા. પણ શિષ્યોની જેમ ગ્રંથો પણ એક મહાન ધર્મવારસો છે. એમ સમજી તેઓ ગ્રંથરચનામાં વિશેષ ઉદ્યુક્ત થયા. એમનો જે દીક્ષાકાલીન 'ભવવિરહ' મુદ્રાલેખ હતો તે તેમના મનમાં રમી રહ્યો હતો અને આ આઘાત સમાવવાનું બળ પણ તે મુદ્રાલેખમાંથી મળી ગયું. તેમને લાગ્યું કે સંસાર તો અસ્થિર જ છે. એમાં ઇષ્ટનો વિયોગ એ કોઈ અસ્વાભાવિક ઘટના નથી એટલે એ વિયોગ માટે અનુતાપ કરવો તે કરતાં ભવવિરહ-મોક્ષધર્મને ઉદ્દેશી ગ્રંથરચનામાં એકાગ્ર થઈ જવું એ જ કર્તવ્ય છે.

ઉપરોક્ત વિગત 'કહાવલી' અનુસાર છે. તે ઉપરાંત અન્ય ગ્રંથોમાં હંસ અને પરમહંસ નામના બે શિષ્યોની વિગત છે. જેઓ બૌદ્ધ સિદ્ધાંતોનું અધ્યયન કરવા બૌદ્ધમઠમાં ગયા હતા. બંને શિષ્યોને બૌદ્ધોએ ધર્મદ્વેષને કારણે મારી નાંખ્યા. આચાર્યશ્રી કલ્યાણવિજયજીનાં મત અનુસાર 'કહાવલી' નું લખાણ પ્રાચીન અને પ્રામાણિક છે.[૧૯]

(3) યાચકોને અપાતા આર્શીવાદનો અને તેના દ્વારા બોલાતા જય-જયકારનો પ્રસંગ

આ વિષેની જે ખાસ ઘટના 'કહાવલી'માં છે. તે લલ્લિગ નામનાં શ્રાવક શ્રી હરિભદ્રસુરિજી પ્રત્યે અનન્ય આદર ધરાવતા હતા. તે રોજ મુનિઓની ભિક્ષા સમયે શંખ વગાડતા હતા. તે સાંભળી યાચકો આવતા. લલ્લિગ તેઓને ભોજન કરાવતા. પાછા વળતાં તેઓ શ્રી સુરિજીને વંદન કરતા અને શ્રી સુરિજી તેમને **'ભવવિરહ કરવામાં ઉદ્યમવન્ત થાઓ'** એમ આર્શીવાદ આપતા. આ સાંભળી **'ઘણું જીવો ભવવિરહસૂરિ'**[૨૦] આમ બોલતાં તેઓ પોતાને સ્થાને જતાં, આ રીતે આચાર્યશ્રી હરિભદ્રસુરિજી 'ભવવિરહસૂરિ' નામથી પ્રસિદ્ધ થયા.

ઉપરોક્ત ત્રણ મુખ્ય ઘટનાઓ બાદ આચાર્ય પોતાના પ્રત્યેક ગ્રંથના અંતમાં કોઈને કોઈ રીતે અર્થસંબંધ જોડીને 'ભવવિરહ' અથવા 'વિરહ' શબ્દનો પ્રયોગ અવશ્ય કર્યો છે. તેથી આચાર્યશ્રી હરિભદ્રસુરિજી 'વિરહાંક કવિ' પણ કહેવાયા છે.[૨૧] તેઓનાં ગ્રંથોનું લખાણ કરાવવાનું કામકાજ લલ્લિગ શ્રાવક કરતાં હતાં. તેણે આ ગ્રંથલેખનમાં અઢળક દ્રવ્ય ખર્ચ્યું છે.

### ૪.૧.૬ પોરવાડ જ્ઞાતિની સ્થાપના

આચાર્યશ્રી હરિભદ્રસુરિજીએ મેવાડમાં પોરવાડ વંશની સ્થાપના કરી અને તેઓએ જૈન પરંપરામાં દાખલ કર્યા. એવી અનુશ્રુતિ જ્ઞાતિઓનાં વંશજોએ સાચવી રાખી છે.[૨૨]

#### ૪.૧.૭ સમાધિ મરણ

જૈન સાધનાની ચરિતાર્થતા મૃત્યુના સમયે જોવા મળે છે. ભલે શ્રાવક હોય કે શ્રમણ સર્વને માટે જીવનનાં અંત સમયે સંથારો-સંલ્લેખના વ્રતનું ખુબ મહ્ત્વ છે. આચાર્યશ્રી હરિભદ્રસુરિજી પણ પોતાના જીવનના અંતિમ સમયે અનશન આદરી શાંત ચિત્તે કાલગત થયા.[૨૩]

## ૪.૨ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીના વિશિષ્ટ પાંચ ગુણો

આચાર્યશ્રી હરિભદ્રસુરિજી સરળ તેમજ સૌમ્ય પ્રકૃતિના પુરુષ હતા. જૈનદર્શન પ્રત્યે તેઓની શ્રદ્ધા અનંત હતી. તેમનું હૃદય નિષ્પક્ષતાપૂર્ણ હતું. તેઓ ઉદારવંત સાધુ તેમજ સત્યના ઉપાસક હતા. ધર્મ અને તત્વના વિચારોનાં ઉહાપોહ સમયે પણ તેઓએ મધ્યસ્થતા તમજ ગુણાનુરાગતાની જરાપણ ઉપેક્ષા કરી નથી. તેમના સમસ્ત ગ્રંથોમાં તેમની સર્વતોમુખી પ્રતિભાના દર્શન થાય છે. તેમની ઉદાત્ત દ્રષ્ટિ, અસંપ્રદાયિક વૃતિ, નિર્ભય અને નમ્રતાનાં ગુણો પ્રગટ થાય છે. તે ઉપરાંત તેમના ગ્રંથોમાં જોવા મળતાં પાંચ વિશિષ્ટ ગુણો આ પ્રમાણે છે.

#### ૪.૨.૧ સમત્વ

આધ્યાત્મિકતાનું પરમ લક્ષ્ય સમભાવ તેમજ નિષ્પક્ષતા છે જે તેમના દર્શન અને યોગને લગતા ગ્રંથોમાં સ્પષ્ટ દેખાય છે. તેમની પ્રસિદ્ધ ગાથા દ્વારા સમત્વ-તટસ્થતાના બીજ જણાય છે.

पक्षपातो न मे वीरे न द्वेषः कापिलादिषु ।
युक्तिमदवचनं यस्य तस्य कार्यः परिग्रहः ।।3८।। લોકતત્વ નિર્ણય.

ગાથાર્થ : 'વીર પ્રત્યે મને પક્ષપાત નથી અને કપિલ આદિ પ્રત્યે મને દ્વેષ નથી. યુક્તિવાળું જેનું વચન હોય તેનું જ ગ્રહણ કરવા યોગ્ય છે.

#### ૪.૨.૨ તુલના

આચાર્યશ્રી હરિભદ્રસુરિજીએ પરાપૂર્વથી ચાલી આવતી ખંડન-મંડનની પરિપાટીમાં તુલનાદ્રષ્ટિનો ઉમેરો કર્યો છે. સત્યની વધારેમાં વધારે નજીક પહોંચી શકાય એ હેતુથી તેઓએ પરવાદીના મંતવ્યોના હૃદયમાં વધુ ને વધુ ઉંડા ઉતરવા પ્રયત્ન કર્યો છે. અને પોતાના મંતવ્ય સાથે તે પરવાદી મંતવ્ય, પરિભાષા ભેદ કે નિરૂપણ હોવા છતાં કઈ રીતે સામ્ય ધરાવે છે. તે એમણે સ્વ-પરમતતી તુલના દ્વારા અનેક સ્થળે દર્શાવ્યું છે. તત્વચિંતન, આચાર કે યોગના વિષયમાં તુલના તેમજ સમન્વય દ્વારા નિરૂપણ કરવાનું પ્રસ્થાન ભારતીય વાડમયમાં તેમણે જ પ્રારંભ્યું છે.[૨૪]

#### ૪.૨.૩ બહુમાનવૃતિ

ક્યારેક પરવાદી મંતવ્યોથી જુદા પડવા છતાં તમના પ્રત્યે જે વિરલ બહુમાન અને આદર દર્શાવે છે. તેમણે આધ્યાત્મિક ક્ષેત્રમાં આપેલી વિરલ ભેટ છે. આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીનું બહુશ્રુત વ્યક્તિત્વ વૈદિક, જૈન અને બૌદ્ધ પરંપરાના ગંભીર અધ્યયનમાં

ઓતપ્રોત હતું. તેમની આ મહાન વિશેષતા હતી કે જેટલી સફળતા સાથે જૈનદર્શન પર લખ્યું તેટલી ગંભીરતા સાથે બૌદ્ધ અને વૈદિક વિષયો પર પણ પોતાની લેખનીની ચલાવી. ખંડન-મંડન સમયે પણ મધુર ભાષાનો પ્રયોગ કરતા હતા.

**૪.૨.૪ સ્વપરંપરાને પણ નવી દ્રષ્ટિ અને નવી ભેટ**

તેઓએ પરવાદીઓ કે પરંપરાઓ સાથેના વ્યવહારમાં જે તટસ્થવૃતિ અને નિર્ભયતા દર્શાવી છે. તેવી જ સ્વપરંપરા પ્રત્યે પણ દર્શાવી છે.

**૪.૨.૫ અંતર સાધવાનો કીમિયો**

તેઓએ પોતાના દર્શન અને યોગ પરંપરાનાં ગ્રંથોમાં એવી શૈલી સ્વીકારી છે કે જૈન પરંપરામાં મૌલિક ગણાય એવા સિદ્ધાંતો સર્વ સમજી શકે. ભિન્ન ભિન્ન સંપ્રદાયો વચ્ચે બની શકે તેટલું અંતર ઓછું કરવાનો યોગીગમ્ય માર્ગ આચાર્યશ્રી હરિભદ્રસુરિજીએ વિકસાવ્યો છે. અને સૌ એકબીજામાંથી વિચાર-આચાર મોકળે મને ગ્રહણ કરી શકે એનું દ્વાર ખુલ્લું કર્યું છે જે સાચે જ વિરલ છે.

આ જ રીતે આચાર્યશ્રી હરિભદ્રસુરિજીના વિશિષ્ટ ગુણોથી વિચાર-વર્તનની નવી દિશા ઉઘાડી છે. તે આજનાં યુગનાં અસાંપ્રદાયિક અને તુલનાત્મક અધ્યયનમાં ખુબ ઉપકારક છે.

## ૪.3 આચાર્યશ્રી હરિભદ્રસુરિજીની યોગશતકમાં તુલનાદ્રષ્ટિ

તેઓએ યોગશતકમાં યોગનું લક્ષણ કે સ્વરૂપ ત્રણ દ્રષ્ટિઓથી રજુ કરી તુલનાનું દ્વાર ઉઘાડ્યું છે. યોગ એ શ્રેયઃ સાધવાનો દીર્ઘતમ ધર્મવ્યાપાર છે. એમા બે અંશો છે.

(૧) નિષેધભાગીય (૨) વિધિભાગીય

કલેશોને નિવારવા તે નિષેધ બાજુ તેને લીધે પ્રગટતી શુધ્ધિને કારણે ચિત્તની કુશળમાર્ગીય પ્રવૃત્તિ તે વિધિ બાજુ. આ બંને બાજુઓને આવરતો ધર્મવ્યાપાર એ જ ખરી રીતે પૂર્ણ યોગ છે. પણ આ યોગનું સ્વરૂપ પતંજલિએ 'ચિત્તવૃત્તિ નિરોધ'[૨૫] શબ્દથી પ્રધાન પણે અભાવમુખ સૂચવ્યું છે. જ્યારે બૌધ્ધ પરંપરાએ 'કુશળ ચિત્તની એકાગ્રતા યા ઉપસંપદા[૨૬] જેવા શબ્દો દ્વારા પ્રધાનપણે ભાવમુખે સૂચવ્યું છે. બંને લક્ષણોને તુલના દ્રષ્ટિએ નિર્દેશ્યા છે. અને અંતે જૈનસંમત લક્ષણ જે તેઓએ બધા ગ્રંથોમાં યોજ્યું છે. બંને લક્ષણોનો દ્રષ્ટિભેદ સમાવેશ સૂચવ્યો છે. તેમનું અભિપ્રેત લક્ષણ એ છે કે "જે ધર્મવ્યાપાર મોક્ષ તત્વ સાથે જોડાણ કરી આપે તે યોગ" આ એમનું લક્ષણ સર્વગ્રાહી હોઈ તેમાં નિષેધભાગીય અને વિધિભાગીય બંને સ્વરૂપો આવી જાય છે.

ઉમાસ્વાતિજી, સિધ્ધસેન દિવાકરજી, જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે જે પ્રકરણાત્મક પદ્ધતિનું પ્રચલન કર્યુ હતું એ પ્રકરણ રચનાઓને આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ વ્યવસ્થિત રૂપ આપ્યું. તેમના સમસ્ત સાહિત્યમાં બધી ભારતીય ચિંતન પરંપરાઓનો પર્યાપ્ત ઉલ્લેખ જોવા મળે છે. એટલું જ નહી પરંતુ વ્યવહારિક તેમજ તલુનાત્મક દ્રષ્ટિકોણનાં આધાર પર આચાર્યશ્રી

હરિભદ્રસૂરિજીએ જૈનધર્મની જે જે વિશિષ્ટતાનો અનુભવ કર્યો. તેને તટસ્થ ભાવથી પોતાના ગ્રંથોમાં પ્રગટ પણ કર્યો.

## ૪.૪ આચાર્યશ્રી હરિભદ્રસુરિજી રચિત ગ્રંથો

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી શ્વેતાંબર જૈનસંપ્રદાયના લબ્ધકીર્તિ આચાર્ય હતા. તેઓ પંડિતોમાં અગ્રણી હતા. જૈન દીક્ષા અંગીકાર કર્યા બાદ ખુબ જ પરિશ્રમ, નિષ્ઠા અને ગુરુભક્તિની સાથે અધ્યયન કરતાં બહું થોડાં જ સમયમાં જૈનાગમોનાં સૂક્ષ્મ સિદ્ધાંતોનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

જૈનાગમ ગ્રંથો પર સંસ્કૃત ભાષામાં વૃતિ લખવાનું કાર્ય સર્વ પ્રથમ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ જ કર્યું. સત્યની અધિકાધિક નજીક પહોંચી શકાય તે દ્રષ્ટિથી તેઓએ જૈનેતર દર્શનોનાં વિચારોને પણ પોતાના હૃદયમાં ઉંડાણપૂર્વક ઉતારવા પ્રયાસ કર્યો. તેઓ અનેકાંતવાદના વિશેષ પોષક હતાં દાર્શનિક પરંપરામા અનેકાંતવાદને વ્યવહારિક રૂપ આપવાનો પ્રયત્ન કર્યો. તેમના મતે 'યુક્તિની કસોટી પર જે પણ તત્વ પરિક્ષણમાં ખરા ઉતરે તેને નિઃસંકોચ તટસ્થભાવથી જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો જોઈએ.[૨૭] પોતાના અને અન્ય મતોમાં સામ્ય દર્શાવવા જે તુલનાત્મક દ્રષ્ટિકોણ અપનાવ્યો તે તેમની વ્યાપક તેમજ ઉદાર દ્રષ્ટિના પરિચાયક છે.

પ્રત્યેક લેખકની પોતાની વિશિષ્ટ શૈલી હોય છે. આચાર્યશ્રી હરિભદ્રસુરિજીની પણ પોતાની આગવી શૈલી છે. જે પ્રતિભાત્મક તેમજ ભાષાસૌષ્ઠવથી પરિપૂર્ણ છે. તેમના ગ્રંથોની સંખ્યા બહુ મોટી છે. પૂર્વ પરંપરા પ્રમાણે તેઓ ૧૪૦૦, ૧૪૪૦ અને ૧૪૪૪ ગ્રંથોના કર્તા મનાય છે.[૨૮] શ્રી ગુણરત્નસુરિજી, મણિભદ્રસુરીજી અને વિદ્યાતિલકજી આ ત્રણે વ્યાખ્યાકારોએ ખૂબ આદર સાથે આચાર્યશ્રી હરિભદ્રસુરિજીનાં નામ સાથે સ્વીકાર કરે છે કે તેઓએ ૧૪૦૦ ગ્રંથોની રચના કરી છે. આચાર્યશ્રી હરિભદ્રસુરિજીએ પ્રાકૃત અને સંસ્કૃત બંને ભાષામાં તેમજ ગદ્ય અને પદ્ય બંને શૈલીમાં લખ્યું છે. તેઓએ માત્ર અનેક ગ્રંથો જ નથી લખ્યા, પરંતુ અનેકવિધ વિષયો પણ મૌલિક રીતે સ્પર્શ્યા છે. તેઓએ ચારેચાર અનુયોગવિષયક ગ્રંથો લખ્યાં છે. જેમ કે,

| | |
|---|---|
| ધર્મસંગ્રહણી, ષડદર્શન, સમુચ્ચય આદિ | દ્રવ્યાનુયોગ વિષયક |
| ક્ષેત્રસમાસ આદિ | ગણિતાનુયોગ વિષયક |
| પંચવસ્તુ, પંચાશક, ધર્મબિંદુ, ઉપદેશપદ, સંબોધપ્રકરણ આદિ | ચરણકરણાનું યોગ વિષયક |
| સમરાઈચ્ચકહા, ધૂર્તાખ્યાન, કથાકોષ આદિ | ધર્મકથાનુયોગ વિષયક |
| અનેકાંત જયપતાકા, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ન્યાયપ્રવેશ વૃતિ આદિ[૨૯] | ન્યાય વિષયક |

આમ અનેક યોગશાસ્ત્રોનાં દોહનરૂપ તેમજ જૈનયોગ સાહિત્યમાં એક નવો જ ચીલો પાડનાર તેના યોગવિષયક ગ્રંથો યોગબિંદુ, યોગદ્રષ્ટિ સમુચ્ચય, યોગશતક વગેરે વિષય વૈવિધ્યમાં ઉમેરો કરે છે.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીની કૃતિઓમાં વિસ્તાર, વિવિધતા અને ગુણવત્તા આ ત્રણ દ્રષ્ટિઓ વિશેષરૂપે સમાયેલી છે. તેમની કૃતિઓની સંખ્યામાં અતિશયોક્તિઓ (મતભેદ) હોઈ શકે છે. પરંતુ એ નિર્વિવાદ સત્ય છે કે આચાર્યશ્રી હરિભદ્રસુરિજીએ પોતાના જીવનમાં જૈનસાહિત્યને ખૂબ જ સમૃદ્ધ કર્યો છે.[૩૦] વર્તમાનમાં ઉપલબ્ધ તેમના ગ્રંથોમાંથી વિશેષ પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત ગ્રંથોની સૂચિ નીચે આપવામાં આવી છે.

## ૪.3 આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીના ગ્રંથોની સૂચિ

### ૪.3.૧. આગમિક ગ્રંથ

| ક્રમ | ગ્રંથનું નામ | ભાષા | ઉપલબ્ધ / અનુપલબ્ધ |
|---|---|---|---|
| ૧. | અનુયોગદ્વાર વૃતિ | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૨. | આવશ્યક બૃહદ્ ટીકા | ” | અનુપલબ્ધ |
| 3. | આવશ્યક સૂત્ર વિવૃતિ | ” | ઉપલબ્ધ |
| ૪. | ચૈત્યવંદનસૂત્રવૃતિ અથવા લલિતવિસ્તરા | ” | ઉપલબ્ધ |
| ૫. | જીવાભિગમસૂત્ર લઘુવૃતિ | ” | ઉપલબ્ધ |
| ૬. | દશવૈકાલિક ટીકા | ” | ઉપલબ્ધ |
| ૭. | નંદધ્યયન ટીકા (શિષ્ય બોધિની) | ” | ઉપલબ્ધ |
| ૮. | પિંડનિર્યુક્તિ વૃતિ | ” | અનુપલબ્ધ |
| ૯. | પ્રજ્ઞાપના પ્રદેશ વ્યાખ્યા | ” | ઉપલબ્ધ |

### ૪.3.૨ આચાર, ઉપદેશ સંબંધી ગ્રંથ

| ક્રમ | ગ્રંથનું નામ | ભાષા | ઉપલબ્ધ / અનુપલબ્ધ |
|---|---|---|---|
| ૧. | અષ્ટક પ્રકરણ | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૨. | ઉપદેશપદ | પ્રાકૃત | અનુપલબ્ધ |
| 3. | ધર્મબિંદુ | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૪. | પંચવસ્તુ-સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકાયુક્ત | પ્રાકૃત | ઉપલબ્ધ |
| ૫. | પંચસૂત્ર વ્યાખ્યા | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૬. | પંચાશક | પ્રાકૃત | ઉપલબ્ધ |
| ૭. | ભાવનાસિદ્ધિ | સંસ્કૃત | અનુપલબ્ધ |
| ૮. | લઘુક્ષેત્ર સમાસ યા જંબૂદ્વીપક્ષેત્રસમાસવૃતિ | સંસ્કૃત | ઉપલબ્ધ |

| | | | |
|---|---|---|---|
| ૯. | વર્ગકેવલિ સૂત્રવૃત્તિ | સંસ્કૃત | અનુપલબ્ધ |
| ૧૦. | વીસ વીશીઓ | પ્રાકૃત | ઉપલબ્ધ |
| ૧૧. | શ્રાવક ધર્મવિધિ પ્રકરણ | પ્રાકૃત | ઉપલબ્ધ |
| ૧૨. | શ્રાવક પ્રજ્ઞપ્તિ વૃત્તિ | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૧૩. | સંબોદ પ્રકરણ | પ્રાકૃત | ઉપલબ્ધ |
| ૧૪. | હિંસાષ્ટક - સ્વોપજ્ઞ અવચૂરિયુક્ત | સંસ્કૃત | ઉપલબ્ધ |

### ૪.3.3 દાર્શનિક ગ્રંથ

| ક્રમ | ગ્રંથનું નામ | ભાષા | ઉપલબ્ધ / અનુપલબ્ધ |
|---|---|---|---|
| ૧. | અનેકાંત જયપતાકા-સ્વોપજ્ઞ ટીકાયુક્ત | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૨. | અનેકાંતવાદ પ્રવેશ | સંસ્કૃત | ઉપલબ્ધ |
| 3. | અનેકાંત સિદ્ધિ | સંસ્કૃત | અનુપલબ્ધ |
| ૪. | આત્મસિદ્ધિ | સંસ્કૃત | અનુપલબ્ધ |
| ૫. | તત્વાર્થસૂત્ર લઘુવૃત્તિ | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૬. | દ્વિજવદન ચપેટા | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૭. | ધર્મસંગ્રહણી | પ્રાકૃત | ઉપલબ્ધ |
| ૮. | ન્યાયપ્રવેશટીકા | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૯. | ન્યાયવતારવૃત્તિ | સંસ્કૃત | અનુપલબ્ધ |
| ૧૦. | લોકત્વનિર્ણય | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૧૧. | શાસ્ત્રવાર્તા સમુચ્ચય-સવોપજ્ઞ ટીકાયુક્ત | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૧૨. | ષડદર્શન સમુચ્ચય | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૧૩. | સર્વજ્ઞસિદ્ધિ-સ્વોપજ્ઞ ટીકાયુક્ત | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૧૪. | સ્વાદ્વાદચૌદ્યપરિહાર | સંસ્કૃત | અનુપલબ્ધ |

### ૪.3.૪ યોગવિષયક ગ્રંથ

| ક્રમ | ગ્રંથનું નામ | ભાષા | ઉપલબ્ધ / અનુપલબ્ધ |
|---|---|---|---|
| ૧. | યોગદ્રષ્ટિ સમુચ્ચય - સ્વોપજ્ઞ ટીકાયુક્ત | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૨. | યોગબિંદુ | સંસ્કૃત | ઉપલબ્ધ |
| 3. | યોગવંશિકા પ્રાકૃત - સ્વોપજ્ઞ ટીકાયુક્ત | પ્રાકૃત | ઉપલબ્ધ |
| ૪. | યોગશત | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૫. | ષોડશક પ્રકરણ | સંસ્કૃત | ઉપલબ્ધ |

### ૪.૩.૫ કથાસંબંધી ગ્રંથ

| ક્રમ | ગ્રંથનું નામ | ભાષા | ઉપલબ્ધ / અનુપલબ્ધ |
|---|---|---|---|
| ૧. | ધૂર્તાખ્યાન | પ્રાકૃત | ઉપલબ્ધ |
| ૨. | સમરાદિત્ય કથા | પ્રાકૃત | ઉપલબ્ધ |

### ૪.૩.૬ જ્યોતિષ સંબંધી ગ્રંથ

| ક્રમ | ગ્રંથનું નામ | ભાષા | ઉપલબ્ધ / અનુપલબ્ધ |
|---|---|---|---|
| ૧. | લગ્નશુદ્ધિ - લગ્નકુંડલિયા | પ્રાકૃત | ઉપલબ્ધ |

### ૪.૩.૭ સ્તુતિ વિષયક ગ્રંથ

| ક્રમ | ગ્રંથનું નામ | ભાષા | ઉપલબ્ધ / અનુપલબ્ધ |
|---|---|---|---|
| ૧. | વીરસ્તવ | સંસ્કૃત | ઉપલબ્ધ |
| ૨. | સંસારદાવાનલ સ્તુતિ | સંસ્કૃત-પ્રાકૃત | ઉપલબ્ધ |

◆ **આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી રચિત અન્ય ગ્રંથોની નામાવલિ**

આ ઉપરાંત 'શ્રી યોગશતક' શ્રી ધીરજલાલ મહેતાનાં પુસ્તકમાં આચાર્યશ્રી હરિભદ્રસુરિજીના ગ્રંથોની સૂચિ પ્રાપ્ત થઈ છે. જે વિષયવાર વિભાજિત કરવાનો પ્રયત્ન કરેલ છે.

| આગમિક પ્રકરણ ગ્રંથો | | | |
|---|---|---|---|
| ક્રમ | ગ્રંથનું નામ | ક્રમ | ગ્રંથનું નામ |
| ૧ | અનુયોગદ્વારસૂત્ર - લઘુવૃતિ | ૬ | દશવૈકાલિકસૂત્ર - બૃહદ્દવૃતિ |
| ૨ | આવશ્યકસૂત્ર - લઘુવૃતિ | ૭ | દશવૈકાલિકસૂત્ર - લઘુવૃતિ |
| ૩ | જંબુદ્વીપ સંગ્રહણી | ૮ | નંદીસૂત્ર - લઘુવૃતિ |
| ૪ | જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ટીકા | ૯ | વિશેષાવશ્યક ભાષ્યવૃતિ |
| ૫ | ડુપડુપિકા (તત્વાર્થ ટીકા) | ૧૦ | પ્રજ્ઞાપનોપાંગ વૃતિ |

| આચાર ઉપદેશ સંબંધી | | | |
|---|---|---|---|
| ક્રમ | ગ્રંથનું નામ | ક્રમ | ગ્રંથનું નામ |
| ૧ | ઉપદેશ પ્રકરણ | ૮ | સાધુ સમાચારી |
| ૨ | પંચઠાણગ (પંચસ્થાનક) | ૯ | હિંસાષ્ટક |
| ૩ | પંચવત્થુગ | ૧૦ | શ્રાવક ધર્મ મંત્ર |
| ૪ | પંચસૂત્ર | ૧૧ | શ્રાવક ધર્મ સમાસ |
| ૫ | સંબોધ સપ્તતિ | ૧૨ | શ્રાવક ધર્મ સમાસ વૃતિ |
| ૬ | સમ્યકત્વસપ્તતિ | ૧૩ | શ્રાવક પ્રજ્ઞપ્તિ |
| ૭ | સાધુ પ્રવચન સાર પ્રકરણ | ૧૪ | શ્રાવક સમાચારી |

| દાર્શનિક ગ્રંથો | | | |
|---|---|---|---|
| ક્રમ | ગ્રંથનું નામ | ક્રમ | ગ્રંથનું નામ |
| ૧ | અનેકાન્ત જય પતાકા ઉદ્યોત દીપિકા | ૫ | દંસણ સુધ્ધિ |
| ૨ | અનેકાન્ત પ્રઘટ્ટ | ૬ | ષડ્દર્શની |
| ૩ | તત્વતરંગિણી | ૭ | આત્માનુશાસન |
| ૪ | ન્યાયમૂર્ત તરંગિણી | -- | -- -- -- -- -- -- |

| યોગવિષયક ગ્રંથ | | | |
|---|---|---|---|
| ક્રમ | ગ્રંથનું નામ | ક્રમ | ગ્રંથનું નામ |
| ૧ | શતશતક | ૩. | યોગદ્રષ્ટિ સમુચ્ચયં ટીકા |
| ૨ | ધ્યાન શતક વૃતિ | -- | -- -- -- -- -- -- |

| સ્તુતિ વિષયક ગ્રંથ | | | |
|---|---|---|---|
| ક્રમ | ગ્રંથનું નામ | ક્રમ | ગ્રંથનું નામ |
| ૧ | જિન સ્તવ | ૨ | શાશ્વત જિન સ્તવન |

| અન્ય ગ્રંથો | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | ગ્રંથનું નામ | ક્રમ | ગ્રંથનું નામ | ક્રમ | ગ્રંથનું નામ |
| ૧ | કિતવક કથાનક પંચક | ૧૫ | સંસ્કૃત આત્માનુશાસન | ૨૯ | પંચનિયકી |
| ૨ | કુલકો | ૧૬ | અનેકાંતપ્રઘટ્ટ | ૩૦ | પંચલિંગી |
| ૩ | ક્ષમાવલી બીજ | ૧૭ | અર્હચ્ચૂડામણિ | ૩૧ | પ્રતિષ્ઠાકલ્પ |
| ૪ | દિન શુદ્ધિ | ૧૮ | કથાકોશ | ૩૨ | બહુન્મિથ્યાત્વમંથન |
| ૫ | દેવનરેન્દ્ર પ્રકરણ | ૧૯ | કર્મસ્તવવૃતિ | ૩૩ | બોટિકપ્રતિષેધ૩૦ |
| ૬ | ધર્મસાર ટીકા | ૨૦ | ચૈત્યવંદનભાષ્ય | ૩૪ | યતિદિનકૃત્ય |
| ૭. | નાનાચિત્રક | ૨૧ | જ્ઞાનપંચક વિવરણ | ૩૫ | યશોધરચરિત્ર |
| ૮. | જ્ઞાનાદિત્ય પ્રકરણ | ૨૨ | દર્શનસપ્તતિકા | ૩૬ | વીરાંગદકથા |
| ૯ | પ્રતિષ્ઠાકલ્પ | ૨૩ | ધર્મલાભસિધ્ધિ | ૩૭ | વેદબાહ્યતાનિરાકરણ |
| ૧૦ | પ્રશમરતિ ટીકા | ૨૪ | ધર્મસાર | ૩૮ | સંગ્રહણિવૃતિ |
| ૧૧ | ભાવાર્થ માત્રા-વેદીની | ૨૫ | નાણાયાત્તક | ૩૯ | સંપચારિક્તરી |
| ૧૨ | મુણિવચ્ચરિય | ૨૬ | નાનાચિત્તપ્રકરણ | ૪૦ | સંસ્કૃત આત્માનુશાસન |
| ૧૩ | લોકબિંદુ | ૨૭ | ન્યાયવિનિશ્ચય | ૪૧ | વ્યવહારકલ્પ |
| ૧૪ | વિમાણનરયઈંદ | ૨૮ | પરલોકસિદ્ધિ | -- | -- -- -- |

## ૪.૪ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીને જિનાગમો પરનુ બહુમાન

આચાર્યશ્રી હરિભદ્રસુરિજી ધુરંધર યુગપુરુષ હતા. તેમના મૌલિક શાસ્ત્રો ઉપરાંત આગમ વિવેચનોનાં એમના વચનોને પછીના આચાર્યો પોતાના ગ્રંથમાં ઉદ્ધરણ તરીકે લે છે. એમના પોતાના વાક્યો સૂત્રો જેવા છે. જેના પર સારું વિવેચન થઈ શકે. આ રચનાનો બધો પ્રતાપ તેઓ જિનાગમોનો જ માને છે. તેઓ એક સ્થાને લખે છે કે

"હા ! અણાહા કહું હું તા, હા ! જઈ ણ હું તો જિણાગમો,"[૩૧]

અર્થાત્ અરે ! જો આ જિનશાસનના આગમો ન મળ્યા હોત તો ઘોર સંસારસાગરમાં મારું શું થાત ? અજ્ઞાન મિથ્યાત્વના અંધકારમાં અહંત્વ અને મિથ્યા પ્રવૃતિમાં રચ્યાપચ્યા રહી શેષ ભાવના ગુણાકાર કર્યા હોય ! આ ઉદ્દગાર સૂચવે છે કે એમને જિનાગમ પર ભારોભાર અને અનન્ય બહુમાન હતું. તેમજ શાસ્ત્રો રચવામાં પણ ઉપયોગી બોધ અને પ્રેરણા એમણે જિનાગમોથી લીધી હતી. તેઓ બ્રાહ્મણકુળમાં જન્મેલા અને એ કુળના જે સંસ્કાર તથા એ કુળની વિદ્યા (વેદ, પુરાણ વગેરે) પામેલા ! તેઓને જિનાગમ વગેરે ન મળવાનું મળી ગયું. એટલે એમને નવાઈનો પાર ન રહ્યો અને જિનાગમ પર અથાગ રાગ બંધાઈ ગયો. અહો ! આ વિશ્વોતમ જિનાગમની પ્રાપ્તિ ! 'નિરંતર આ અહોભાવને લીધે જિનાગમમાંથી રત્નો લઈ લઈને મૂળ શાસ્ત્રો અને ટીકાની રચનાઓ જ કરતાં રહ્યા.

## ૪.૫ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી રચિત યોગગ્રંથોનો સંક્ષિપ્ત પરિચય

જૈનશાસ્ત્રોમાં આચાર્યશ્રી હરિભદ્રસુરિજીના સમય પહેલા આધ્યાત્મિક વિકાસક્રમનું વર્ણન ચૌદ ગુણસ્થાનકરૂપે, બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મારૂપે અથવા ધર્મધ્યાન શુક્લધ્યાનરૂપે મળે છે. આચાર્યશ્રી હરિભદ્રસુરિજી જ જૈનપરંપરામાં સર્વપ્રથમ આત્માના વિકાસનું યોગરૂપે વર્ણન કરે છે. એટલું જ નહિ. પરંતુ પરિભાષા તેમજ વર્ણનશૈલી સુદ્ધાં નવી જ યોજે છે.[૩૨] "मोक्षेण योजनाद् योगः" "આત્માને મોક્ષ સાથે જોડી આપે તેવો વ્યાપાર તે યોગ". આવો અર્થ કરી આત્માના વિકાસનું વર્ણન યોગરૂપે આચાર્યશ્રી હરિભદ્રસુરિજીએ સર્વપ્રથમ કરેલ છે.[૩૩] તેઓએ માત્ર જૈન પરંપરાના સાહિત્યમાં જ નહિ, પરંતુ સમગ્ર આધ્યાત્મિક પરંપરાના સાહિત્યમાં એક નવી જ કેડી પાડી છે.

આચાર્યશ્રી હરિભદ્રસુરિજીનાં યોગવિષયક મુખ્ય ગ્રંથો ચાર છે. (૧) યોગબિંદુ, (૨) યોગદ્રષ્ટિ સમુચ્ચય, (૩) યોગશતક, (૪) યોગવિશિકા ૫) બ્રહ્મસિધ્ધિ સમુચ્ચય અને ૬) ષોડશકનાં કેટલાંક પ્રકરણો જેમ કે ૧૦, ૧૪ અને ૧૬ મું પ્રકરણ યોગવિષયક છે. જેનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે.

(૧) યોગબિંદુ (સંસ્કૃત)

અનુષ્ટુપ છંદમાં રચાયેલ પર૭ ગાથાની આ કૃતિ અધ્યાત્મ ઉપર પ્રકાશ પાડેછે. તેમાં વિવિધ વિષયોનું નિરૂપણ છે. જેમાં સૌ પ્રથમ યોગનાં અધિકારી તેમજ અનાધિકારીની ચર્ચા કરતાં ક્રમશઃ ૩૧મી ગાથામાં પાંચ પ્રકારના યોગથી મોક્ષનું નિરૂપણ છે.

"अध्यात्मा भावना ध्यानं समता वृतिसंक्षयः ।

मोक्षेण योजनाद योग एव श्रेष्ठो यथोतरम् ।।"[૩૪]

ગાથાર્થ : ૧) અધ્યાત્મ ૨) ભાવના ૩) ધ્યાન ૪) સમતા ૫) વૃત્તિસંક્ષય આ પાંચ મોક્ષમાર્ગના અંગ છે. કારણ કે મોક્ષમાર્ગમાં જોડે છે. આ અંગો એક એકથી શ્રેષ્ઠ છે.




(૧) અધ્યાત્મ યોગ : ઉચિત પ્રવૃતિપૂર્વક અણુવ્રત કે મહાવ્રતયુક્ત મૈત્રી, કરૂણા, મુદિતા, ઉપેક્ષા એ ચાર ભાવનાયુક્ત એવું તત્વચિંતન તે આધ્યાત્મ યોગ છે.

યોગફળ : આ તત્વચિંતનથી પાપક્ષય, સત્વ, શીલ, શાશ્વત, ભાવે પ્રગટે છે. અને અમૃત સમાન જ્ઞાનાદિનો સત્ય અનુભવ પ્રાપ્ત થાય છે. શ્લોક ૩૫૯

(૨) ભાવનાયોગ : આધ્યાત્મયોગનો પુનઃ પુનઃ અભ્યાસ કરતાં અનુક્રમે પ્રાપ્ત થતી મનની સ્થિરતાને ભાવનાયોગ કહેવાય છે.

યોગફળ : ભાવનાયોગથી કામ, ક્રોધ, આદિ અશુભ ભાવોની નિવૃતિ અને જ્ઞાન આદિ શુભ ભાવોની પુષ્ટિ અને શુદ્ધ ચિતની વૃદ્ધિ થાય છે. શ્લોક ૩૬૧

(૩) ધ્યાનયોગ : શુભ એક આલંબનથી સ્થિર પ્રદીપ જેવું અને સૂક્ષ્મોપયોગ યુક્ત ચિત્તને ધ્યાન કહે છે.

યોગફળ : સર્વકાર્યોમાં સ્વાધીનતા, સ્થિરભાવ, અનુબંધ, વ્યવચ્છેદવાળા ધ્યાનથી મિથ્યાચારનો પરિત્યાગ થાય છે. શ્વાસોશ્વાસથી મંત્ર ઉપર લક્ષ રહે છે. વૃતિનો વિચ્છેદ થતાં શુદ્ધિ થાય છે.

(૪) સમતાયોગ : અનાદિ અવિદ્યા કલ્પિત એવી ઇષ્ટ-અનિષ્ટ વસ્તુઓ પ્રત્યે વિવેકપૂર્વક તટસ્થતા કેળવવી તે સમતા યોગ છે.

યોગફળ : યોગથી લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. તેમજ સૂક્ષ્મ કર્મનો ક્ષય થાય છે.

(૫) વૃતિસંક્ષય યોગ : વિજાતીય દ્રવ્યથી ઉદ્દભવેલ ચિત્તની વૃતિઓનો જડમૂળથી નાશ કરવો તે વૃતિસંક્ષય.

યોગફળ : વૃતિસંક્ષયથી કેવળજ્ઞાન, શૈલેષીપદ પ્રાપ્તિ અને સદાનંદાયિની અનાબાધિત મોક્ષ પ્રાપ્તિ ઉદ્દભવે છે.[૩૫]

આમ અધ્યાત્મ, તેથી ભાવના, તેથી ધ્યાન તેથી સમતા અને તેથી વૃતિક્ષય અને વૃતિક્ષય થતાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આ યોગભૂમિકાઓ પૈકી પહેલી ચારને આચાર્યશ્રી હરિભદ્રસુરિજી પતંજલિ સંમત સંપ્રજ્ઞાત સમાધિ સાથે અને છેલ્લીને અસંપ્રજ્ઞાત સાથે સરખાવે છે. યોગિક અનુષ્ઠાનોથી તેની પ્રશસ્તા, અપ્રશસ્તાના આધાર પર પાંચ વિભાગમાં વિભાજિત છે.

◆ અનુષ્ઠાનના પાંચ ભેદ[૩૬]

વિષ * આ ભવમાં ભાવિમાં ધન-પુત્ર-યશલાભનાં આશયથી થતાં ધર્માનુષ્ઠાન તે વિષ.

ગર * પરભવમાં દેવ-ઈન્દ્રચક્રવર્તીપણાનાં આશયથી થતાં ધર્માનુષ્ઠાન તે ગર.

અનનુષ્ઠાન * કોઈપણ જાતનાં ઉપયોગશૂન્ય જે અનુષ્ઠાન કરાય તે અનનુષ્ઠાન.

તદ્દહેતુ * ઉત્તમાનુષ્ઠાન પ્રત્યેના રાગથી કરાતું પ્રાથમિક ધર્માનુષ્ઠાન તે તદ્દહેતુ.

અમૃતાનુષ્ઠાન * આ અનુષ્ઠાન જિનેશ્વર કથિત છે. એવા ભાવપૂર્વક અને અતિશય સંવેગપૂર્વક કરાતું અનુષ્ઠાન તે અમૃતાનુષ્ઠાન.

પહેલાં ત્રણ અસદ્દનુષ્ઠાન છે, જ્યારે છેલ્લા બે સદ્દનુષ્ઠાન છે. અપુનર્બન્ધક આદિ યોગધિકારીઓને સદ્દનુષ્ઠાન જ હોય છે. આ ગ્રંથમાં અનેક સ્થાનો પર પાતાંજલ યોગ તેમજ બૌદ્ધયોગ સાથે તુલનાત્મક અધ્યયન દ્વારા પરસ્પર સમનવ્ય સ્થાપિત કરવામાં આવ્યો છે. તેમજ યોગ નિરૂપણ સાથે અનેક દાર્શનિક તત્વોની સમીક્ષા કરવામાં આવી છે.

(૨) યોગદ્રષ્ટિ સમુચ્ચય (સંસ્કૃત)

આ કૃતિ ૨૭૭ શ્લોક પ્રમાણે છે. જે અનુષ્ટુપ છંદમાં છે. આ ગ્રંથમાં જીવનાં આધ્યાત્મિક વિકાસક્રમનું નિરુપણ નવીન દ્રષ્ટિકોણથી કરતાં વિકાસાવસ્થાને યોગદ્રષ્ટિઓના માધ્યમથી સમજાવવામાં આવ્યું છે. યોગબિંદુમાં વર્ણિત 'પૂર્વસેવા' નું જ વિસ્તૃત નિરૂપણ 'યોગબીજ' નાં રૂપમાં કરવામાં આવ્યું છે. તે અતિરિક્ત યોગ્યતાભેદનાં આધાર પર પ્રથમ યોગનાં ૩ ભેદ દર્શાવ્યા છે.[૩૭]

◆ યોગનાં ભેદ




◆ સંક્ષિપ્ત પરિભાષા

(૧) ઈચ્છાયોગ : જે યોગમાં ઈચ્છા પ્રધાન હોય, પ્રમાદાદિને લીધે શાસ્ત્રનુસારિતા અલ્પ હોય તે ઈચ્છાયોગ.

(૨) શાસ્ત્રયોગ : અપ્રમત્તતાને લીધે શાસ્ત્રૈકલક્ષિતાથી શાસ્ત્રીય અનુષ્ઠાનો થાય તે શાસ્ત્રયોગ.

(૩) સામર્થ્ય યોગ : શાસ્ત્રયોગનો ચિરકાળથી અભ્યાસ થવાના લીધે આત્મામાં એક વિશેષ પ્રકારનું સામર્થ્ય પ્રગટે છે કે જેના લીધે જીવ શાસ્ત્રોક્ત યોગથી ઘણો આગળ વધી જાય છે. તે સામર્થ્ય યોગ છે. અને તે શબ્દજ્ઞાન-શાસ્ત્રજ્ઞાનનો નહીં પરંતુ અનુભવજ્ઞાનનો વિષય બની રહે છે. દરેક યોગસાધનાની પરાકાષ્ટાએ સામર્થ્યયોગ પ્રગટે છે. સંયમયોગ, તપોયોગ, જ્ઞાનયોગ વગેરે પ્રકૃષ્ટ બને ત્યારે તે જ સામર્થ્ય યોગ બને છે.

◆ સામર્થ્યયોગનાં ભેદ

(૧) ધર્મ સન્યાસ : ધર્મ એટલે ક્ષાયોપશમિક ગુણો. તેનો સન્યાસ અર્થાત્ ત્યાગ કરવો, તેનું નામ ધર્મસન્યાસ છે. મોક્ષને અનુકુળ તે આત્મા પોતાના ફળ સ્વભાવ રૂપ ક્ષાયિકભાવનાં ક્ષમાદિ ગુણો = ધર્મો જેનાથી પ્રગટ થાય છે તે ધર્મસન્યાસ નામનો સામર્થ્ય યોગ છે.

(૨) યોગ સન્યાસ : સંપૂર્ણ શુદ્ધ એવો આ યોગ છે. કાર્યાદિ ક્રિયાઓનાં યોગોનો ત્યાગ યોગસન્યાસ નામના સામર્થ્ય યોગમાં થાય છે. જે જીવની શૈલેષી અવસ્થા છે. આ શૈલેષી અવસ્થાની પ્રાપ્તિરૂપ બીજો સામર્થ્ય યોગ છે.[૪]

"मित्रा तारा बला दीप्रा स्थिरा कांता प्रभा परा ।
नामानि योगद्रष्टिना लक्षणं च निबोधित ।।" - શ્લોક ૧૩

(૧) મિત્રા, (૨) તારા (૩) બલા (૪) દીપ્રા : આ ચાર દ્રષ્ટિઓને મિથ્યાત્વનો અલ્પ અંશ હોય છે.

(૫) સ્થિરા, (૬) કાંતા (૭) પ્રભા (૮) પરા : આ ચાર દ્રષ્ટિઓને મિથ્યાત્વનો અભાવ હોય છે.

આ વિભાગ અનુક્રમે પાતાંજલદર્શન પ્રસિદ્ધ યમ, નિયમ આદિ આઠ યોગાંગને આધારે તેમજ ખેદ, ઉદ્વેગ આદિ બૌદ્ધ પરંપરા પ્રસિદ્ધ આઠ દોષોના ત્યાગને આધારે અને અદ્વેષ, જિજ્ઞાસા આદિ આઠ યોગગુણનાં પ્રાગટ્યને* આધારે કરવામાં આવેલ છે. આ આઠ ભૂમિકામાં વર્તતા સાધકનાં સ્વરૂપનું ત્યારબાદ વિગતે વર્ણન છે. યોગની આઠ દ્રષ્ટિઓનું કોષ્ટક આ પ્રમાણે છે.

| યોગની આઠ દ્રષ્ટિઓનું કોષ્ટક | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | યોગદ્રષ્ટિ | યોગાંગ | દોષ-ત્યાગ | ગુણ-પ્રાપ્તિ | બોધઉપમા | વિશેષતા |
| ૧ | મિત્રા | યમ | ખેદ | અદ્વેષ | તૃણાગ્નિ કણ | મિથ્યાત્વ |
| ૨ | તારા | નિયમ | ઉદ્વેગ | જીજ્ઞાસા | ગોમય અગ્નિકણ | મિથ્યાત્વ |
| ૩ | બલા | આસન | ક્ષેપ | સૂશ્રુષા | કાષ્ઠ અગ્નિકણ | મિથ્યાત્વ |
| ૪ | દીપ્રા | પ્રાણાયામ | ઉત્થાન | શ્રવણ | દીપપ્રભા | મિથ્યાત્વ |
| ૫ | સ્થિરા | પ્રત્યાહાર | ભ્રાન્તિ | બોધ | રત્નપ્રભા | સમ્યકત્વ |
| ૬ | કાંતા | ધારણા | અન્યમુદ | મીમાંસા | તારાપ્રભા | સમ્યકત્વ |
| ૭ | પ્રભા | ધ્યાન | રુગ | પ્રતિપતિ | સૂર્યપ્રભા | સમ્યકત્વ |
| ૮ | પરા | સમાધિ | આસંગ | પ્રવૃત્તિ | ચંદ્રપ્રભા | સમ્યકત્વ |

ત્યારબાદ ત્રીજા વર્ગીકરણમાં યોગીઓને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.[૪૦] જે પૂર્વનું એકમ ૨.૬માં સમજૂતી આપેલ છે.

### (૩) યોગવિંશિકા (પ્રાકૃત)

આચાર્યશ્રી વસુબંધુજીએ વિજ્ઞાનવાદનું નિરૂપણ કરવા માટે વિંશિકા, ત્રિંશિકા જેવા ગ્રંથોની રચના કરી છે.[૪૧] આચાર્યશ્રી હરિભદ્રસુરિજીએ પણ એવી રચનાઓનું અનુકરણ કરી પ્રાકૃતમાં વિંશિકાઓનું પ્રણયન કર્યું. 'વિંશતવિંશિકા' નામના પ્રકરણ અંતર્ગત 'યોગવિંશિકા' યોગવિષયક એક એવું નાનું પ્રકરણ છે. જેમાં ૨૦ પ્રાકૃતગાથાઓનાં માધ્યમથી યોગની વિકસિત અવસ્થાઓનું નિરુપણ છે. યોગનાં મુખ્ય અધિકારીનાં રૂપમાં ચારિત્રીનો નિર્દેશ કરતાં તેના સર્વ ધર્મવ્યાપારોને યોગ કહી આચાર્યશ્રી હરિભદ્રસુરિજીએ પોતાની વ્યાપક તેમજ ઉદાર દ્રષ્ટિનો પરિચય આપ્યો છે. "જે પ્રવૃતિ મુક્તિ તરફ લઈ જાય તે યોગ છે." કહી યોગની પાંચ ભૂમિકાઓ દર્શાવી છે.

(૧) સ્થાન : સ્થિર કહી શકાય તે સ્થાન. કાર્યોત્સર્ગ, પદ્માસન વગેરે આસન.

(૨) ઉર્ણ / વર્ણ : સૂત્રનું ઉચ્ચારણ, મંત્ર, જાપ વગેરે.

(૩) અર્થ : સૂત્રનાં પદનો વાચ્યાર્થ

(૪) આલંબન : પ્રતિમાદિ સ્વરૂપ રૂપી દ્રવ્ય પર મનનું કેન્દ્રિત કરવું.

(૫) અનાવલંબન : શુદ્ધ આત્માના સ્વરૂપનું ચિંતન.

તેમાંથી પ્રથમ બે કર્મયોગ છે. અને બાકીના ત્રણ જ્ઞાનયોગ છે.[૪૨] આ પાંચ પ્રકારોમાંથી પ્રત્યેકના ચાર ભેદ છે. ઈચ્છા, પ્રવૃતિ, સ્થૈર્ય અને સિદ્ધિ. આ ગ્રંથમાં યોગનાં ૮૦ ભેદોનું નિરુપણ છે.[૪૩]

अणुकपा निव्वेओ, संवेगो होइ तह य पसमु त्ति ।

एएसिं अणुभावा, इच्छाईणं जहासंखं ।।८।।

ગાથાર્થ : અનુકંપા, નિર્વેદ, સંવેગ તથા પ્રશમ તે ઈચ્છાદિનાં યથાસંખ્ય અનુભાવો છે.

(૧) અનુકંપા : દ્રવ્યથી અને ભાવથી દુઃખી જીવોના દુઃખને યથાશક્તિ દૂર કરવાની ઈચ્છા.

(૨) નિર્વેદ : સંસારની નિર્ગુણતાનાં કારણે ભવ પ્રત્યેની વિરક્તતા નિર્વેદ છે. પ્રવૃતિયોગનું કાર્ય નિર્વેદ છે.

(૩) સંવેગ : સંવેગ એટલે મોક્ષનો અભિલાષ, સ્થૈર્યયોગનું કાર્ય સંવેગ છે.

(૪) પ્રશમ : ક્રોધ, કષાય અને વિષયની તૃષ્ણાનો ઉપશમ પ્રશમ છે.

આમ અહીં આચાર્યશ્રી હરિભદ્રસુરિજીની તત્વાર્થસૂત્રની ટીકાની જેમ સમ્યકત્વનાં આસ્તિક્ય વગેરે પાંચ લક્ષણો પશ્ચાદનુપૂર્વીથી આપવામાં આવ્યા છે. તે સાથે જ સદનુષ્ઠાનનાં પ્રીતિ, ભક્તિ, વચન અને આસંગ આ ચાર ભેદોનું નિરુપણ પણ આ નાનીકૃતિમાં વિદ્યમાન છે.

## (૪) બ્રહ્મસિદ્ધિ સમુચ્ચય

આ ગ્રંથના પ્રણેતા આચાર્ય હરિભદ્રસૂરિજી છે. એમ મુનિ પુણ્યવિજયજી નો મત છે.[૪૪] તેની એક ખંડિત તાડપત્રીય પ્રત જે તેમને મળી હતી. આ સંસ્કૃત ગ્રંથના ૪૨૩ પદ્ય જ મુશ્કેલીથી મળ્યા છે અને તે પણ પૂર્ણ નથી. આદ્ય પદમાં ભગવાન મહાવીરને નમસ્કાર કરીને બ્રહ્માદિની પ્રક્રિયા તેમના સિદ્ધાંત અનુસાર સમજાવવાની પ્રતિજ્ઞા કરી છે. આ ગ્રંથનું મહત્વ એ છે કે તેમાં સર્વ દર્શનોનો સમન્વય સાધવામાં આવ્યો છે.

શ્લોક ૩૫માં અદ્વેષ, જિજ્ઞાસા વગેરે યોગથી પ્રાપ્ત થતાં ગુણોનો ઉલ્લેખ છે. શ્લોક ૫૪માં અપુનર્બન્ધકનો ઉલ્લેખ છે. શ્લોક ૧૮૮-૧૯૧માં નમસ્કાર યોગનાં ત્રણ પ્રકારો- ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્ય યોગનો ઉલ્લેખ છે.

'नमस्कारादिको योगः सर्वोऽपि विविधो मतः ।

सदिच्छा – शास्त्र – सामर्थ्ययोगभेदेन तत्वतः ।।१८८।। બ્રહ્મસિધ્ધિ સમુચ્ચય.

## ૪.૫ ષોડશક

પ્રસ્તુત ગ્રંથ ૧૬ પ્રકરણોમાં વિભાજીત છે. જેમાં કુલ ૨૫૬ શ્લોક છે. ગ્રંથનું ૧૪ અને ૧૬ મું પ્રકરણ યોગવિષયક છે. ૧૪માં પ્રકરણમાં સાલંબન - નિરાલંબન ધ્યાન-યોગની વાત કરી છે. ધ્યાનનાં અધિકારી તરીકે પ્રવૃતચક્ર યોગીને જણાવ્યા છે. જેઓ દિવસ-રાત યોગચક્રમાં પ્રવૃત હોય છે. ઉપરાંત યોગ - સાધનાનાં બાધક ખેદ, ઉદ્વેગ આદિ દોષોનું વર્ણન છે. ૧૬માં પ્રકરણમાં દોષોના પ્રતિપક્ષી અદ્વેષ, જિજ્ઞાસાદિ ગુણોનું નિરુપણ અને તેનાં ફળમાં મોક્ષ, પરિણામી આત્મા કર્મનો વિચાર કરતાં અદ્વેતવાદ વગેરેની સમીક્ષા કરવામાં આવી છે. તેના ઉપસંહારમાં અન્ય દર્શનીના વિચાર કરતાં અદ્વેતવાદ વગેરેની સમીક્ષા કરવામાં આવી છે. તેના ફળમાં મોક્ષ, પરિણામી આત્મા કર્મનો વિચાર કરતાં અદ્વેતવાદ વગેરેની સમીક્ષા કરવામાં આવી છે. તેમજ અન્યદર્શનીના આગમો પર પણ દ્વેષ નહીં તેની પ્રેરણા છે. બાલ - મધ્યમ ને પંડિત કક્ષાના જીવોથી શરૂ થયેલો ગ્રંથનો વિષયભાગ અંતે નિરાલંબન ધ્યાનયોગ અને તત્ફલરૂપ મોક્ષમાં પર્યવસિત થાય છે.

આ ઉપરથી જોઈ શકાશે કે આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ યોગમાર્ગને અનુરૂપ એવી સર્વસાધારણ નવિ પરિભાષામાં જૈનપરંપરા પ્રસિધ્ધ આધ્યાત્મિક વિકાસક્રમનું યોગરૂપે નિરૂપણ કરવામાં પહેલ કરી છે. આ ગ્રંથ પર આચાર્યશ્રી યશોભદ્રસૂરિજી કૃત ટીકા ઉપરાંત મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત દીપિકાવૃતિ છે. 'ષોડશક પ્રકરણ' એક સંગ્રહગ્રંથરૂપ હોવાથી ઘણાં વિષયો આવરી લેવાયા છે.

આચાર્યશ્રી શીલપૂર્ણાશ્રીજી, મુનિ શ્રી પુણ્યવિજયજી, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ અનેક આચાર્યએ તથા શ્રી પ્રવિણચંદ્ર, શ્રી ધીરજલાલ વગેરે વિદ્વાનોએ યોગશતક ગ્રંથ પર અનેક વિવેચનો અને અનુવાદો કરેલ છે. તે **યોગશતક ગ્રંથની કૃતિઓની સૂચિ પરિશિષ્ટ-૫માં દર્શાવેલ છે.**

યોગશતક ગ્રંથનો પરિચય આગળના પ્રકરણમાં વિસ્તારથી કરેલ છે.

# પાદટીપ

૧. સમદર્શી આચાર્ય હરિભદ્ર, લેખક : પંડિત સુખલાલજી, પૃ.-૧૪૪

૨. 'કહાવલી' કૃત અમુદ્રિત છે. જેની હસ્તલિખિત પ્રત પાટણનાં જૈનભંડારમાં ઉલપબ્ધ છે.

૩. 'पिवंगुईए वंभपुणीए' સંઘવી પાડો, જૈનભંડાર, પાટણ, વિ.સં. ૧૪૯૭માં ઉલ્લિખિત તાડપત્રીય હસ્તપ્રત ખંડ-૨, પત્ર-300.

૪. નીચેના પ્રાચીન ગ્રંથોમાં જન્મસ્થાન તરીકે ચિત્તોડ-ચિત્રકુડનો ઉલ્લેખ મળે છે.

 ૧) આચાર્યશ્રી હરિભદ્રસૂરિ કૃતા 'ઉપદેશ પદ' પર ચંદ્રપ્રભુસૂરિકૃત ટીકા, વિ.સં. ૧૧૭૪

 ૨) 'ગણધરસાર્ધ શતક' પર સુમતિગણિતકૃત વૃતિ, વિ.સં. ૧૨૯૫

 ૩) પ્રભાચંદ્રસૂરિકૃત 'પ્રભાવકચરિત્ર' શૃંગ-૯, શ્લોક-૫, વિ.સં. ૧૩૩૪.

 ૪) રાજશેખરસૂરિકૃત 'પ્રબંધકોષ', પૃ.-૬૦, વિ.સં.૧૪૦૫.

૫. સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિજી, લેખક :પંડિત સુખલાલજી, પૃ.-૮

૬. संकरो नाम भटो, तस्स गंगा नाम भट्टिणी ।
तिसे हरिभद्दो नाम पंडिओ पुत्तो ।। द्रष्टव्यः कहावली, पत्र-300.

૭. "अतितरवसति – पुरोहितोऽभून्नृपविदितो हरिभद्रनामवितः ।", પ્રભાવકચરિત્ત શૃંગ-૯, હરિભદ્રસૂરિજી રચિત. શ્લોક-૮.

૮. જૈન સાહિત્ય સંશોધક ભાગ-૧, અંક-૧, લેખકનું નામ :'હરિભદ્રસૂરિકા સમય નિર્માણ' પૃ.-૫૩,

૯. पाताञ्जल योग एवं जैनयोग का तुलनात्मक अध्ययन, संपादिका – अरुणा आनन्द, पृ.-२०

૧૦. स्फुटति जठरमत्र शास्त्रपूराजिति स दधावुदरे सुवर्णपट्टम् ।
मम सम्मतिरस्तित नैव जम्बक्षितिवलये बहते तता च जम्बवाः । प्रभावकचरित् ९/९-१०

૧૧. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ.-૧૫૭

૧૨. આવશ્યક નિર્યુક્તિ, ગાથા-૪૨૧, પ્રભાવકચરિત્ર ૯/૧૧

૧૩. वपुरवे तवाचष्टे भगवन !वीतरागताम् ।
न हि कोठरसंस्थेडम्नौ तरुभवति शाद्वलः । प्रभावक चरित्र ९/२९

૧૪. ૧) આવશ્યક ટીકાની પ્રશસ્તિઃ "समाप्ता चेयं शिष्यहितो नाम आवशयकटीका । वृतिः सिताम्बराचार्य जिनभट्टनिगदानुसारिणो "विद्याधर" कुलतिलकाचार्य जिनदतशिष्यस्य धर्मतो जाइणीमहत्तरासूनोरल्यमतेराचार्यहरिभद्रस्य"

 ૨) ઉપદેશપદની પ્રશસ્તિઃ 'जाइणिमयहरिआए रइआ एए उ धम्मपुतेण ।
हरिभद्रयरिएणं वविरहं इच्छामाणंणं ।।'

3) પંચસૂત્ર વિવરણની પ્રશસ્તિઃ 'विकृतं च याकिनी महत्तरासूनुं श्री हरिभद्रचार्यः ।'

૧૫. સમરાદિત્યકથા, સંપાદક : જકોબી પ્રસ્તાવના, પૃ.-૩૬૫.

૧૬. સમદર્શી આચાર્ય હરિભદ્ર, પંડિત સુખલાલ સંઘવી, પૃ.-૧૪.

૧૭. 'કહ્રાવલી' પત્ર-300 :'हरिभद्दो भणइ भयवे पिउ मे भव विरहो ।' પૃ.-૧૩

૧૮. પ્રભાવકચરિત્ર શૃંગ-૯.

૧૯. યોગશતક, સંપાદક : ડૉ. ઈન્દુકલા ઝવેરી, પૃ.-૧૨

૨૦. 'કહ્રાવલી' પત્ર-૩૦૧ અ, 'चिरं जीवए भवविरहसूरिजि।'

૨૧. विरहशब्देन हरिभद्राचार्यकृत्वं प्रकरणस्यावेदितम्, विरहांकत्वा हरीभद्रसूरेरिति । અષ્ટક પ્રકરણ, ટીકા, પૃ.-૧૦૪.

૨૨. પંડિતજી કલ્યાણવિજયજી, 'ધર્મસંગ્રહિણી' પ્રસ્તાવના, પૃ.-૭

૨૩. યોગશતક, સંપાદક : ડૉ. ઈન્દુકલા ઝવેરી, પૃ.-૧૫

૨૪. 'પ્રભાવકચરિત્ર' શ્લોક-૭૫, પ્રબંધ કોશ, પૃ-૨૬.

૨૫. योगश्चित वृत्ति निरोधः । યોગસૂત્ર-૧.૨

૨૬. सब्बपापस्य अकरणं कुसलस्स उपसंपादा ।
सचित परियोदपनं एतं बुद्धान सासनं ।। ધમ્મપદ-૧૪.૫

૨૭. पांतांज्जल एवं जैनयाग-साधना पद्धति सः अरुणा आनन्द, पृ.-२१३

૨૮. ૧) પ્રથમ મુનિચંદ્રસૂરિની ઉપદેશપદની ટીકા વિ.સં. ૧૧૭૪માં ૧૪૦૦ ગ્રંથ
   ૨) પંડિત બેચરાસકૃત જૈનદર્શનની પ્રસ્તાવના, પૃ.-૪, ૭. ૧૪૦૦ ગ્રંથ.
   3) चुतदर्शशत संख्याशास्त्र विरचनाडजनितज गज्जनतूऽपकारः – श्री हरिभद्रसूरिः । षडदर्शन समुच्चय, गुणरत्नसूरिकृत टीका, पृ.-१
   ૪) चतुर्शशत प्रकरणोयकृत जिनधर्मो भगवान श्री हरिभद्रसूरिः । षडदर्शन समुच्चय मणिभद्रकृत टीका, उपोदघात ।
   ૫) षडदर्शन समुच्चय सौमतिलक (विद्यातिलक) कृत लघुवृत्ति, उपोदघात ।
   ૬) રાજશેખર સૂરિ, પ્રબં કોશ-૧૪૪૦ ગ્રંથ.
   ૭) રત્નશેખર સૂરિ, 'શ્રાદ્ધ પ્રતિક્રમણાર્થ દીપિકા' – ૧૪૪૪ ગ્રંથ.

૨૯. યોગશતક, સંપાદક : ડૉ. ઈન્દુકલા ઝવેરી, પૃ.-૧૩

30. જૈનસાહિત્ય સંશોધક, ભાગ-૧, અંક-૧, પૃ-૨૩.

3૧. યોગદ્રષ્ટિ સમુચ્ચય વ્યાખ્યાનો ભાગ-૧, સંપાદક : પંન્યાસશ્રી પદ્મસેનવિજયજી, પૃ.-૨

3૨. યોગશતક, સંપાદક : ડૉ. ઈન્દુકલા ઝવેરી, પૃ.-૪૭

33. યોગશતક, અનુવાદક : પંડિતશ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા, પ્રાક. કથન, પૃ-૧૦.

3૪. યોગબિંદુ ગાથા-3૧

૩૫. યોગબિંદુ ગાથા-૩૫૮ થી ૩૬૫

૩૬. विषं गरोऽननुष्ठानं, तद्धेतुरमृतं परम ।
गुर्वादि पूजानुष्ठान – मपेक्षादिविधानतः ।। યોગબિંદુ, ગાથા-૧૫૫

૩૭. યોગદ્રષ્ટિ સમુચ્ચય, શ્લોક ૩-૫.

૩૮. યોગવિવેક દ્વાત્રિંશિકા, વિવેચક :પંડિતશ્રી પ્રવિણચંદ્ર મોતા, પૃ.-૩૪

૩૯. યોગદ્રષ્ટિ સમુચ્ચય, ડૉ. ભગવાનદાસ મનસુખલાલ મહેતા, પૃ. ૬૮૧ થી ૭૦૭

૪૦. पांताज्जल एवं जैनयोग का तुलनात्मक अध्ययन । संपादक – अरुणा आनन्द, पृ.२७

૪૧. જૈનસાહિત્યનો બૃહદ ઇતિહાસ, ભાગ-૪, સંપાદક - ડૉ. નગીન શાર, ડૉ. રમણિક શાહ, પૃ.-૨૩૮, તેમજ યોવંશિકા, ગાથા-૨.

૪૨ યોવંશિકા, ગાથા-૨, પ્રકાશક - શ્રી ૧૦, જૈનતીર્થદર્શન ભવન ટ્રસ્ટ, અમદાવાદ, પ્રથમ સંસ્કરણ, ઈ.સ. ૨૦૦૪.

૪૩. યોગવંશિકા વિવેચક, પંડિત પ્રવીણચંદ્ર મોતા, પૃ.-૧૬

૪૪. યોગશતક, અનુવાદક : પંડિતશ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા, પૃ-૧૩૮-૧૩૯
૮૦ ભેદ = સ્થાન, ઉર્ણ, અર્થ, આલંબન, નિરાવલંબન એમ પાંચ યોગનાં ઈચ્છા - પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ ચારચાર ભેદો થતાં ૨૦ અને તે વીસ ભેદોમાં પ્રીતિ, ભક્તિ, વચન અને આસંગ એમ ચાર - ચાર ભેદો થતાં કુલ ૮૦ ભેદ.

૪૫. ષોડશક, પ્રકરણ ૧૪ - ૧૬

## પ્રકરણ-૫

# યોગશતક ગ્રંથનું અધ્યયન : ભાગ-૧

૫.૧ યોગશતક ગ્રંથનો પરિચય

૫.૨ યોગનું સ્વરૂપ : નિશ્ચય યોગ અને વ્યવહાર યોગ

  ૫.૨.૧ નિશ્ચય નયથી યોગ

  ૫.૨.૨ વ્યવહાર નયથી યોગ

૫.૩ યોગમાર્ગનાં પ્રથમ અધિકારી - અપુનર્બન્ધ

  ૫.૩.૧ અપુનર્બન્ધક જીવોનાં લિંગો

  ૫.૩.૨ અપુનર્બન્ધક જીવોને આશ્રયી ઉપદેશનાં કથનનું સ્વરૂપ

૫.૪ યોગમાર્ગનાં દ્વિતીય અધિકારી - સમ્યગ્દ્રષ્ટિ

  ૫.૪.૧ ઉપદેશના અંગો

  ૫.૪.૨ ઉપદેશનાં કારણો

૫.૫ યોગમાર્ગનાં તૃતીય અધિકારી ચારિત્રી

  ૫.૫.૧ યોગમાર્ગનાં પંથે દેશવિરત ચારિત્રવાન

  ૫.૫.૨ યોગમાર્ગનાં પંથે સર્વવિરત ચારિત્રવાન

૫.૬ યોગસાધના દ્વારા ગુણસ્થાનકે જવાની વિધિ

  ૫.૬.૧ નવા ગુણસ્થાનકમાં પ્રવેશવાની વિધિ

  ૫.૬.૨ અપૂર્વગુણસ્થાનકનો પ્રાપ્તિ માટે વિશેષવિધિ

  ૫.૬.૩ કર્મનો ઉપક્રમ કરવા સ્વરૂપ પ્રસ્તુત કાર્યની સાધકવિધિ

૫.૭ યોગના અધિકારનાં વિશેષ ઉપાયો

# પ્રકરણ-૫

# યોગશતક ગ્રંથનું અધ્યયન : ભાગ-૧

## ૫.૧ યોગશતક ગ્રંથનો પરિચય

પ્રસ્તુત યોગશતક ગ્રંથના કર્તા આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી છે. આ ગ્રંથ પ્રાકૃતભાષામાં છે. શ્રી હરિભદ્રસૂરિ નામના અનેક આચાર્યો જૈન પરંપરામાં થઈ ગયા છે.[૧] તે બધામાં જે યાકિની મહત્તરાસૂનું તરીકે પ્રસિદ્ધ છે. અને સમયની દ્રષ્ટિએ સૌથી પહેલા મનાય છે.[૨] આ યોગગ્રંથ વિષયની દ્રષ્ટિએ 'યોગબિંદુ' સાથે સૌથી વધારે સામ્ય ધરાવે છે. યોગબિંદુની ઘણીખરી યોગવસ્તુ યોગશતકમાં સંક્ષેપમાં આવી જાય છે. સંશોધક વિદ્વાન મુનિ પુણ્યવિજયજીએ ખંભાતના તાડપત્રીય ભંડારમાંથી અત્યાર સુધી અપ્રાપ્ય એવી "યોગશતક"ની પ્રતિ મેળવી હતી.

**શ્રી શાંતિનાથ તાડપત્રીય જૈનભંડારની હસ્તપ્રત પરિશિષ્ટ-કમાં આપવામાં આવેલ છે.**

ગાથા ૧ થી ૭માં યોગનાં સ્વરૂપને બતાવવા માટે ગ્રંથકારશ્રીએ પ્રારંભના મંગલાચરણમાં યોગીનાથ એવા શ્રી તીર્થંકર મહાવીર પ્રભુને નમસ્કાર કરીને યોગનાં લેશમાત્રનું સ્વરૂપ દર્શાવે છે. ત્યારબાદ નિશ્ચયયોગ અને વ્યવહાર યોગનું વર્ણન કરતાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમયગ્ચારિત્રએ રત્નત્રયનો આત્મા સાથેનો સંબંધ એ નિશ્ચય યોગ છે. જ્યારે એ ત્રણેનાં કારણો વ્યવહાર યોગ છે. તદ્‌પરાંત વ્યવહારયોગની ઉપયોગિતા શું છે તે આચાર્યશ્રી જણાવે છે. મોક્ષ પ્રત્યે ઉપાદાન કારણરૂપ જીવની પરિણતિ નિશ્ચયનયથી યોગ અને ભાવપરિણતિનું નિમિત્તકારણ, વ્યવહારનયથી યોગ દર્શાવતું ચિત્ર આપવામાં આવેલ છે. જેમાં યોગની પહેલી ચાર દ્રષ્ટિની અવાંતર પરિણતિઓ છે. બાજુમાં ચિત્ર નં.-૨માં વિસ્તારરૂપે બતાવેલ છે.

**અપુનર્બંધકની અનેક અવાંતર પરિણિતિઓનો યોગની ચાર દ્રષ્ટિરૂપે નિર્દેશ પરિશિષ્ટ-૭માં દર્શાવેલ છે.**

કોઈને કોઈ રીતે જીવમાં અનુપબર્ધન્કની પરિણતિ પ્રગટે છે. ત્યારે પ્રથમ ભૂમિકાની ઉચિત ક્રિયા કરીને સાધક ઉપર ઉપરની યોગની પરિણતિને પ્રાપ્ત કરે છે. આ ક્રમથી બાહ્યક્રિયા અંતરંગ પરિણતિ પ્રત્યે નિમિત્ત કારણ છે, અને પૂર્વની અંતરંગ પરિણતિ ઉત્તર પરિણતિરૂપે થાય છે. આમ મોક્ષનાં કારણરૂપે માન્ય એવી અપુનર્બન્ધકથી આરંભીને ચૌદમાં ગુણસ્થાનકના ચરમ સમય સુધીની સર્વ પરિણતિઓ પ્રત્યે વ્યવહારનયની ક્રિયા નિમિત કારણરૂપે છે.

ગાથા ૮ થી ૧૨માં ગ્રંથકારશ્રી આગળ યુક્તિથી કહે છે કે, 'અધિકારી આત્મા જો ઉપાયમાં યત્ન કરે તો ફળની પ્રાપ્તિ કરે છે.' તેથી પ્રસ્તુત યોગમાર્ગનાં અધિકારી કોણ ? તે બતાવે છે.

• આ ગ્રંથમાં આધ્યાત્મિક વિકાસનો ક્રમ યોગનાં અધિકારી રૂપે

**અપુનર્બન્ધક** યોગમાર્ગમાં પ્રથમ અધિકારી જેઓ ભવાભિનંદી દોષોથી વિરોધી સારા ગુણોવાળા અને અભ્યાસ યોગે ગુણોની ઉત્તરોત્તર વૃધ્ધિ કરનાર.[3]

**સમ્યગ્દ્રષ્ટિ** યોગમાર્ગમાં દ્વિતીય અધિકારી તત્વભૂત અર્થોનુ યથાર્થ શ્રધ્ધાન કરનાર.

**દેશવિરતિ** યોગમાર્ગમાં તૃતીય અધિકારી અણુવ્રતધારી ગૃહસ્થ - શ્રાવક.

**સર્વવિરતિ** યોગમાર્ગમાં ચતુર્થ અધિકારી મહાવ્રતધારી શ્રમણ - નિગ્રંથમુનિ.

આ રીતે યોગનાં અધિકારી બતાવ્યા પછી તે અધિકારીના લિંગો ગાથા ૧૩-૧૪-૧૫માં ક્રમસર બતાવ્યા છે.

(૧) અપુનર્બન્ધકના લક્ષણો




(૨) સમ્યગ્દ્રષ્ટિનાં લક્ષણો

- શુશ્રૂષા
- ધર્મરાગ
- ચિત્તની સમાધિ રહે તે માટે દેવ-ગુરૂની સેવા

(૩) ચારિત્રવાનનાં લક્ષણો



ત્યારબાદ ગાથા ૧૬ થી ૨૦માં સામાયિક ચારિત્રનું વિશદ વર્ણન કરેલ છે. સામાયિક એટલે સમતાભાવની પ્રાપ્તિ, તે ઈત્વરકથિત (અલ્પકાલીન) અને તેનાથી ઈતર યાવત્કથિતના અંગીકરણ દ્વારા સામાયિકની શુધ્ધિનાં ભેદને કારણે દેશવિરતિ - સર્વવિરતિ ચારિત્ર બે ભેદવાળુ છે. અને તે બંને ચારિત્ર પણ અવાંતર ભેદની અપેક્ષાએ અનેક પ્રકારનાં છે. જેનું વિગતે વર્ણન આગળનાં એકમમાં ૫.૫.૧ માં આપવામાં આવેલ છે. આ પ્રમાણે અપુનર્બન્ધકાદિ ચાર પ્રકારનાં યોગનાં અધિકારી જીવોનું વર્ણન છે.

ગાથા ૨૧ થી ૨૩માં જીનેશ્વર ભગવંતની આજ્ઞાયુક્ત ધર્મનુષ્ઠાન યોગનું વર્ણન કરેલ છે. જે નીચે પ્રમાણે છે.

**ધર્માનુષ્ઠાન યોગનું સ્વરૂપ**

**ચિત્તવૃત્તિનો નિરોધ** | **કુશળ પ્રવૃત્તિ** | **મોક્ષની સાથે આત્માનું યુજન**

અપુનર્બન્ધકથી વીતરાગ સુધીનાં જીવોનાં જિનાજ્ઞાયુક્ત અનુષ્ઠાનમાં યોગનાં લક્ષણનો યોગ છે. ચિત્તવૃત્તિનો નિરોધ છે. અને તે પ્રકારની કુશલ પ્રવૃત્તિ દ્વારા આત્માને મોક્ષની સાથે જોડે છે. આ ચારે યોગપાત્રો અપુનર્બન્ધક, સમ્યગ્દ્રષ્ટિ, દેશવિરત અને સર્વવિરતની ઉચિત અનુષ્ઠાની પ્રવૃત્તિ પ્રાયઃ જિનેશ્વર પ્રભુ પ્રત્યેનાં બહુમાનથી દ્રઢતાપૂર્વકની હોવાથી સુપરિશુદ્ધ બને છે.

ગાથા ૨૫ થી ૩૫માં લિંગો દ્વારા ઉપરોક્ત અધિકારીને જાણીને ઉપદેશક દરેકની ભૂમિકા પ્રમાણે યથોચિત ઉપદેશ આપે છે. અને તે ઉપદેશ કેવો આપવો જોઈએ તેનું વિગતથી વર્ણન આગળના એકમોમાં સમજાવેલ છે.

ગાથા ૩૬ થી ૩૭માં જે ઉપદેશકો માત્ર 'મારે ભગવાનનું વચન કહેવું છે' તેમ વિચારીને અપાત્ર કે શ્રોતાની ભૂમિકાનો વિચાર કર્યા વગરનો વિપરીત એવો ઉપદેશ કર્મબંધનું કારણ બને છે. યોગ્ય પાત્ર વ્યક્તિને અપાતો યથોચિત ઉપદેશ તે યોગ છે. તેમ જણાવે છે. અયોગિ એટલે કે ભવાભિનંદી જીવોમાં કરાયેલો યોગનો ઉપદેશ દારુણ વિપાક આપનાર બને છે.

ગાથા ૩૮ થી ૪૫માં પૂર્વોક્ત ગાથાઓમાં ઉપદેશ આપવાની તમામ વિધિ સવિસ્તર સમજાવીને આગળનો કાર્યગત વિધિમાર્ગ પ્રાયઃ સાધારણપણે અતિશય નિપુણતાપૂર્વક શ્રોતાઓએ પોતે જ જાણવા જેવો છે તેનું વર્ણન છે.

ગાથા ૪૬ થી ૫૦ સુધી અકુશલ કર્મના ઉદયથી ગુણસ્થાનક સ્વીકાર્ય પછી અરતિ થાય તો તે અરતિના નિવારણના ઉચિત પ્રયત્નોનું નિરૂપણ છે. જેથી સ્વીકારાયેલું ગુણસ્થાનક માત્ર ગ્રહણરૂપ ન રહે. પરંતુ ઉચિત પ્રવૃત્તિ દ્વારા ઉપર - ઉપરનાં ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બને. આમ ભયાદિ પ્રસંગે શરણાદિના ઉપાયોનું વિસ્તૃત વર્ણન છે. ત્યારબાદ કર્મોનો ઉપક્રમ કરવા સ્વરૂપ ગુણસ્થાનકને સમ્યક્ સ્થિર કરવાની સાધક વિધિ દર્શાવે છે.

સાધક વિધિ
- અરિહંતાદિ ચારનું શરણું
- દુષ્કૃતની ગર્હા
- સુકૃતની અનુમોદના

ઉપરોક્ત ત્રણે સમુહનું નિરંતર સેવન કલ્યાણનું કારણ છે. ગાથા ૫૧ થી ૫૩માં વિશેષ યોગદશા પ્રાપ્ત કરવા માટેના વિશેષ-વિશેષ ઉપાયો-

૧) રાગાદિના પ્રતિપક્ષનાં ભાવનનું કારણ બને એવા ભાવનાશ્રુતનો પાઠ.

૨) વારંવાર ભાવનાશ્રુતના પાઠ દ્વારા રાગાદિ દોષોને ઓળખવા તીર્થશ્રવણ.

૩) ભાવનાશ્રુતના પાઠથી તેના અર્થબોધથી, પુનઃ પુનઃ તીર્થશ્રવણથી અતિનિપુણતાપૂર્વક આત્મસંપ્રેક્ષણનું વર્ણન છે.

ગાથા ૫૪ થી ૫૮ માં ઉપરોક્ત ગાથામાં આત્માને મલિન કરનારા રાગ - દ્વેષ - મોહ છે જે કર્મનાં ઉદયથી જનિત છે. તેથી ગ્રંથકારશ્રી કર્મના સ્વરૂપનું વર્ણન કરે છે. અને આત્માથી અતિરિક્ત કર્મને સ્વીકારવાથી કર્મબંધ અને કર્મમુક્તિ બંને ભાવો ઉપચાર વિના સહજ રીતે ઘટી શકે છે તેનું સ્થાપન કરેલ છે.

ગાથા ૫૯ થી ૬૧મા યોગી મહાત્માને રાગ - દ્વેષ અને મોહમાંથી કોણ વિશેષ પીડે છે ? તેનું કેવી રીતે નિરીક્ષણ કરવું ? તેમાંથી પોતાને જે દોષ બાધક હોય તેનું પ્રતિપક્ષ ચિંતવન કરવાનું ત્યારબાદ તે વિધિ પ્રમાણે રાગાદિ પ્રતિપક્ષનું ભાવન કરવામાં આવે તો તે યોગીઆત્મામાં રાગાદિ ભાવો અલ્પ બને અને ગુણસ્થાનકની વૃદ્ધિ થાય તેનું વર્ણન કરેલ છે.

ગાથા ૬૨ થી ૬૬માં રાગ-દ્વેષ-મોહ આદિનાં પ્રતિપક્ષ ભાવની વિધિનું સવિસ્તૃત વર્ણન કરવામાં આવેલ છે. દેવ-ગુરૂને પ્રણામથી અનુગ્રહ અને અનુગ્રહથી તત્વચિંતનની સિધ્ધિનું દ્રષ્ટાંત પૂર્વક નિરૂપણ છે. તદુપરાંત સ્થાન-ઉર્ણ-અર્થ-આલંબન અને નિરાલંબન એમ પાંચ પ્રકારના યોગો તેના પ્રતિભેદો વગેરેનું વર્ણન છે.

ગાથા ૬૭ થી ૭૭માં રાગ-દ્વેષ-મોહ આદિ સ્વરૂપનાં ચિંતનના વર્ણન સાથે પરિણામ અને વિપાકનું વર્ણન છે. તથા નિપુણતાપૂર્વક રાગાદિનું પ્રતિપક્ષ ભાવના દ્વારા તેમજ એકાંતમાં આવતા બાધકપ્રમાણ (દોષો) જણાવી સ્વપક્ષ એટલે કે અનેકાન્તવાદની સિધ્ધિનું સચોટ નિરૂપણ છે.

ગાથા ૭૮ થી ૮૦ માં સ્વીકારેલા ગુણસ્થાનકની વિધિ માટે અન્ય વિધિ દર્શાવે છે. જેમાં પરમ સંવેગપૂર્વક મૈત્રી આદિ યોગભાવનાઓ ભાવે છે. અને પ્રણિધાનપૂર્વક કરાયેલી મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ ભાવનાઓ અવશ્ય ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને છે.

ગાથા ૮૧ થી ૮૪માં યોગીમહાત્માઓની આહાર વિધિનું વર્ણન છે. ચતુઃશરણગમનાદિનું ભાવન, રાગાદિ પ્રતિપક્ષ ભાવન અને મૈત્ર્યાદિ ચાર યોગભાવનાના ભાવનથી વાસિત 'શુકલાહાર' સ્વરૂપનું પ્રતિપાદન છે.

ગાથા ૮૫માં યોગની વૃદ્ધિ થવાથી અથવા તો ઉપરોક્ત ભાવનાનાં ભાવનથી યોગના ફળનુ નિરૂપણ છે. જે ફળ પ્રકર્ષ પામીને અનુક્રમે મોક્ષરૂપ ફળપ્રાપ્તિનું કારણ બને છે.

ગાથા ૮૬ થી ૮૯માં અન્યદર્શનકારોએ પણ એમના શાસ્ત્રોમાં જે આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો છે તેમજ અધિકૃત ભાવનાથી કઈ રીતે મોક્ષ મળે છે, તેનું બૌદ્ધદર્શનની પરિભાષાથી સ્પષ્ટીકરણ કરેલ છે. અને છેલ્લી ચોથી ગાથામા તેનો જૈનદર્શનની સાથે ઉપસંહાર કરેલો છે.

ગાથા ૯૦માં યોગવિકાસ અને ભાવનાથી સામાયિકની શુધ્ધિ પ્રાપ્ત થાય છે. તેનાથીપ શુક્લધ્યાન અને અનુક્રમે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેનું વર્ણન છે.

ગાથા ૯૧માં મોક્ષની પ્રાપ્તિનું મુખ્ય કારણ સામાયિક છે. તેના સ્વરૂપનું વર્ણન છે. અન્ય સર્વ કુશળ આશયો કરતાં સામાયિક શ્રેષ્ઠ આશય છે અને મોક્ષ પ્રત્યે તે પ્રધાન કારણ છે. તેનું વિસ્તૃત વર્ણન છે.

ગાથા ૯૨ થી ૯૪માં પૂર્વમાં વર્ણિત યોગનાં સેવનથી તે ભવમાં મુક્તિ થાય છે. કદાચ તે ભવમા મોક્ષ ન થાય તો અન્ય ભવમાં ફરી યોગનો પ્રારંભ કરીને યોગનો અભ્યાસ શરૂ થાય છે અને અંતે મોક્ષપદને પામે છે તેનું વિસ્તારથી વર્ણન કરેલ છે.

ગાથા ૯૫મા સામાયિકના પરિણામમાં કરેલા યત્નથી ક્રમે કરીને મોક્ષ થાય છે. તેથી મોક્ષના અર્થી યોગીમહાત્માએ સામાયિકમાં કઈ રીતે યત્ન કરવો જોઈએ તેનું નિરૂપણ છે.

ગાથા ૯૬ થી ૯૮માં મોક્ષ લક્ષ્યમાં પ્રવૃત્ત મુનિએ અંત સમયે કઈ રીતે અનશન કરવું જેથી ઉત્તરભવમાં પણ યોગમાર્ગની પ્રવૃત્તિ અસ્ખલિત પ્રાપ્ત થાય છે. તેથી અંત સમયે અનશન કરવા અર્થે મરણકાળનાં જ્ઞાનનું વિસ્તારથી વર્ણન છે. તેમજ મરણકાળનું જ્ઞાન જાણીને યત્નાતિશયથી અનશનશુધ્ધિ દર્શાવેલ છે.

ગાથા ૯૯માં અનશનશુધ્ધિની પ્રવૃત્તિમાં લેશ્યાનું પ્રધાનપણું છે. તો પણ જો તે આજ્ઞાયુક્ત ન હોય તો કલ્યાણની પરંપરાનું કારણ બને નહી તેથી યોગીને અનશન સમયે જેમ લેશ્યામાં યત્ન કરવાનો છે. તેમ આજ્ઞા શુદ્ધિમાં પણ યત્ન કરવાનો છે. તેવું વર્ણન છે. આ સાથે છ લેશ્યાનું દ્રષ્ટાંતરૂપ ચિત્ર પરિશિષ્ટ-૮ તેમજ લેશ્યા દ્વારાનું ગતિ, સ્થિતિ દર્શાવતું ચિત્ર પરિશિષ્ટ-૯માં આપવામાં આવેલ છે.

ગાથા ૧૦૦માં ગ્રંથનો ઉપસંહાર કરતા આચાર્યશ્રી જણાવે છે કે "તે કારણથી અયોગીપણનાં અર્થીજીવે પ્રભુની આજ્ઞાયોગમાં જ અતિશયવિશેષ સમ્યગ્ પ્રયત્ન જ ભવનો વિરહ અને મુક્તિનો સદા અવિરહ કરાવનાર છે."

## ૫.૨ યોગનું સ્વરૂપ : નિશ્ચય યોગ અને વ્યવહાર યોગ

યાકિની નામના પરમવિદૃષી - પૂજ્ય સાધ્વીજી મહારાજનાં ધર્મપુત્ર એવા શ્રી હરિભદ્રસૂરિજી દ્વારા રચિત યોગશતક ગ્રંથમાં ॐ એવા મન્ત્રાક્ષર પૂર્વક શ્રી સર્વજ્ઞ પરમાત્માને નમસ્કાર કરવા દ્વારા મંગલાચરણ થી પ્રારંભ કરતા કહે છે કે “યોગીઓના નાથ તથા ઉત્તમ યોગમાર્ગનાં ઉપદેશક એવા મહાવીર પ્રભુને નમસ્કાર કરીને યોગ સંબંધી શાસ્ત્રોને અનુસારે યોગમાર્ગના લેશમાત્રને જણાવીશ.[૪]

ગ્રંથના મંગલાચરણમાં પ્રભુવીરનું સ્વરૂપ

યોગીનાથ — સુયોગ સંદર્શક

**યોગીનાથ**

“શ્રી અરિહંત પરમાત્મા એ સર્વ યોગીઓના નાથ છે.” કારણ કે તેઓ વીતરાગ દશાથી પ્રારંભીને અપુનર્બન્ધક સુધીનાં સર્વ કોઈ સાધક આત્માઓને તેમની ભૂમિકાને અનુરૂપ ઉપકાર કરવા દ્વારા રક્ષણ કરનારા છે.

**સુયોગ સંદર્શક**

“શ્રી અરિહંત પરમાત્મા સુયોગના સંદર્શક છે.” તીર્થંકર ભગવંતો પોતે આવા પ્રકારનાં ઉત્તમયોગનું આસેવન કરવા દ્વારા અને યથોચિત ઉપદેશ આપવા દ્વારા યોગનું સ્વરૂપ બતાવનારા જે તીર્થંકર પ્રભુ તે સંદર્શક પ્રભુ કહેવાય છે.

ગ્રંથકાર આરંભમાં એવું સૂચન કરે છે કે, “યોગના સંક્ષિપ્ત સ્વરૂપનું વર્ણન કરવું” જે યોગશતક ગ્રંથનો વિષય છે. ઉચિત પ્રવૃત્તિ કરવા પૂર્વક અણુવ્રત અને મહાવ્રતોથી યુક્ત એવા સાધક આત્માનું સૂક્ષ્મ તત્વચિંતન એ જ અધ્યાત્મ છે. અને ‘આ અધ્યાત્મ એ જ યોગ છે.’ યોગનાં મુખ્યતઃ બે ભેદ કહ્યા છે જે નીચે પ્રમાણે છે.

યોગ

નિશ્ચય નયથી યોગ — વ્યવહાર નયથી યોગ

### ૫.૨.૧ નિશ્ચય નયથી યોગ

નિશ્ચય નય અથવા સત્ય દ્રષ્ટિબિંદુ. નિશ્ચયનયની અપેક્ષાએ જે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, અને સમ્ક્ચારિત્રનો આત્મા સાથે સંબંધ થવો તે યોગ છે. જે યોગીનાથ એવા તીર્થંકર પરમાત્માઓ વડે નિશ્ચયથી કહેવાયેલો છે.[૫] ઉમાસ્વાતિજી એ તત્વાર્થ સૂત્રનાં પ્રારંભમાં જ કહ્યું છે કે, ‘सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः’ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને

સમ્યક્ચારિત્ર ત્રણ મળીને મોક્ષમાર્ગ બને છે. સૂત્રમાંનો સમ્યક શબ્દ માત્ર 'દર્શન'નું જ નહીં પણ 'જ્ઞાન' અને 'ચારિત્રનું' પણ વિશેષણ છે. આ ત્રણને જૈનચિંતકો 'રત્નત્રય' કહે છે. કુંદકુંદાચાર્યની કૃતિઓ, ખાસ કરીને નિયમસારમાં વિગતવાર તેનું નિરૂપણ છે. આચાર્ય અમૃતચંદ્રના પુરુષાર્થસિધ્ધ્યુપાય નામના પુસ્તકનો વિષય પણ રત્નત્રય જ છે. પ્રાયઃ લગભગ બધા જ જૈન ધર્મગ્રંથમાં આ વિષયનું નિરૂપણ છે. કારણ કે તે જ મોક્ષમાર્ગનો સાર છે.[૬]

- **સમ્યગ્જ્ઞાનાદિનું લક્ષણ**

- વસ્તુ સંબંધી યથાર્થ બોધ તે સમ્યગ્જ્ઞાન.
- તત્વભૂત અર્થોમાં યથાર્થ શ્રધ્ધાતે સમ્યગ્દર્શન.
- વિધિ-પ્રતિષેધને અનુસરનારું આગમાનુસારી ક્રિયાસ્વરૂપ ધર્માનુષ્ઠાન તે સમ્યગ્ચારિત્ર.[૭]

આ સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્ર એમ રત્નત્રયીનો આ જ ઉત્પત્તિક્રમ છે. કારણ કે નિશ્ચયનયથી આ રત્નત્રયી આ રીતે જ ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે કે, પદાર્થને જાણ્યા વિના શ્રધ્ધા થતી નથી અને શ્રધ્ધા વિનાના જીવને યથાર્થ વિધિનિષેધાનુસારી અનુષ્ઠાન હોતું નથી.[૮] આ પ્રમાણે નિશ્ચયનય પ્રધાન હોવાથી પ્રારંભમાં તે નિશ્ચયનયના મતે યોગનું લક્ષણ સમજાવીને હવે વ્યવહારનય ના મતે યોગનું લક્ષણ કહે છે.

**૫.૨.૨ વ્યવહાર નયથી યોગ**

આ રત્નત્રયીના કારણો જે ગુરુવિનયાદિ છે તેની સાથે આત્માનો જે સંબંધ તે પણ કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી વ્યવહારના મતે યોગ કહેવાય છે.[૯] વ્યવહારનયથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને જે યોગ કહેવામાં આવ્યો છે તે કારણો બે પ્રકારનાં છે.

(૧) અનન્તર કારણ (૨) પરંપર કારણ

ગ્રંથકારશ્રી આ બંને પ્રકારનાં કારણો માટે વ્યવહારિક દ્રષ્ટાંત આપે છે.

(૧) "ઘી એ જ આયુષ્ય છે." એટલે કે ઘી આદિ પૌષ્ટિક પદાર્થો આયુષ્યની સ્થિરતાનું અનન્તર કારણ બને છે. માટે ઘી આયુષ્યનું કારણ હોવાથી ઘી એજ આયુષ્ય છે. આ અનન્તરકારણમાં કાર્યોપચાર થયો. તેવી રીતે રત્નત્રયીના અનન્તરકારણ એ ગુરુ વિનયાદિની સાથે આત્માનો જે સંબંધ તે યોગ કહેવાય છે.

(૨) "વરસાદ તંદુલ વરસાવે છે." આ દ્રષ્ટાંતમાં હકીકતથી તંદુલનો વરસાદ કદાપિ થતો નથી. વરસાદ તો સદા પાણી વરસાવે છે. છતાં વરસાદનું તે પાણી તંદુલનાં પાકનું કારણ બને છે. તેથી તંદુલ વરસાવે છે તેમ કહેવાય છે. તે પરંપરા કારણ એવા વરસાદમાં તંદુલકાર્યનો ઉપચાર કરેલ છે. તેવી રીતે રત્નત્રયીનાં અનન્તર કારણ તે ગુરુ વિનયાદિ અને પરંપર કારણ તે ગુરુ વિનયાદિનાં જે કારણો જેમ કે સેવા, ભક્તિ, વૈયાવચ્ચ આદિ તે કારણના પણ કારણ છે. તેથી તે પરંપરા કારણ થી યોગ છે.

**વ્યવહાર યોગનું સ્વરૂપ**

**(૧) ગુરુજીનો વિનય કરવો** - **જેમ કે ગુરુજીનાં આહાર પાણી ઔષધિ આદિની પરિચર્યા કરવી તથા તેમના કાર્યોમાં સહાયક થવું.**

**(૨) શુશ્રૂષાદિ** - **ધર્મ શાસ્ત્રો સાંભળવાની અતિશય ઉત્કંઠા, સૂક્ષ્મદ્રષ્ટિથી ચિંતન, પ્રાપ્ત જ્ઞાન કંઠસ્થ કરવું વગેરે.**

**(૩) વિધિપૂર્વક** - આગમાનુસાર જ્ઞાન પ્રાપ્તિ આદિ **સમ્યગ્ચારિત્રપૂર્વક વિધિથી જ્ઞાનાભ્યાસ.**

**સ્થાનશુધ્ધિ** : મકાન-ઉપાશ્રયાદિ અપવિત્ર વાતાવરણથી દોષિત ન હોવા જોઈએ.

**શરીરશુધ્ધિ** : મળ-મૂત્ર-રૂધિર રહિતની શુધ્ધિ.

**મનશુધ્ધિ** : ક્રોધાદિ કષાયો અને બાહ્યભાવોનાં રાગાદિથી દૂષિત નહી તે

**દ્રવ્ય - ક્ષેત્ર કાળ - ભાવાદિની શુધ્ધિથી ધર્માનુષ્ઠાન**

શુશ્રૂષા આદિ પદથી શ્રવણ, ગ્રહણ, વિજ્ઞાન, ધારણા, ઊહ, અપોહ અને તત્વભિનિવેષનું ગ્રહણ કરવાનું છે.

* સાંભળવાની ઈચ્છા **શુશ્રૂષા**
* સાંભવાની પ્રવૃત્તિ. **શ્રવણ**
* ગુરુભગવંતના શ્રીમુખે સૂત્ર - અર્થ નું ગ્રહણ. **ગ્રહણ**
* તે સૂત્ર અર્થનો બોધ. **વિજ્ઞાન**
* તે સૂત્ર અર્થનું વિસ્મરણ ન થાય તેથી સ્વાધ્યાયાદિ **ધારણા**
* સમજેલા અર્થની યુક્તાયુક્તતાની વિચારણા. **ઊહ**
* વિચારણા દરમ્યાન જણાતી અયુક્તતાને દૂર કરવાની પ્રવૃત્તિ **અપોહ**
* અને આ રીતે તત્વસ્વરૂપનો નિર્ણય કર્યા પછી 'આ આ પ્રમાણે જ છે' આવી જાતનાં **નિર્ણયને તત્વાભિનિવેશ** કહેવાય છે.[૧૦]

યોગીની જિજ્ઞાસા આ રીતે તત્વાભિનિવેશ થાય ત્યારે યોગની જિજ્ઞાસા, શુશ્રૂષા, વગેરે યોગનાં કારણરૂપ સફળ બની શકે. તત્વોનો અભિનિવેશ એ બુધ્ધિનો ગુણ જે તત્વને સમજ્યા પછી અતત્વ થી દૂર જ રહી તે ગુણને ઉત્કૃષ્ટ બનાવી યોગમાર્ગે આગળ વધે છે.

અધ્યાત્મ યોગમાં સ્થાનાદિનું વિસ્તૃત વર્ણનનું યોગવંશિકા માં નિરૂપણ છે.[૧૧] આ પ્રમાણે વિધિપૂર્વક ગુરુવિનય અને શુશ્રૂષા તથા વિધિપૂર્વક શાસ્ત્રવિહિત કાર્યોનું યથાશક્તિ પાલન અને નિષિધ્ધ કાર્યોનો યથાશક્તિ ત્યાગ વગેરે અનુષ્ઠાન એ વ્યવહારથી યોગ છે. અને અવિધિથી કરાયેલું યોગનું સેવન અનર્થનું કારણ બને છે. અને તેથી વિધિપૂર્વકનું અનુષ્ઠાન એ યોગ છે. આ વ્યવહારયોગથી જ કાળક્રમે પ્રકૃષ્ટ સ્વરૂપવાળા ક્ષાયિક સમ્યગ્જ્ઞાનાદિ ગુણોની નિયમા સિધ્ધિ થાય છે. તથા ભવોભવમાં ઉત્તરોત્તર વૃધ્ધિ થવા રૂપ અનુબંધપણે રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે વ્યવહારયોગ પણ નિશ્ચયયોગનું જ અંગ છે.

ગમનક્રિયાની શક્તિયુક્ત પુરુષ શક્તિને અનુસારે સમ્યક પ્રકારે માર્ગમાં ચાલતો જેમ ઈષ્ટનગરનો પથિક કહેવાય છે તેમ ગુરુ વિનયાદિમાં પ્રવર્તતાં સાધક યોગી કહેવાય છે.

નિશ્ચયનયથી દેશવિરતિધર, સર્વવિરતિધર ચારિત્રીને જ યોગ છે. વ્યવહારનયથી અપુનર્બન્ધકને અને ઉપલક્ષણથી સમ્યગ્દ્રષ્ટિને અધ્યાત્મરૂપ અને ભાવનારૂપ યોગ હોય છે. ગ્રંથકારશ્રી આગળ જણાવે છે કે, "સમસ્ત વસ્તુમાં તે તે કાર્યને યોગ્ય જીવો તે તે કાર્યનાં ઉપાયપૂર્વક જો પ્રવૃત્તિ કરે તો ફલ પ્રકર્ષ થવાથી અવશ્ય સિધ્ધિ પામે છે. તે જ રીતે યોગમાર્ગમાં પણ વિશેષ સિદ્ધિ થાય છે."[12]

## ૫.૩ યોગમાર્ગનાં પ્રથમ અધિકારી - અપુનર્બન્ધક

અપુનર્બન્ધક અવસ્થાથી આરંભીને ચૌદમાં ગુણસ્થાનકમાં ચરમ સમય સુધીની મોક્ષની સાથે આત્માને જોડી આપે તેવા જીવની જે પરિણતિ તે યોગ છે. તેમજ આ યોગપ્રાપ્તિમાં અનુપર્બન્ધકાદિ જીવો જ અધિકારી છે. તથા કર્મ પ્રકૃતિઓનું બળ જેમ જેમ નિવૃત્ત પામે છે. તેમ તેમ તે જીવ વિશેષ અધિકારી બને છે. આ પ્રમાણે ગ્રંથકારશ્રીએ યોગમાર્ગની અપેક્ષાએ જીવોનાં પ્રકાર નીચે પ્રમાણે બતાવ્યા છે.

◆ યોગમાર્ગની અપેક્ષાએ જીવોનાં પ્રકાર




આમ, મોક્ષમાર્ગનાં ત્રણ પ્રકારનાં અધિકારી દર્શાવે છે. મોક્ષમાર્ગ એ રત્નત્રયીની પરિણતિરૂપ છે અને એ પરિણતિની પૂર્વભૂમિકા યોગમાર્ગનાં પ્રથમ અધિકારી અપુનર્બન્ધકમાં છે. પરંતુ જે જીવોમાં પૂર્વબદ્ધ તીવ્ર કર્મપ્રકૃતિઓનું પ્રાબલ્ય નિવૃત્તિ પામ્યું નથી, જે જીવો કર્મને પરતંત્ર જ છે. અને જે જીવો અતિશય રાગી છે. તેઓ યોગની પ્રાપ્તિ માટે અધિકારી નથી તેમ આચાર્યશ્રી આ ગ્રંથમાં જણાવે છે.[13]

જીવનનાં અનાદિ પ્રવાહમાં વિવિધ કારણોને લીધે કર્મબળ ઘટતાં ઘટતાં એક એવો સમય આવે છે જ્યારે જીવનું મુખ્ય વલણ ભોગાભિમુખ ન રહેતાં યોગાભિમુખ થવા લાગે છે. અને ત્યારબાદ તેની વૃત્તિ ઉત્તરોત્તર કાંઈક શુધ્ધ થતી જાય છે. જેને લીધે તેની રાગ-દ્વેષની તીવ્રતા ઘટતી-ઘટતી જાય છે. આવા સમયને જૈન પરિભાષામાં 'ચરમાવર્ત' કહે છે. જ્યારે જીવને છેલ્લો જ સાંસારિક કાળખંડ વિતાવવાનો બાકી રહે છે. ત્યારે તે ચરમ-છેલ્લામાં છેલ્લા

આવર્ત તરીકે ઓળખાય છે. સાંસારિક જીવનનાં એ કાળખંડમાં પ્રવેશ થતાં જ જીવની દશા બદલાય છે. તે વખતે એ અપુનર્બન્ધક બને છે.[૧૪]

અપુનર્બન્ધક અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે જ યોગનાં અધિકારી બને છે. ત્યારબાદ શુધ્ધિનાં વિકાસક્રમમાં જે જે અવસ્થાઓ આવે તે બધી અવસ્થાવાળા જીવો યોગમાર્ગનાં અધિકારી જ છે. આ અધિકારીપણું જાણવું અતિશય દુષ્કર છે. એ જ વાત આચાર્યશ્રી જણાવે છે કે, "યોગ માટેનું આ અધિકારીપણું નિશ્ચયથી અતિશય જ્ઞાની એવા કેવલી ભગવાન જ જાણે છે, પરંતુ અતિશય જ્ઞાન વિનાનાં એવા ઈતર એટલે છદ્મસ્થ જીવો પણ કેવલી ભગવાન વડે જ કહેવાયેલા એવા લિંગો દ્વારા ઉપયોગવાળા થયા બાદ અધિકારીપણાને જાણી શકે છે."[૧૫]

**૫.૩.૧ અપુનર્બન્ધક જીવોનાં લિંગો**

યોગશતક ગ્રંથમાં યોગમાર્ગનાં અધિકારી તરીકે અપુનર્બન્ધકાદિ જીવોને વર્ણવ્યા છે. તે અધિકારી આત્માઓનાં સ્વરૂપનું વર્ણન છે. તેમનાં મુખ્ય ત્રણ લિંગોનો ઉલ્લેખ કરેલ છે.

"पावं न तिव्वाभावा कुणइ, ण बहुमण्णाई भवं घोरं ।
उचियट्ठिइं च सेवइ, सव्वथ्थ वि अपुणबंधो त्ति ।।१३।।"

**ગાથાર્થ :** જે આત્મા તીવ્રભાવે પાપ કરે નહિ, ઘોર એવા સંસારને બહુમાન આપે નહિ અને સર્વત્ર ઉચિત આચરણ આચરે તે આત્મા અપુનર્બન્ધક છે.

અપુનર્બન્ધક જીવનાં લિંગો

| તીવ્રભાવે પાપોનું અકરણ | ઘોર એવા સંસારનું અબહુમાન | સર્વત્ર ઉચિત આચરણ |
|---|---|---|

**(૧) યોગી તીવ્રભાવે પાપ કરે નહિ :**

હિંસા, અસત્ય, ચોરી વગેરે પાપો પ્રસિધ્ધ છે. અનાદિકાળથી એ પાપોની પ્રવૃત્તિ થોડાઘણા અંશે પ્રાણીમાત્રની ચાલતી જ આવી છે. અપુનર્બન્ધક દશાને પામેલા જીવોએ પાપો તીવ્રભાવે કરતાં નથી. કર્મનાં દોષથી અહીં પાપની પ્રવૃત્તિ હોવા છતાં તેની ભયંકરતાનાં વાસ્તવિક ખ્યાલથી પાપ પ્રત્યેનો તીવ્રભાવ નાશ પામે છે. યોગમાર્ગનાં અર્થી આત્માઓમાં આ લક્ષણ ન હોય તેઓ નિઃસંદેહ યોગમાર્ગનાં અધિકારી નથી.[૧૬] અપુનર્બન્ધક દશામાં તીવ્રભાવે પાપાકરણતા પ્રાપ્ત થવાથી જ ભવની પ્રત્યે બહુમાન હોતું નથી. જે યોગમાર્ગનાં પ્રથમ અધિકારીનું બીજું લિંગ છે.

**(૨) ઘોર એવા સંસારનું અબહુમાન :**

આ સંસારમાં પ્રાપ્ત થયેલ સ્ત્રી, પુત્ર, ધન, ગૃહાદિ સર્વ વસ્તુઓને ચિત્તની પ્રીતિથી બહુમાન આપે નહિ. કર્મને પરવશ થયેલાં જીવો જેમાં ઉત્પન્ન થાય, જન્મ-મરણ પામે તે ભવ કહેવાય છે. આ સંસાર અનંત દુઃખોની ખાણ છે. ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગથી ભરેલો

છે. એમ સમજી હૃદયથી તે સંસારને, સાંસારિક ભાવોને બહુમાન આપે નહિ. સંસારની પ્રવૃત્તિ હોવા છતાં મનની પ્રીતિ ન હોવાથી ભવ પ્રત્યે બહુમાનનો અભાવ હોય છે. આથી જ ભવનાં વિરહ માટે ધર્માદિનાં વિષયમાં સર્વત્ર ઉચિત આચરણનું સેવન હોય છે. જે અપુનર્બન્ધક દશાનું ત્રીજુ લિંગ છે.

**(૩) સર્વત્ર ઉચિત આચરણ**

અપુનર્બન્ધક જીવાત્મા સર્વ સ્થાનોમાં ઉચિત આચરણ જ કરે, ધાર્મિક કાર્યોમાં પોતાની શક્તિ ન છુપાવે તદુપરાંત વ્યવહારિક કાર્યોમાં પણ ધર્મની નિંદા થાય તેવું આચરણ ન કરે.

આવા પ્રકારનાં ત્રણ લક્ષણોવાળા જીવ માર્ગાનુસારિતાને પ્રાપ્ત કરવાથી મયુરશિશુ સમાન અપુનર્બન્ધક કહેવાય છે. મયુરનું નાનું બચ્ચું એટલે કે ઢેલનું બચ્ચું બરાબર માતાની પાછળ પાછળ જ ચાલે. તેને ન ટોકવું પડે કે ન શીખવાડવું પડે તેવી રીતે આ આત્મા પણ સરળ પરિણામી બનવાથી બરાબર માર્ગને અભિમુખ જ ચાલે.

પંન્યાસજી શ્રી ચન્દ્રશેખર વિજયજીનાં લખાયેલા "શૂન્ય બનીને પૂર્ણ બનો" પુસ્તકમાં સર્વત્ર ઉચિત આચરણની બાબતમાં આ પ્રમાણે વધુ સ્પષ્ટ નિર્દેશ પ્રસંગોપાત કરેલ છે.[૧૭]

- **પુરુષનો સ્વધર્મ** : માતા પ્રત્યે ભક્તિ, પત્ની પ્રત્યે પ્રીતિ, સદાચાર, નારી સન્માન, બાળશિક્ષણ અને રાષ્ટ્ર પ્રતિ સન્માન.
- **રાજાનો સ્વધર્મ** : દુષ્ટોને દંડ, સજ્જનોની સેવા-નિષ્પક્ષતા, રાષ્ટ્રની સેવા, ન્યાયમાર્ગે અર્થ સંવર્ધન
- **સ્ત્રીનો સ્વધર્મ** : શીલપાલન, બાળસંરક્ષણ, પતિસેવા, કુટુંબસંભાળ.
- **ગુરુનો સ્વધર્મ** : શિષ્ય પ્રત્યે વાત્સલ્યભાવ.
- **શિષ્યનો સ્વધર્મ** : ગુરુ પ્રત્યે સમર્પણભાવ. ઈત્યાદિ........

**૫.૩.૨ અપુનર્બન્ધક જીવોને આશ્રયી ઉપદેશનાં કથનનું સ્વરૂપ**

ગુરુ ઉપરોક્ત લક્ષણો દ્વારા અપુનર્બન્ધક જીવોની પાત્રતા જાણીને જે ઉપદેશ આપે છે તેનું સ્વરૂપ આ પ્રમાણે હોય છે.

**ગુરુ દ્વારા અપાતા લોકવિષયક ધર્મનો ઉપદેશનું સ્વરૂપ**

| લોકવિષયક ઉપદેશ | ગુરુ-દેવાદિને આશ્રયીને ઉપદેશ | દીન-દાનાદિને આશ્રયીને ઉપદેશ |
| --- | --- | --- |
| ૧) પરપીડા ન કરવી | ૧) ગુરુ-દેવ-અતિથિની પૂજા કરવી | ૧) દીનને દીન આપવું |
| ૨) સત્ય બોલવું | ૨) ગુરુ-દેવ-અતિથિનો સત્કાર કરવો | ૨) તપસ્વીઓનું બહુમાન |
| | ૩) ગુર-દેવ-અતિથિનું સ્નામાન કરવું | ૩) રાત્રિભોજન ન લેવુ |
| | | ૪) માંસ ન ખાવું |
| | | ૫) વ્યભિચાર ન સેવવો |

આમ, ગુરુદેવ અપુનર્બન્ધક જીવાત્માની પાત્રતાવાળા જીવોને લૌકિક ધર્મમાર્ગમાં સ્થિરતા લાવવાનો પ્રયત્ન કરે છે. આગળની ગાથામાં લૌકિક ઉપદેશનાં કારણો જણાવતા આચાર્યશ્રી કહે છે કે, "જેમ જંગલમાં માર્ગથી ભૂલો પડેલો માનવી (માર્ગાભિમુખ એવા) ઉન્માર્ગે ચાલતા છતાં પણ માર્ગમાં આવે છે. તેમ અપુનર્બન્ધકાદિ મંદમિથ્યાત્વી જીવોનું આવા ઉપદેશથી જ માર્ગમાં આવવાનું કારણ બને છે."[૧૮] આ પ્રથમ કાલે તો આવા જીવોને લૌકિક ધર્મમાં જ વધુ સ્થિર કરવા માટેનાં ત્રણ કારણો છે.

**લૌકિક ધર્મમાં સ્થિર કરવાનાં કારણો**

| વિક્ષેપનો અભાવ | ગુણમાત્રરાગ ભાવ | વિશિષ્ટ બુધ્ધ્યભાવ |
| --- | --- | --- |
| તેમનાં માનેલા ધર્મમાં ગુરુદેવ વિક્ષેપ કરતાં નથી | ગુણીજીવોનાં ગુણ ઉપરનો રાગ જ કાલાન્તરે સત્યધર્મ પ્રાપ્તિનું મહાબીજ બને છે | જેમ પહેલી-બીજી કક્ષાનાં બાળકને બારમા ધોરણનું ગણિત-વિજ્ઞાન સમજાવવું નિરર્થક રહે છે. તેમ લોકોત્તર ધર્મની ઉંડી સૂક્ષ્મ વાતોથી તેમનો બુદ્ધિ ભેદ નિરર્થક બને છે. |

અપુનર્બન્ધકાદિ જીવોમાં જે સરળતા, ગુણગ્રાહિતા, લોકધર્મ, પ્રીતિમતા, ભદ્રિકતા આદિ ભાવો છે તે જ તેઓને કાલાન્તરે સત્યમાર્ગે ચડાવવાનાં મહાન કારણો બને છે. અપુનર્બન્ધક જીવ એ પ્રથમ ગુણસ્થાન-મિથ્યાત્વ ગુણસ્થાનની હીયમાન - ઘટતી જતી અવસ્થા અને ચતુર્થ ગુણસ્થાન-અવિરતસમ્યગ્દ્રષ્ટિ ગુણસ્થાનની કે ગ્રંથિભેદની પૂર્વસ્થિતિમાં હોય છે.

આ અપુનર્બન્ધકાદિ ચાર પ્રકારના યોગી જીવો વડે પોતપોતાની ભૂમિકાને ઉચિત જે જે અનુષ્ઠાનો જિનેશ્વરભગવાનની આજ્ઞાયુક્ત કરાય તે સર્વ અનુષ્ઠાન યોગ છે. કારણ કે શાસ્ત્રમા કહેલા યોગના લક્ષણો - અકુશળએવી ચિત્તવૃત્તિનો નિરોધ, કુશળ ચિત્તવૃત્તિમાં પ્રવૃત્તિ અને મોક્ષની સાથે આત્માનું યુંજન, એમ ત્રણેય લક્ષણો વડે યુક્ત હોવાથી આ ધર્માનુષ્ઠાનોને યોગ કહે છે.[૧૯]

## ૫.૪ યોગમાર્ગનાં દ્વિતીય અધિકારી - સમ્યગ્દ્રષ્ટિ

યોગમાર્ગનાં બીજા અધિકારી સમ્યગ્દ્રષ્ટિ છે. સમ્યગ્દ્રષ્ટિને યોગમાર્ગને સમજવા માટેની નિર્મળ દ્રષ્ટિ પ્રગટેલી છે. તેને યોગ્ય ઉપદેશ સામગ્રી મળે તો ક્રમસર દેશવિરતિ અને સર્વવિરતિ ગુણસ્થાનકને પણ પામવા સમર્થ બની શકે છે. આચાર્યશ્રી સમ્યગ્દ્રષ્ટિનાં લક્ષણો જણાવે છે.

**ચૌદ ગુણસ્થાનક અને તેનાં મુખ્ય લક્ષણો પરિશિષ્ટ-૧૦માં આપેલ છે.**

**સમ્યગ્દૃષ્ટિનાં લિંગો**

| શુશ્રૂષા | ધર્મરાગ | યથાશક્તિ ગુરૂ અને દેવની વૈયાવચ્ચનો નિયમ |
|---|---|---|

**(૧) શુશ્રૂષા**

ધર્મશાસ્ત્રોનાં વિષયમાં સાંભળવાની અતિશય ઉત્કંઠાને શુશ્રૂષા કહેવાય છે. જે ચોથા ગુણસ્થાનાદિ સમ્પન્ન સમ્યગ્દૃષ્ટિ આત્માઓનું પ્રથમ લિંગ છે.

**(૨) ધર્મરાગ**

ધર્મને વિષે અત્યંત આસક્તિ, પક્ષપાત, શારીરિક, પારિવારિક, સમયની અને સહકારી સાધનોની અનુકૂળતા ઈત્યાદિ સામગ્રીની વિકલતાનાં કારણે કદાચ તે તે ધર્મકાર્યો ન કરી શકે તો પણ ધર્મકાર્યો પ્રત્યે મજાનો સંપૂર્ણ અનુબંધ, પ્રીતિવિશેષ તે ધર્મરાગ છે.

જેમ કોઈ દરિદ્ર બ્રાહ્મણ વિશેષને ઘીથી ભરપુર ઘેબરનું ભોજન મળે તેના ઉપર તે બ્રાહ્મણને જેવો રાગ હોય તેનાથી પણ અધિક રાગ ધર્મકાર્યોમાં હોય તેને ધર્મરાગ કહે છે.

**(૩) ગુરૂ-દેવાદિની યથાશક્તિ વૈયાવચ્ચ**

સમ્યગ્દૃષ્ટિને ચારિત્ર પ્રત્યે અત્યંત રાગ હોય છે તેથી ચારિત્રને બતાવનારા તીર્થંકર પરમાત્મા પ્રત્યે અત્યંત બહુમાનભાવ હોય છે. ધર્મ પ્રત્યે અત્યંત રાગનાં કારણે જ પોતાને એવા પ્રકારનાં ઉત્તમોત્તમ ધર્મને સમજાવનારા અને પ્રાપ્ત કરાવનારા ગુરૂદેવનું વૈયાવૃત્ય અત્યંત ઉત્સાહથી કરે છે.

જે આત્માને ધર્મ ગમે, તેને ધર્મના ઉપદેશક પણ ગમે જ. ગુરૂ અનંતર ઉપદેશક છે. દેવ પરંપરાએ ઉપદેશક છે. માટે તે ગુરૂ અને દેવ પણ ગમે જ. તેઓ ઉપર ભક્તિ - બહુમાનભાવ આવે જ તેથી આ વૈયાવચ્ચ ત્રીજું લક્ષણ છે. ચિંતામણી રત્નનાં ગુણને જાણનારને ચિંતામણી પ્રત્યે જેવી ભક્તિ છે. તેનાં કરતાં અનંતગણી ભક્તિ, ગુણવાન અને ગુરૂ અને પરમાત્માનાં વૈયાવચ્ચનાં ફળને જાણનારા સમ્યગ્દૃષ્ટિ જીવને દેવ - ગુરૂ પ્રત્યે હોય છે.

આ પ્રમાણે શુશ્રૂષા, ધર્મરાગ અને ગુરૂદેવનાં વૈયાવચ્ચનો નિયમ સમ્યગ્દૃષ્ટિનાં લિંગો છે. શ્રી જિનેશ્વર દેવોએ પ્રરૂપેલા તત્વનાં વિષયમાં સમ્યગ્દૃષ્ટિ જીવોને તીવ્રભાવ હોય છે.

૫.૪.૧ ઉપદેશના અંગો

સમ્યગ્દૃષ્ટિ જીવોને લોકોત્તર ધર્મવિષયક અણુવ્રતાદિને આશ્રયીને શ્રોતાનાં તેવા પ્રકારનાં ભાવને પ્રાપ્ત કરીને, પરિશુધ્ધ આજ્ઞાયોગથી ગુરુદેવ ઉપદેશ આપે છે.

**સમ્યગ્દ્રષ્ટિને લોકોત્તર ધર્મવિષયક અણુવ્રતાદિને આશ્રયીને અપાતા ઉપદેશનાં અંગો**

- **ઉપદેશનો વિજય**
  - (૧) **અણુવ્રત** — ૫ અણુવ્રતોનું સેવન
  - (૨) **ગુણવ્રત** — અણુવ્રતોને ગુણ કરે તેવા ૩ ગુણોનું સેવન
  - (૩) **શિક્ષાવ્રત** — આઠવ્રતોમાં સેવન દ્વારા સંયમ તરફ જવા માટે શક્તિસંચય
- **ઉપદેશ આપવાની પદ્ધતિ**
  - (૪) **પરિશુધ્ધ આજ્ઞાયોગથી** — (આગમ અનુસાર) મન-વચન-કાયાથી અતિશય શુદ્ધ જિનેશ્વર આજ્ઞા અનુસાર
  - (૫) **શ્રોતાનાં અભિપ્રાયથી** — શ્રોતાના હૈયાનાં તથાભાવ અભિપ્રાય રુચિ વિશેષ જાણીને

### ૫.૪.૨ ઉપદેશનાં કારણો

ધર્મ સાંભળવાને અભિમુખ થયેલાં સમ્યગ્દ્રષ્ટિ જીવને શ્રાવકધર્મનું આસન્નપણું હોવાથી, ઉપદેશાદિ સામગ્રી મળે તો શીઘ્ર પરિણમન થતું હોવાથી અને સમ્યક્ પરિપાલન થતું હોવાથી ગુરૂદેવ શ્રાવકધર્મનો ઉપદેશ આપે છે.

**સમ્યગ્દ્રષ્ટિને પ્રથમ શ્રાવક ધર્મનો ઉપદેશ આપવાનાં કારણો**

- શ્રાવક ધર્મ સમ્યકત્વને આસન્ન હોવાથી
- શ્રાવકધર્મમાં દ્રઢતાને યોગ હોવાથી
- શીઘ્રપરિણમન
- સમ્યક પરિપાલન

સમ્યગ્દ્રષ્ટિ આત્માને શ્રાવક ધર્મ નજીક હોવાથી, તેને વિષે મજબૂત પક્ષપાત હોવાથી, તુરત પરિણામ આપતો હોવાથી અને તેનું સારી રીતે પાલન થતું હોવાથી સાધુધર્મ નહીં પરંતુ પાંચમાં ગુણસ્થાનક શ્રાવકધર્મનો ઉપદેશ અપાય છે.[૨૦]

## ૫.૫ યોગમાર્ગનાં તૃતીય અધિકારી ચારિત્રી

યોગમાર્ગનાં ત્રીજા અધિકારી ચારિત્રી છે. તે ચારીત્રી દેશથી (શ્રાવક) અને સર્વથી (શ્રમણ) એમ બે પ્રકારનાં છે. અને તેઓને પણ ઉપદેશાદિની સામગ્રી મળે તો વ્યવહારની ઉચિત ક્રિયાઓ કરીને તેઓ ઉત્તર-ઉત્તરની ભૂમિકાને પ્રાપ્ત કરે છે. જે ક્રમે કરીને મોક્ષનું કારણ બને છે.

**ચારિત્રીનાં લિંગો**

- માર્ગાનુસારી
- શ્રધ્ધાવાન
- પ્રજ્ઞાપનીય
- ક્રિયામાં તત્પર
- ગુણરાગી
- શક્યારંભ સંગત

**(૧) માર્ગાનુસારી**

**ચારિત્રવાળા જીવને ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ હોય છે. તેથી ચારિત્રી મોક્ષમાર્ગને અનુસરનારા હોય છે. માર્ગાનુસારીનાં ૩૫ ગુણ પરિશિષ્ટ-૧૧માં આપેલ છે.**

**(૨) શ્રધ્ધાવાન**

**માર્ગાનુસારી જીવો શ્રધ્ધાવાન હોય છે. કારણ કે તત્વશ્રધ્ધા માટે પ્રતિકુળ એવા ક્લેશોનો હ્રાસ થયો હોવાથી માર્ગાનુસારી જીવો તત્વ પ્રત્યે પરમ શ્રધ્ધા ધરાવતાં હોય છે. તેઓને અપ્રીતિ - દ્વેષ - ઉદ્વેગ - શારીરિક પરિશ્રમ આદિ શત્રુતુલ્ય ભાવો હોતા નથી.**

**(૩) પ્રજ્ઞાપનીય**

ઉપરોક્ત બે ગુણો આવવાથી આત્મભંડાર મેળવવાની એવી તાલાવેલી લાગે છે કે ગુરૂ પ્રત્યે સમર્પિત બને છે. સરળ બને છે. નમ્ર બને છે.

આ વિષય પરનું દ્રષ્ટાંત : સુંદર ભંડાર મેળવવામાં પ્રવર્તેલા અને ભાવિમાં ભોક્તા બનનાર વ્યક્તિને તે ભંડાર સંબંધી વિધિમાં અપૂર્વ શ્રધ્ધા થવાથી તે વિધિ સમજાવનાર પ્રત્યે જેમ અતિશય બહુમાન થાય છે. જરા પણ તર્ક-વિતર્ક કરતાં નથી. તેની જેમ પ્રજ્ઞાપનીય ગુણનાં કારણે ગુરુ જે સમજાવે તે સમજવા નમ્રપણે તૈયાર હોય છે. સાચી શ્રધ્ધાનું આ જ (પ્રજ્ઞાપનીયતા) ફળ છે.

(૪) ક્રિયામાં તત્પરતા

આત્માને હિતકારી એવા ધર્મકાર્યોમાં પ્રમાદ વિના સદા તત્પરતા ચોથું લિંગ છે. જે જીવો માર્ગાનુસારી હોય તે જીવો માર્ગવિહિત અને નિષિધ્ધ તે તે અનુષ્ઠાનોમાં અનુક્રમે પ્રવૃત્તિ અને નિવૃત્તિને આશ્રયીને તત્પર હોય છે.

આ પ્રમાણે યોગનાં પ્રસંગથી ઉત્તરોત્તર ફળવિધિને જણાવીને એટલે કે માર્ગાનુસારિતાનું પોતાનું ફળ શ્રધ્ધવત્વ, શ્રધ્ધાવત્વનું પોતાનું ફળ પ્રજ્ઞાપનીયતા અને પ્રજ્ઞાપનીયતાનું પોતાનું ફળ ક્રિયાતત્પરતા ઈત્યાદિ પોતપોતાનાં ફળ જણાવીને હવે શ્રી હરિભદ્રસૂરિજી પાંચમું લિંગ જણાવે છે.

(૫) ગુણરાગી

વિશુધ્ધ આશયવાળા હોવાથી ગુણોનાં જ રાગી, આટલી ઊંચી કક્ષાએ આવનાર આત્મા નિર્મળ હૃદયવાળા હોવાથી બીજાનાં ફક્ત ગુણોના જ પ્રેમી હોય છે.

(૬) શક્યારંભ સંગત

પોતાનાથી બની શકે તેટલા જ ધર્મકાર્યોનો આરંભ કરનાર, જે ધર્મકાર્ય પોતાનાથી કરવું અશક્ય છે. તેનો આરંભ કરે તો પણ કંઈ ફળ પ્રાપ્ત થવાનું નથી. કારણ કે તે કાર્ય બનવાનું જ નથી. તો તેવા ફળપ્રાપ્તિની અપેક્ષાએ વન્ધ્ય કાર્યોનો આરંભ કરવાની ઈચ્છા જેના હૃદયમાંથી નિવૃત્તિ પામેલી છે તે છઠ્ઠુ લિંગ છે. આ પ્રમાણે ચારિત્રવાન આત્માનાં કુલ છ લિંગ છે.

અહીં ગ્રંથકાર શ્રી હરિભદ્રસૂરિજી બહુ સુંદર અને સ્પષ્ટ રીતે ચારિત્રીના વિભાજન કરે છે.

(૧) દેશવિરતિ ચારિત્રવાન (૨) સર્વવિરતિ ચારિત્રવાન[ર]

### ૫.૫.૧ યોગમાર્ગનાં પંથે દેશવિરત ચારિત્રવાન

યોગમાર્ગનાં પંથી ચારિત્રવાન આત્મા દેશ અને સર્વ ચારિત્રનાં ભેદથી અનેકવિધ છે. તે પ્રકારનું વર્ણન કરતાં કહે છે કે, "આજ્ઞાપરિણતિનાં ભેદને કારણે સામાયિક શુધ્ધિનાં ભેદથી આ ચારિત્રવાન આત્મા અનેક પ્રકારે છે. અંતે તે સર્વ જીવો યાવત્ ક્ષાયિક વીતરાગ છે."




સામાયિક એટલે સમતભાવની પ્રાપ્તિ. ઈત્વરકથિત (અલ્પકાલીન) અને તેનાથી ઈતર (યાવત્કથિત = યાવજ્જીવ)ના અંગીકરણ દ્વારા સામાયિકની શુધ્ધિનાં ભેદને કારણે દેશવિરતિ અને સર્વવિરતિ રૂપ ચારિત્ર બે ભેદવાળું છે. અને તે બંને ચારિત્ર પણ અવાંતર ભેદની અપેક્ષાએ અનેક પ્રકારનાં છે જે ઉપર દર્શાવેલ છે. દેશચારિત્રવાન ગૃહસ્થ શ્રાવક પહેલી દર્શન પ્રતિમાથી પ્રારંભીને ક્રમશઃ અગિયાર પ્રતિમા સુધી અનુક્રમે અનેક ભેદવાળું છે.

◆ **અગિયાર પ્રતિમા**

| | | |
|---|---|---|
| (૧) દર્શન પ્રતિમા | (૫) સચિત્ત ત્યાગ પ્રતિમા | (૯) પરિગ્રહ ત્યાગ |
| (૨) વ્રત પ્રતિમા | (૬) રાત્રિભોજન ત્યાગ | (૧૦) અનુમતિ ત્યાગ |
| (૩) સામાયિક પ્રતિમા | (૭) બ્રહ્મચર્ય પ્રતિમા | (૧૧) ઉદિષ્ઠ ત્યાગ |
| (૪) પૌષધ પ્રતિમા | (૮) આરંભ ત્યાગ | |

વ્રતનાં ઈત્વરકાલિક અને યાવત્કથિતનાં ભેદથી સામાયિકની શુદ્ધિનાં ભેદ છે. અને ૧૧મી પ્રતિમા પછી સર્વવિરતિ સામાયિક પરિણામ શરૂ થઈ જાય છે. સર્વવિરતિ ચારિત્રવાન શ્રમણમાં નીચેના પાંચ ભેદોથી અનેક ભેદોવાળું છે.

**(૧) સામાયિક ચારિત્ર**

સમતાભાવની પ્રાપ્તિ. સંસારનાં સર્વ સંજોગોનો ત્યાગ કરી સાધુજીવન. પ્રથમ અને ચરમ તીર્થંકર પ્રભુનાં શાસનમાં જે લઘુ દીક્ષા અપાય છે તે ઈત્વરકથિત સામાયિક તથા મધ્યનાં ૨૨ તીર્થંકરનાં મુનિઓનું જીવનપર્યંતનું ચારિત્ર તે યાવત્કથિત સામાયિક.

**(૨) છેદોપસ્થાપ્ય ચારિત્ર**

એકવાર ચારિત્ર લીધા પછી નવું ચારિત્ર આરોપણ કરાય તે પ્રાથમિક દીક્ષા આપ્યા પછી યોગ્યતા જણાય તો વડીદીક્ષા પછીનું જે ચારિત્ર તે છદોપસ્થાપનીય ચારિત્ર.

**(3) પરિહાર વિશુદ્ધિ ચારિત્ર**

પરિહાર એટલે તપવિશેષ તેનાથી થનારી જે શુધ્ધિ વિશેષ તે પરિહારવિશુદ્ધિ ચારિત્ર.[૨૨]

**(૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર**

જ્યાં માત્ર સૂક્ષ્મલોભ કષાય જ બાકી છે. બીજા કષાયો ઉપશમાવ્યા છે તે અવસ્થાનું ચારિત્ર તે સૂક્ષ્મ સંપરાય ચારિત્ર.

**(૫) યથાખ્યાત ચારિત્ર**

સંપૂર્ણપણે કષાય વિનાનું વીતરાગ અવસ્થાનું ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર.

આ પ્રમાણે પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરનું ચારિત્ર વિશેષ શુધ્ધિવાળું છે. ચારિત્રનાં સર્વ ભેદોમાં અંતિમ ભેદ વીતરાગ ચારિત્રનો છે. તે વીતરાગમાં પણ ઔપશમિક વીતરાગ અને અંતિમ ક્ષાયિક વીતરાગ છે. પરંતુ સમતાભાવવાળુ સામાયિક અનેકવિધ શુદ્ધિવાળું કહ્યું છે. શ્રી સૂરિજી કહે છે કે, "શાસ્ત્રોમાં જે નિષિદ્ધ ભાવો છે તેના ઉપર અલ્પદ્વેષ કરવાથી કે રાગ કરવાથી જે સામાયિક છે તે અશુદ્ધ છે." ઉરોક્ત જણાવેલ શુદ્ધ સામાયિક ચૌદ પૂર્વાદિનાં વિશિષ્ટજ્ઞાનથી અને ચારિત્ર્ય મોહનીયરૂપ આવરણકર્મને ભેદવાથી શુદ્ધ સામાયિકની પ્રાપ્તિ થાય છે. સર્વત્ર સમભાવવાળા આવા યોગી મુનિઓની ભિક્ષાટન એટલે કે - આહાર, નિહાર અને વિહાર આદિ સર્વ ધર્મક્રિયા આજ્ઞાયોગથી અથવા પૂર્વસંસ્કારોથી થાય છે. જે કારણથી પૂર્વસંસ્કારોને લીધે આ ધર્મક્રિયાઓ આત્મસાત્ થયેલી છે. તેઓને કોઈ વાંસલાથી છેદે કે કોઈ ચંદનથી પૂજે તે બંને અવસ્થામાં સમભાવવાળા, સુખ અને દુઃખ બંને અવસ્થા સમાન છે, સંસાર અને મોક્ષ બંને વિશે અપ્રતિબદ્ધ સ્વભાવવાળા હોઈ તેઓને મુનિ કહ્યા છે.[૨૩]

**◆ દેશવિરતિ ચારિત્રવાનને અપાતા ઉપદેશનું સ્વરૂપ**

ત્રીજા મોક્ષપથિક દેશવિરતિધર આત્માને જુદા જુદા પ્રકારનો જે પ્રકારે સર્વવિરતિને પ્રાપ્ત કરવાનું કારણ બને તે પ્રકારે અધિક અધિક ઉત્તમયોગોના સાધક, સામાયિક આદિના વિષયવાળા, નય નિપુણ ભાવપ્રધાન ઉપદેશ સદ્દગુરુ દ્વારા આપવામાં આવે છે.

**દેશચારિત્રીને અપાતા ઉપદેશનું સ્વરૂપ**

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ઉત્તર સુયોગનો સાધક | નયનિપુણ | ભાવસાર |
| જઘન્ય દેશત્યાગીને મધ્યમ દેશ ત્યાગનો તેમ ઉત્તરોત્તરનાં વિકાસનો ઉપદેશ | જે પ્રકારે આત્માનું હિત થાય તે પ્રકારે તે આત્માને ધર્મ ઉપદેશ નિપૂણતા પૂર્વક | ઉપદેશ અનુસાર સદ્ગુરુ દ્વારા સંવેગ, નિર્વેદ અને સમતાદિથી મધુર વાણીથી અપાતો ઉપદેશ |

- એક વ્રત ગ્રહણ કરનાર જઘન્ય દેશત્યાગી.
- બે-પાંચથી યાવત્ બાર વ્રત ગ્રહણ કરનાર મધ્યમ દેશત્યાગી.
- બાર વ્રત સાથે અગિયાર પ્રતિમા ધારણ કરનાર ઉત્કૃષ્ટ દેશત્યાગી.

ઉપરોક્ત સ્વરૂપને વધુ સ્પષ્ટ કરતાં આચાર્યશ્રી ૩૦મી ગાથામાં ફરમાવે છે

**દેશચારિત્રવાન જીવાત્માને ઉચિત આચરણનાં ઉપેદશનું સ્વરૂપ**

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| સદ્ધર્મને બાધા ન આવે તેવી આજીવિકા | સુવિશુદ્ધ દાન | જિનેશ્વર પ્રભુની પૂજા | વિધિપૂર્વક ભોજન | નિત્ય સંધ્યા નિયમ | યોગધર્મનું સ્મરણ (અનિત્યાદિ ભાવનાઓનું ચિંતન) |

આ પ્રમાણે દેશવિરતિધર શ્રાવકને સામયિકાદિ વિષયક ઉપરોક્ત સમયાનુસાર અનુષ્ઠાન જે મોક્ષસાધક હોવાથી 'યોગ' રૂપ છે. તે કારણસર ગુરુદેવ શ્રાવકને ઉપદેશ આપે છે. ગૃહસ્થ શ્રાવકને યોગનો સંભવ ન હોવાથી યોગનાં ઉપદેશનું કારણ જણાવે છે.

**મોક્ષનાં કારણરૂપ દેશવિરતિધરનાં યોગનું સ્વરૂપ**

| | | | |
|---|---|---|---|
| ઉલ્લાસપૂર્ણ ચૈત્યવંદન | યતિવિશ્રામણા (સાધુવૈયાવૃત્ય) | ધર્મવિષયક શ્રવણ | ભાવનામાર્ગ |

ચૈત્યવંદન, મુનિસેવા, ધર્મવિષયક શ્રવણ આ બધી પ્રવૃત્તિઓ ગૃહસ્થને માટે યોગરૂપ છે. અને ભાવનાઓનું ચિંતન ઇત્યાદિ નૈતિક દૈનિક કાર્યોનાં નિયોગથી શ્રાવકને પણ યોગ હોય છે.[૪]

### ૫.૫.૨ યોગમાર્ગનાં પંથે સર્વવિરત ચારિત્રવાન

ગુરુદેવ શ્રાવકને અણુવ્રતાદિનાં વિષયવાળો ઉપદેશ આપે છે. તેમજ સર્વવિરતિધર મુનિઓને સાધુ સમાચારીનો ઉપદેશ આપે છે.

◆ **સર્વવિરત ચારિત્રવાન મુનિને અપાતા ઉપદેશનું સ્વરૂપ**

**(૧) ગુરુકુળવાસ**

ગુરુકુળવાસ એ સાધુસંતોનો મૂલગુણ છે. ગુરુની સાથે વસવું. ભગવતી સૂત્રમાં "श्रुतं मया आवसता" અર્થાત્ "ભગવાનની સાથે વસતા એવા મારા વડે સાંભળવું" આ પ્રકારનો પાઠ ગુરુકુળવાસમાં પ્રમાણભૂત છે. ગુણિયલ ગુરુની નિશ્રામાં આ આત્મા વિચરે તો જ્ઞાનીના યોગથી યોગમાર્ગમાં ઉત્તમ પરિણામ શક્ય બને છે. ગુરુને આત્મસમર્પણ અને સત્યપાલનએ ગુરુકુળવાસનો મર્મ છે.

**(૨) ઉચિત વિનયકરણ**

સદ્‌ગુરુને પરતંત્ર રહી જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃધ્ધિ થાય તેવા પ્રકારનાં ઉચિત વિનયકરણ દ્વારા સર્વ ધર્મક્રિયાઓમાં અનંત ઉપકારી પરમાત્માની આજ્ઞા અનુસરવાની છે.

**(૩) વસતિ પ્રમાર્જનાદિ**

દેશવિરતિ શ્રાવકનાં જીવન કરતાં સર્વવિરતિ મુનિનું જીવન મોક્ષ માટે નિકટનું કારણ છે. તેથી જ ત્યાં ક્રિયામાર્ગ સવિશેષ છે. તેથી જે જે સમયે મુનિજીવનમાં વસતિ પ્રમાર્જના, ચૈત્યવંદન, પ્રતિક્રમણ, પડિલેહણ આદિ ધર્મકાર્યોમાં કાળની અપેક્ષાએ બહુમાન સહિત યથાયોગ્ય પ્રવૃત્તિ થાય છે.

**(૪) શારીરિક બળનું અનિગૂહન**

સર્વવિરતિધર જીવાત્મા ઉચિત પ્રવૃત્તિમાં શરીરબળને ગોપવતાં નથી. યથાશક્તિ તપ અને સંયમમાં પ્રવર્તે છે.

**(૫) પ્રશાંતભાવે પ્રવર્તન**

સાધ્વાચારની સર્વ પ્રવૃત્તિમાં પ્રતિકુળ કે સાનુકૂળ સંજોગોમાં મનની સમવૃત્તિથી પ્રશાંત ચિત્તથી પ્રવર્તન કરે છે.

**(૬) ગુરુઆજ્ઞામાં નિજલાભ ચિંતન**

ગુરુજીનાં વચનને અનુસરવામાં જ કર્મોની નિર્જરા થવા સ્વરૂપ નિજલાભ ચિંતન :મારા આત્માને હિતકારી છે એવું ચિંતન રાખે છે.

**(૭) સંવરમાં નિશ્છિદ્રતા**

સાધુજીવનમાં કર્મોને રોકવા માટે ૫૭ ભેદોવાળો સંવર - ૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૧૦ યતિધર્મ, ૧૨ ભાવના, ૨૨ પરિષહો અને ૫ ચારિત્ર. જો આ પ્રાપ્ત સંવરધર્મ છિદ્રવાળો બને તો ઊંચા એવા

**પર્વતના શિખર ઉપરથી પાતાળનાં તળીએ પડવા જેવું બને. માટે પોતાના આત્મહિત લક્ષે તેમાં છિદ્રના પડે નહી તેવી સાવધતા રાખે છે. શ્રી ધર્મદાસગણિજીએ ઉપદેશમાલામાં પાંચ મુખ્ય છિદ્રો દર્શાવ્યા છે.[૪] શ્રી ધર્મદાસગણિજી તીર્થંકર મહાવીર સ્વામીનાં હસ્તદીક્ષિત હતા.**

**(૧) આત્મપ્રશંસા (૨) પરનિન્દા (૩) રસલાલસા (૪) કામવાસના (૫) કષાયો.**

**(૮) શુધ્ધ ઉચ્છજીવન - ગોચરીચર્યા જીવન**

શુધ્ધ એટલે કલ્પનીતિ મુજબ જે જે કાળે અને જે જે કારણે જે રીતે ભિક્ષાચર્યા વિહિત છે, તે તે કારણે તેજ રીતે ભિક્ષાગમન અને તે સમયે દોષોનાં પરિત્યાગ સાથેનું ભિક્ષા ગ્રહણ તે સુપરિશુધ્ધ શુધ્ધોચ્છજીવન મુનિ ભગવંત જીવે છે.[૫]

**(૯) વિધિપૂર્વક સ્વાધ્યાય**

વાચના-પૃચ્છના-પરિવર્તના-અનુપ્રેક્ષા અને ધર્મકથા સ્વરૂપ પાંચ પ્રકારનો સ્વાધ્યાય વિધિપૂર્વક એટલે કે ભક્તિ-બહુમાનથી દેવ-ગુરુને પ્રમાણ સાથે, હૈયામાં પૂજ્યતાની પરાકાષ્ઠા ધારણ કરીને, જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનનાં સાધનો પ્રત્યે અતિશય આદરમાનથી સાધુ ભગવંત નિત્ય સ્વાધ્યાય આદરે છે. વિધિપૂર્વકનો સ્વાધ્યાય અપ્રમત્તતાનું એક અદ્દભૂત સાધન છે. યતિજનો માટેનાં ઉપદેશનો એ વિષય છે.

**(૧૦) મરણાદિ અપેક્ષણ**

**મરણનાં બે પ્રકાર**

(૧) દ્રવ્યમરણ : ઇન્દ્રિયાદિ દશવિધ દ્રવ્યપ્રાણોનો જે વિયોગ તે દ્રવ્યમરણ.

(૨) ભાવમરણ : આત્માનું પૌદ્દગલિક ભાવોમાં અંજાવું, સાંસારિક સુખોની અતિશય આસક્તિ તે પ્રમાદ છે. ભાવમરણ છે.

પોતાની દરરોજની અપ્રમતપણે પ્રવર્તતી રત્નત્રયીની સાધનાનાં કાળ દરમ્યાન મરણાદિનું અપેક્ષણ કરવાથી શક્ય પ્રયત્ને રત્નત્રયીની સાધના ઉત્કટ બનાવવાની સરળતા થાય છે. આ પ્રમાણે યોગશતક ગ્રંથમાં કહેલો સંક્ષેપમાં કુલ-૧૦ પ્રકારનો સદ્દુપદેશ ઉત્તમ સદ્દગુરૂદેવ પોતાના શિષ્યોને તેઓનાં આત્મહિત માટે નિસ્પૃહભાવે આપે છે. ઉપદેશક ગુરૂદેવ અવિષયમાં ઉપદેશ, વિષયમાં વિપરીત ઉપદેશ તે અનુપદેશ છે. અને બંધનું નિમિત્ત બને છે. તેમજ ઉચિત ઉપદેશ યોગ થાય છે.

આ પ્રમાણે દરેકની ભૂમિકાને યોગ્ય ઉપદેશ આપવાથી મહાન લાભ થાય છે. પરંતુ અયોગ્ય-ભવાદિનંદી જીવોને આપેલો ઉપદેશ, તેમ જ ભૂમિકાની યોગ્યતા વિના આપેલો ઉપદેશ નિષ્ફળ જાય છે. એટલું જ નહિ, પણ કવચિત્ મહાન અનર્થ ઉત્પન્ન કરે છે. પૂર્વોક્ત ગાથાઓમાં ઉપદેશ આપવાની તમામ વિધિના વિસ્તૃત નિરૂપણ બાદ આગળની કાર્યગત વિધિમાર્ગ પ્રાયઃ સાધારણ પણે અતિશય નિપુણતાપૂર્વક શ્રોતાઓએ પોતે જ જાણવા જેવો છે તેનું નિરૂપણ છે.[૬]

## ૫.૬ યોગસાધના દ્વારા ગુણસ્થાનકે જવાની વિધિ

સમ્યગ્ ઉપદેશ સાંભળીને દેશવિરતિ ચારિત્રવાન કે સર્વવિરતિ ચારિત્રવાન આત્માઓમાં પરિણામ પામ્યા પછીની કાર્યગત વિધિ જાણવા માટે આચાર્યશ્રી ઉપદેશ પરિણત થયે છતે; પોતાની ભૂમિકા મુજબ અધિક ગુણસ્થાનમાં પ્રવર્તતી વિધિ સામાન્યથી અત્યંત નિપુણપણે જ્ઞાન મેળવવાનું કહે છે. આ 'સામાન્ય વિધિમાર્ગ' દેશચારિત્રવાન અને સર્વચારિત્રવાન એમ પાછળનાં બે યોગીઓને જ વિચારવાનો છે. કારણ કે તેઓ તેટલી ઉચ્ચ ભૂમિકા એ છે.

**ગુણસ્થાનકની યોગ્યતા જાણવાનાં ઉપાયભૂત ત્રણ કારણો**

(૧) **નિજસ્વભાવ આલોચન**

પોતાના સ્વભાવાદિનું અવલોકન કરવા દ્વારા તે તે ગુણસ્થાનકે પ્રવૃત્તિ કરવી.

(૨) **જનવાદાગમ**

પોતાનામાં કયા ગુણસ્થાનકની સંભાવના લોકો કરે છે તે જાણી તેને અનુરૂપ પ્રવૃત્તિ કરવી કારણ કે શિષ્ટ પુરૂષો સદા માનનીય હોય છે.

(3) **યોગશુધ્ધિ**

મન - વચન - કાયાની પ્રવૃત્તિની શુધ્ધિ. પોતાનાં મનવચનકાયાનાં યોગો કયા ગુણસ્થાનકની સિધ્ધિમાં સાધક બનશે. તેનાં વિચારોથી યોગશુધ્ધિનું નિયમિત ચિંતન, પોતાના યોગોને પ્રતિકુળ ગુણસ્થાનક અનિષ્ટ ફળ આપનાર બની શકે છે.

ગુણસ્થાનકનાં સ્વીકારને અનુરૂપ યોગશુધ્ધિ કરવાનાં ઉપાયો

| નિરવદ્ય ગમનાદિથી કાયાની શુધ્ધિ | નિરવદ્ય વચનપ્રયોગથી વચનની શુધ્ધિ | શુભ ચિંતવન દ્વારા મનની શુધ્ધિ |
|---|---|---|

૧. કાયાની મુખ્ય ત્રણ પ્રવૃત્તિ : ગમન, આસન, સ્થાન
કાયા ગમનમાં પ્રવર્તે ત્યારે ઈર્યા સમિતિ સાચવવી.
આસનાત્મક બને ત્યારે પદ્માસન - પર્યંકાસન આદિ આસનો સાચવવા.
સ્થાનાત્મક બને ત્યારે વિવેક યુક્ત કાયા રાખવી. પ્રાપ્ત ગુણસ્થાનક શોભાયમાન બને અને સ્વીકાર્ય ગુણસ્થાનક નિકટ આવે તેવી કાર્યશુદ્ધિ જાળવવી.

૨. વચન શુધ્ધિ દ્વારા પ્રિય (મીઠુ-મધુર), પથ્ય (સ્વ-પરહિતકારી), તથ્ય (સત્ય-યથાર્થ) એવા વચનો બોલવા.

3. મનગુપ્તિ પાળવા દ્વારા મનની શુધ્ધિ સાચવવી.

**અન્ય દર્શનકારોના મતાંતરથી યોગશુધ્ધિ કરવાનાં ઉપાયો**

| શુભસંસ્થાનથી | શુભસ્વરથી | શુભસ્વપ્નથી |
|---|---|---|
| કાયાશુધ્ધિ | વચનશુધ્ધિ | મનશુધ્ધિ |

અન્ય દર્શનકારો ઉપરોક્ત ત્રણ પ્રકારની યોગશુધ્ધિ જણાવે છે. શ્રી હરિભદ્રસૂરિજી ઉપરોક્ત મતને સ્વીકારે તો છે. પરંતુ તે બાહ્ય શુધ્ધિ સાથે જૈનમત અભ્યંતર યોગશુધ્ધિ એમ ઉભય યોગશુધ્ધિને સોનામાં સુગંધ માને છે.

આ પ્રમાણે પ્રાપ્ત ગુણસ્થાનકની સામાન્યથી વિધિ જણાવીને હવે સ્વીકાર્ય ગુણસ્થાનક સંબંધી ઊચિતતાનું વર્ણન કરેલ છે.

### ૫.૬.૧ નવા ગુણસ્થાનકમાં પ્રવેશવાની વિધિ

ઉપરની ભૂમિકામાં પ્રવેશવા માટે જરૂરી એવી વિધિનું વર્ણન કરતાં આચાર્યશ્રી જણાવે છે કે, "શુભદ્રવ્યાદિમય નિમિત્તોના સમૂહને અંગીકાર કરીને સુગુરુની સમીપે વિધિપૂર્વક ઉપરનું ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે તે જ સાચો ઉપાય છે.

(૧) શુભદ્રવ્ય : ઉત્તમ વસ્ત્ર પરિધાન, શુધ્ધ અક્ષત, શ્રીફળ, આસોપાલવાદિ ઉત્તમ દ્રવ્યોનો મંડપ ઈત્યાદિ હોય ત્યાં ઉપરનું ગુણસ્થાનક સ્વીકારે.

(૨) શુભક્ષેત્ર : તીર્થક્ષેત્ર, તીર્થંકરની કલ્યાણક ભૂમિઓ, વારંવાર સામાયિકાદિ ધર્માનુષ્ઠાનો કરાતાં હોય તેવા સ્થાનકો ઈત્યાદિ.

(3) શુભકાળ : શુભમુહુર્ત, સારો દિવસ, સારું નક્ષત્ર, સારો યોગ ઈત્યાદિ. જોઈને ગુણસ્થાનક સ્વીકારે.

(૪) શુભ ભાવ : સ્વીકારવામાં પોતાનો વધતો જતો ઉત્સાહ.

(૫) વિધિપૂર્વક પ્રવૃત્તિ : ભાવથી પોતાનાથી અધિક ગુણવાળા, વિધિનાં જાણકાર, મહાપુરુષ એવા સુગુરુ પાસે વ્રત સ્વીકારે.

(૬) વિધિપૂર્વક પ્રવૃત્તિ : વ્રત સમ્યક પરિણમનમાં વિધિની પ્રધાનતા છે.

### ૫.૬.૨ અપૂર્વગુણસ્થાનકનો પ્રાપ્તિ માટે વિશેષવિધિ

વ્રતગ્રહણ એ જીવનનું એક અમૂલ્ય કાર્ય છે. તેથી તેની પૂર્વે ઉપરોક્ત માંગલિક કાર્યો કરવા પૂર્વકનું વ્રતગ્રહણ થાય છે. વ્રતગ્રહણ કરતી વખતે અને કરાવતી વખતે વંદનાદિની આ વિધિ નિમિત્ત શુધ્ધિની પ્રધાનતા પૂર્વક સમ્યક પ્રકારે કરાયેલી વિધિ જ અપૂર્વ બની રહે છે. અન્યથા કરાયેલી વિધિ તે વિધિ રહેતી નથી. એટલે કે, અણુવ્રત અથવા મહાવ્રતાદિ વ્રતો ગ્રહણ કરવા સમયે પ્રથમ ક્ષેત્રશુધ્ધિ, ગુરુજીનો વસ્ત્ર-પાત્ર-આહાર-ઔષધાદિ વહોરાવવા પૂર્વક સત્કાર કરી ગુરુદેવને વંદન કરી ચૈત્યવંદન-ગુરુવંદન અને યથાયોગ્ય કાર્યોત્સર્ગાદિ રૂપ

મંગલભૂત કાર્યો કરવા. આ સમયે શુભ નિમિત્તોનો આશ્રય કરવો અને અશુભ નિમિત્તોનો ત્યાગ કરવામાં આવે છે.

**વ્રતગ્રહણ વિધિ**

- **વ્રતગ્રહણ પૂર્વની વિધિ**
  - ક્ષેત્રશુદ્ધિ
  - ગુરુસત્કાર
  - જિનપૂજા
- **વ્રતગ્રહણ સમયની વિધિ**
  - ચૈત્યવંદન
  - ગુરુવંદન
  - કાર્યોત્સગ

ભાવિનાં ઈષ્ટ-અનિષ્ટ સૂચક નિમિત્તો છે. તેથી નિમિત્તશુદ્ધિ પૂર્વક અપૂર્વ ગુણસ્થાનક સ્વીકારે છે. વ્રતગ્રહણ કરતી વખતે અને કરાવતી વખતે વંદનાદિની આ વિધિ નિમિત્ત સુદ્ધિની પ્રધાનતા પૂર્વક સમ્યક પ્રકારે આચરે છે. અન્યથા કરાયેલી વિધિ પણ વિધિ રહેતી નથી.

ઉપરનું ગુણસ્થાનક પ્રાપ્ત કર્યા પછી પોતાની અધિક ગુણવાળાઓની જ સાથે અથવા સમાન ગુણવાળાઓની સાથે નિત્ય સહવાસ રાખી તે તે ગુણસ્થાનકે યોગ્ય ક્રિયાઓ અવશ્ય પાળવાની જ છે. તેવા પ્રકારની નિરંતર સ્મૃતિ યુક્ત રહેવાનું આચાર્ય શ્રી જણાવે છે. તેમ કરવાથી.....

(૧) પ્રમાદ દૂર રહે છે.
(૨) વિષયો શાંત થાય છે.
(૩) સ્વાધ્યાયની વૃદ્ધિ થાય છે.
(૪) સ્વચ્છંદતાનો નાશ થાય છે.
(૫) કષાયો હળવા થઈ જાય છે.
(૬) સાંસારિક વિકથાઓ અટકી જાય છે.

ઇત્યાદિ અનેકવિધ લાભો થાય છે. અને નવા ગુણસ્થાનકનાં અનુષ્ઠાનમાં લીન રહે છે. મુમુક્ષુ અને આત્માર્થી એવા આત્માએ જે અપૂર્વ ગુણસ્થાનક પ્રાપ્ત કર્યું છે તેને ટકાવી રાખવા માટે તથા તેમાં વધુ સ્થિર થવા ઉપરોક્ત ગાથામાં ગુણીજનોનો સહવાસ અને કર્તવ્ય પરાયણતા એમ બે ઉપાયો કહ્યા તે રીતે આગળની ગાથામાં બીજા ત્રણ ઉપાયો દર્શાવે છે.

(૧) ઉત્તરગુણ બહુમાન (૨) સમ્યગપ્રકારે ભવરૂપ ચિંતન અને (૩) અરતિ પ્રસંગે અરિહંત પરમાત્મા આદિનું ભાવશરણ સ્વીકારવાના વિશેષ પ્રયત્નો કરે છે.[૮]

દેશવિરતિ ગુણસ્થાનક સ્વીકારનાર તે શ્રાવકના ઉત્તરભાવિનાં પરિણામો તેમજ સર્વવિરતિધર મુનિનાં પરિણામો કેવા લોકોત્તમ સ્વરૂપનાં છે, તે તે ઉપરના ગુણસ્થાનકનાં સૂક્ષ્મભાવોને વારંવાર શાસ્ત્રોથી જાણે અને પોતે પણ આવુ સત્વ ક્યારે પ્રાપ્ત કરશે કે જેથી સંસારનો ઉચ્છેદ થાય. આ પ્રકારે આલોચના કરીને ઉત્તરગુણનાં બહુમાનને પ્રગટ કરે છે.

સર્વવિતરિધર મુનિ પોતાના ઉત્તમ ચારિત્રનું પાલન કરતા કરતા પણ અસંગભાવવાળા સંયમીને વારંવાર યાદ કરે અને વિચારે કે “સંપૂર્ણ અસંગભાવ વગર કોઈ વીતરાગ થતું નથી. અને વીતરાગતા વિના કેવળજ્ઞાન પ્રગટ થતું નથી અને કેવળજ્ઞાન પ્રગટ થયા વિના મોક્ષની

પ્રાપ્તિ થતી નથી." માટે પોતે પણ પોતાના યતિધર્મમાં તે રીતે ઉદ્યમ કરવાની ભાવના સેવે જેથી શીઘ્ર અસંગભાવની પ્રાપ્તિ શક્ય બને.

**સર્વવિરતિથી → અસંગભાવ → વીતરાગતા → કેવળજ્ઞાન → મોક્ષ**

આ પ્રકારે ચિંતન કરીને દેશવિરતિધર કે સર્વવિરતિધર સ્વસ્વના ઉત્તરગુણનાં બહુમાનને પ્રગટ કરે છે, સાથે સાથે સંસારમાં....

૧) જન્મ અસાર છે

૨) જરાદિનો આશ્રય છે

૩) દુઃખનો સમુદાયી વ્યાપ્ત છે

૪) ધન, યશ, માન, મોભાદિ નાશવંત છે

૫) સ્નેહ અનવસ્થિત છે

૬) વિષયો ભવોભવમાં પરિભ્રમણ કરાવનાર છે

૭) પાપ કર્મનો વિપાક ભયંકર છે

૮) તીવ્ર પીડાકારી છે

૯) સુખ મિથ્યા વિકલ્પરૂપ છે

૧૦)મૃત્યુ સદા પ્રવૃત્ત છે.

આવા સ્વરૂપવાળા ભવસ્વરૂપનું ચિંતન કરે છે અને વૈરાગ્યમાં વૃદ્ધિ કરે છે. અરિહંત પરમાત્માદિનું ભાવપૂર્વક શરણ એ જ અરતિ - ઉદ્વેગને ટાળનાર છે. તેવા ચિંત્તવનથી તેઓ સદા જાગ્રત રહે છે.

તદ્દુપરાંત પ્રાપ્ત ગુણસ્થાનકમાં વિચિત્ર કર્મનાં ઉદયથી જો અરતિ થાય તો ભાવથી શરણુ સ્વીકારવાનાં પ્રયત્નોનું કારણ જણાવતા આચાર્યશ્રી જણાવે છે કે, "આ અરતિનું પૂર્વ સ્વરૂપ અકુશલ કર્મનો ઉદય છે. એ પ્રમાણે શ્રી વીતરાગ પરમાત્મા કહે છે કે એ અકુશલ કર્મોદય ભયાદિમાં (ભય-રોગ-વિષમાં) પ્રસિદ્ધ છે. અને તે કર્મોદય ઉપાયોથી સાધ્ય છે." જે નીચે પ્રમાણે દર્શાવેલ છે.

| કારણ | કાર્ય |
|---|---|
| શરણ | ભય મોહનીયનો નાશ |
| ચિકિત્સા | અસાતાવેદનીયનો નાશ |
| મંત્ર | વિષ (આયુષ્યની અપવર્તના)નો નાશ |

આ ગાથા દ્રષ્ટાંતરૂપ છે. દ્રષ્ટાંત સમજાવીને દાર્ષ્ટાન્તિકમાં જોડતાં કહે છે, "અકુશલ કર્મોદય ઉપસ્થિત થાય ત્યારે ગુરુદેવ જ શરણરૂપ છે, કર્મોદયજનિત રોગ ઉપસ્થિત સામે છઠ, અઠમ વગેરે તપ રૂપ ક્રિયા ચિકિત્સા છે, અને કર્મજન્ય અજ્ઞાનસ્વરૂપ વિષ સામે સ્વાધ્યાય એ જ મંત્ર છે. તથા આ સ્વાધ્યાય રૂપ મંત્ર જ મોહરૂપ વિષનો પ્રગટ વિનાશક છે.

ઉપરોક્ત ત્રણ ઉપાયો-ગુરુશરણ, તપ, સ્વાધ્યાયમાં યત્નવિશેષ કરવાથી પ્રાયઃ તે પાપકર્મોનો ઉપક્રમ થવાથી ભાવિમાં કોઈ વિઘ્ન આવતું નથી. પરંતુ ગુણ જ પ્રાપ્ત થાય છે. આજ સાચો પરમાર્થ છે.[૧૯] હવે આચાર્યશ્રી કર્મનો ઉપક્રમ કરવા સ્વરૂપ પ્રસ્તુત કાર્યની સાધકવિધિ જણાવે છે.

### ૫.૬.૩ કર્મનો ઉપક્રમ કરવા સ્વરૂપ પ્રસ્તુત કાર્યની સાધકવિધિ

આરેહંતાદિ ચારનું શરણ સ્વીકારવું, દુષ્કૃતની ગર્હા કરવી અને સુકૃતની અનુમોદના કરવી આ ત્રણેનો સમુહનું નિરંતર સેવન આવશ્યક છે, કારણ કે તે કલ્યાણનું કારણ છે.

**યોગનાં અધિકારીની સાધકવિધિ**

- ચતુઃશરણ
  - અરિહંત પરમાત્માનું શરણ
  - સિદ્ધ પરમાત્માનું શરણ
  - સાધુ ભગવંતનું શરણ
  - કેવલિ પ્રરૂપિત ધર્મનું શરણ
- દુષ્કૃત ગર્હા
- સુકૃત અનુમોદના

આ ચારનું શરણ એ કર્મોનાં ઉપક્રમોનું પરમ સાધન છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે,

"अरिहंता सरणं, सिद्धा सरणं, साहू सरणं, केवलिपन्मतं धम्मं सरणं ।"[30]

## ૫.૭ યોગના અધિકારનાં વિશેષ ઉપાયો

"ઘટમાનયોગીને અને પ્રવૃત્તયોગીને યોગ સાધવાનો આ ઉપાય સમજાવ્યો છે. પરંતુ આ યોગ પ્રધાનપણે પ્રવૃત્તયોગી અર્થે છે." "રાગાદિને દૂર કરનારી ભાવનાને જણાવનારા શ્રુતનું વિધિપૂર્વક અધ્યયન કરવું, જિનેશ્વર પ્રભુની વાણીનું વારંવાર શ્રવણ કરવું. આ રીતે ભાવનાશ્રુત અર્થનું જ્ઞાન પ્રાપ્ત થયા બાદ રાગાદિ દોષોની અપેક્ષાએ અત્યંત નિપુણતાપૂર્વક આત્મનિરીક્ષણ કરવું."[31] ઉપરોક્ત બંને ગાથાઓમાં યોગીઓનાં પ્રકાર દર્શાવી પ્રવૃત્તયોગીને પ્રધાનતર વિધિનું નિરૂપણ થયેલું છે.

**યોગીઓનાં પ્રકાર**

- ઘટમાન યોગી
  - અપુનર્બન્ધક
- પ્રવૃત્તયોગી
  - સમ્યગદ્રષ્ટિ
  - દેશવિરતિધર
  - સર્વવિરતિધર
- નિષ્પન્ન યોગી
  - સર્વવિરતિધર યાવત્ કેવલી ભગવંત

(૧) ઘટમાનયોગી :

યોગમાર્ગમાં હજુ પ્રવૃત્તિ શરૂ થઈ નથી, તેથી તેવી પ્રવૃત્તિ કરવા અર્થે આત્માને કેળવવાની (ઘડવાની) ક્રિયા કરનાર.

(૨) પ્રવૃત્તયોગી

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યકચારિત્ર રૂપ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરનાર સમ્યગ્દષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધર.

(૩) નિષ્પન્ન યોગી

યોગમાં સમ્યક પ્રવૃત્તિ દ્વારા યોગ જેઓએ પ્રકૃતિરૂપે નિષ્પન્ન કર્યો છે. તેવા સર્વવિરતિધર યાવત્ કેવળી ભગવંતો.

**નિષ્પન્ન યોગી મહાત્મા કેવલી ભગવંતનું ચિત્ર પરિશિષ્ટ-૧૨માં આપવામાં આવેલ છે.**

**પ્રવૃત્તયોગીને પ્રધાનતર વિધિ**

| | | |
|---|---|---|
| **વિધિપૂર્વક ભાવનાશ્રુતનો પાઠ** | **વાંરવાર તીર્થ શ્રવણ** | **આત્મદોષની અપેક્ષાએ અત્યંત નિપુણતાથી આત્મ નિરીક્ષણ** |

**યોગમાર્ગમાં આત્માને દૂષણ કરનારા દોષ**

| | | |
|---|---|---|
| **અભિષ્વંગરૂપ રાગ** | **અપ્રીતિરૂપ દ્વેષ** | **વિપરીત જ્ઞાનરૂપ મોહ** |

આત્મનિરીક્ષણ કરનાર આત્માજ્ઞાનયોગી જ હોય છે. રાગ, દ્વેષ અને મોહ આ ત્રણ આત્માને દૂષત કરનારા દોષો છે. પૂર્વબદ્ધ કર્મના ઉદયથી થયેલા આત્માના આ ત્રણ વૈભાવિક પરિણામો છે. પરંતુ ભદ્રિકભાવે આ યોગીમહાત્મા થાપ ન ખાય જાય માટે અતિનિપુણતાપૂર્વકનું આત્મનિરીક્ષણ કરવાનું શ્રી સૂરિજી જણાવે છે.[૩૨] આ રાગાદિ પરિણામો કર્મોના ઉદયથી જનિત છે તેથી કર્મોના સ્વરૂપનું વર્ણન યોગશતક અધ્યયન ભાગ-૨મા કરવામા આવેલ છે.

## પાદટીપ : ભાગ-૧

૧. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ, પૃ.-૮૮૨
૨. યોગશતક, સંપાદક : ડૉ. ઈન્દુકલા ઝવેરી, પૃ.-૪
૩. યોગબિંદુ ગાથા-૧૭૮
૪. યોગબિંદુ ગાથા-૧
૫. યોગબિંદુ ગાથા-૨
૬. જૈનદર્શન, ટી. કે. તુકોલ, પૃ.-૧૩૬
૭. યોગશતક ગાથા-૩
૮. યોગશતક, અનુવાદક :પંડિતશ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા, પૃ-૧૬
૯. યોગશતક, ગાથા-૪
૧૦. शुश्रूषा श्रवणं चैव ग्रहणं धारणं तथा । उहोऽपोहोऽर्थविज्ञानं तत्वज्ञानं च धिगुणाः । યોગશાસ્ત્ર, પ્રથમ પ્રકાશ, પૃ.-૧૮
૧૧. યોગવિંશિકા, ગાથા ૩-૪
૧૨. યોગશતક, ગાથા-૬ થી ૮
૧૩. યોગશતક, ગાથા-૯ થી ૧૦
૧૪. યોગશતક, સંપાદક : ડૉ. ઈન્દુકલા ઝવેરી, પૃ.-૧૦
૧૫. યોગશતક, ગાથા-૧૨
૧૬. યોગશતક, ગાથા-૧૩
૧૭. યોગશતક, અનુવાદક : પંડિતશ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા, પૃ-૩૪
૧૮. યોગશતક, ગાથા-૨૪ થી ૨૬
૧૯. યોગશતક, ગાથા-૨૧, ૨૨
૨૦. યોગશતક, ગાથા-૧૪, ૨૭, ૨૮
૨૧. યોગશતક, ગાથા-૧૫
૨૨. શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર :પંડિતશ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા, પૃ-૨૮૧
૨૩. યોગશતક, ગાથા-૧૭ થી ૨૦
૨૪. યોગશતક, ગાથા-૨૯ થી ૩૧
૨૫. सुट्ठु वि उज्जममाणं, पंचेव करिंति रितयं समणं ।
अप्पथुई परनिंदा, जिब्भोवत्था कसाया च ।। ઉપદેશમાલા, ગાથા-૭૨
૨૬. યોગશતક એક પરિશિલન, પરિશીલન :પૂ.આ.શ્રી ચંદ્રગુપ્તસુરિજી, પૃ.-૯૫
૨૭. યોગશતક, ગાથા-૩૨ થી ૩૮
૨૮. યોગશતક, ગાથા-૩૯ થી ૪૫

૨૯. યોગશતક, ગાથા-૪૬ થી ૪૯
૩૦. યોગશતક, ગાથા-૫૦
૩૧. યોગશતક, ગાથા-૫૧-૫૨
૩૨. યોગશતક, ગાથા-૫૩

# પ્રકરણ-૫

## યોગશતક ગ્રંથનું અધ્યયન : ભાગ-૨


૫.૮ જીવ - કર્મનો સંબંધ અનાદિ સાન્ત

૫.૯ રાગ - દ્વેષ - મોહનું સ્વરૂપ

૫.૯.૧ રાગ - દ્વેષ - મોહનાં પ્રતિપક્ષ ભાવનથી પ્રગટ થતાં તત્વભાસનનું સ્વરૂપ :

૫.૧૦ ચાર યોગભાવનાનું વર્ણન

૫.૧૧ યોગીના આહારની વિધિ

૫.૧૨ યોગપ્રભાવથી પ્રાપ્ત થતી લબ્ધિ અને તેનું ફળ

૫.૧૩ મોક્ષનું પ્રધાન અંગ - સામાયિક

૫.૧૪ મરણકાળ જાણવાનાં ઉપાયો

# પ્રકરણ-૫

# યોગશતક ગ્રંથનું અધ્યયન : ભાગ-૨

## ૫.૮ જીવ - કર્મનો સંબંધ અનાદિ સાન્ત

**અનંતકાળથી જીવ કર્મ સાથે બંધાયેલો છે. તે ઉપરાંત પ્રત્યેક ક્ષણે નવા કર્મદ્રવ્યનાં પ્રવાહમાં તે ખેંચાતો હોય છે. કર્મનો જીવ સાથે સંબંધ અનાદિ છે.[1] જૈનધર્મનો પાયાનો સિદ્ધાંત છે કે પ્રત્યેક જીવ ચેતન છે, અને દર્શન અને જ્ઞાનરૂપી 'ઉપયોગ' ધરાવે છે. તેને આકાર નથી. પણ તે બધા કાર્યોનો કર્તા છે, જે શરીરમાં પોતાનો નિવાસ હોય તે શરીરનાં પરિણામ જેટલો પોતાનો વિસ્તાર કરવાની તેનામાં શક્તિ છે, તે કર્મફળનો કર્તા અને ભોક્તા છે. તેની વૃત્તિ ઉર્ધ્વગતિ કરવાની હોય છે. અને ઉત્તમસંયમ પુરુષાર્થથી મુક્તિની દશા પ્રાપ્ત થતાં સિદ્ધ બને છે.[2]**

યોગશતક ગ્રંથની ગાથા ૫૪ થી ૫૮માં કર્મવાદ અને આત્મવાદનાં યથાર્થ સ્વરૂપનું વર્ણન કર્યું છે. આચાર્યશ્રી જણાવે છે કે, "કર્મ એ ચિત્ર-વિચિત્ર પુદ્ગલ સ્વરૂપ છે. જીવની સાથે અનાદિકાળથી જોડાયેલું છે. મિથ્યાત્વાદિ નિમિત્તોથી બંધાય છે. અને ન્યાયપૂર્વક અતીત કાળની સમાન છે."

**કર્મની વ્યાખ્યા**

આ સમસ્ત વિશ્વમાં પુદ્ગલ દ્રવ્ય ઠસોઠસ ભરેલું છે. જેમાં પરમાણુંઓનું પૂરણ-જોડાવું અને ગલન-વિખરાવું બને તે પુદ્ગલ દ્રવ્ય કહેવાય છે. આ દ્રવ્ય નિર્જીવ છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળું રૂપી દ્રવ્ય છે. રજકણોની જેમ અણુસમૂહ રૂપ છે. અણુઓનો સમૂહ તે 'સ્કંધ' છે. એક એક સ્કંધમાં બે અણુઓનાં સમૂહથી યાવત્ સંખ્યાત્-અસંખ્યાત્ અને અનંત અણુઓનાં સમૂહ પણ હોય છે. તેથી તેના વર્ગીકરણરૂપે જૈનાગમોમાં આઠ ભેદો દર્શાવ્યા છે.

**અણુસમૂહનું વર્ગીકરણ (વર્ગણા)**

**ઔદારિક | વૈક્રિય | આહારક | તૈજસ | શ્વાસોશ્વાસ | ભાષા | મન | કાર્મણ**

આ વર્ગણાઓમાં આઠમી કાર્મણ વર્ગણા છે. આત્મા સાથે કર્મનો ક્ષીર-નીર સમાન સંબંધ થવો તેનું નામ કર્મબંધ છે.[3] જીવ સ્વયં કર્મબંધ તથા કર્મભોગનો અધિષ્ઠાતા છે. આ સિવાયના જે હેતુઓ દ્રષ્ટિગોચર થાય છે તે સર્વ સહકારી કે નૈમિતિક જ છે. આત્મા સાથે કર્મ પુદ્ગલોને જોડી દેવાનું કામ નીચેના પાંચ હેતુઓ દ્વારા થાય છે. मिथ्यादर्शना-ऽविरति-प्रमाद-कषाय-योगा बन्धहेतवः ।

**કર્મબંધના હેતુઓ**

**હેતુઓ**

**મિથ્યાત્વ | અવિરતિ | પ્રમાદ | કષાય | યોગ**

સૂક્ષ્મદ્રષ્ટિથી વિચારીએ તો મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદ ત્રણેનો કષાયમાં સમાવેશ થઈ જાય છે. આથી જ કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથોમાં કષાય અને યોગ એ બે ને જ કર્મબંધના કારણ કહ્યાં છે.[૪]

જ્યારે આત્મામાં ઉપરોક્ત મિથ્યાત્વાદિ કારણો પ્રગટ થાય છે. તેનાથી આ આત્માને કાર્મણવર્ગણાનાં અણુઓનો એકમેક થઈ ચિત્ર-વિચિત્ર અનેક સ્વરૂપે પરિણામ પામે છે. તે સમૂહો જ્ઞાન ગુણને ઢાંકવાનાં સ્વરૂપે-જ્ઞાનવરણીય કર્મ, દર્શનગુણને ઢાંકવાનાં સ્વરૂપે-દર્શનાવર્ણીય કર્મ વગેરે સામાન્યથી મૂળથી આઠ ભેદવાળું છે. અને અવાંતર ભેદથી ૧૫૮ ભેદો છે. પહેલા એ કાર્મણવર્ગણા કહેવાય છે. આત્મા સાથે ચોંટ્યા પછી તેને જ કર્મ કહેવાય છે. ક્ષીર-નીર જેમ આત્મા અને કર્મ એકમેક થાય છે. આત્માનાં પ્રદેશે પ્રદેશે વ્યાપ્ત થાય છે. કર્મ ક્યારેય નિમિત્ત લીધા વિના ઉદયમાં આવતું નથી. કર્મના ઉદય માટે પાંચ નિમિત્તો છે : દ્રવ્ય, ક્ષત્ર, કાળ, ભવ અને ભાવ પ્રબળ કર્મનો ઉદય આવે તો નિમિત તો લે જ છે.[૫]

ન્યાયાપૂર્વક પ્રવાહથી કર્મ અતીતકાળ સમાન છે તે કથનને સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે, "જેટલો અતીતકાળ છે તે બધો જ અતીતકાળ વર્તમાનતાને પ્રાપ્ત કરી લીધેલો છે. (દા.ત. ૧૦ વર્ષ પહેલા ૨00૧ તે સમયે વર્તમાન અને અત્યારે અતીતકાળ થઈ ગયો છે.) આથી તે અતીતકાળ પ્રવાહથી અનાદિ છે. કારણ કે કાળશૂન્ય લોકનો સંભવ જ નથી. કર્મોમાં જે મિથ્યાત્વ આદિ હેતુઓથી કૃતકપણુ છે. તે અતીતકાળની વર્તમાનતા જેવું છે.

જેમ વિજ્ઞાનબુદ્ધિ અમૂર્ત છે. છતાં મદિરાપાનથી તેને ઉપઘાત (નાશ) થાય છે. અને બ્રાહ્મી આદિ ઔષધિ થી અનુગ્રહ થાય છે. તેમ અહીં અમૂર્ત એવા જીવને મૂર્ત એવા કર્મ (શુભાશુભ કર્મ) વડે ઉપઘાત અનુગ્રહ પણ ઘટી શકે છે. અર્થાત્ કર્મને અનાદિ માનવા જ પડે અન્યથા નહી. દા.ત. મરૂદેવા માતા, ભરતચક્રવર્તીને ઉપચાર વિના કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા પરંતુ પૂર્વભવનાં સંસ્કારો તો હતા જ. જીવ સમયે સમયે શુભાશુભ કર્મ બાંધે છે, છોડે છે, પણ પ્રવાહ થકી કર્મબંધ અનાદિ છે.[૬]

'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા' ગ્રંથનું ૨૯મું પ્રકરણ "યોગમાહાત્મય દ્વાત્રિંશિકા'માં શ્રી ~~હરિભદ્રસૂરીજી~~ યશોવિજયજી જણાવે છે કે "ભરતક્ષેત્રનાં સામ્રાજ્યને ભોગવતા પણ મહામતિ એવા ભરત મહારાજા યોગનાં માહાત્મયથી તત્કાળ કેવળલક્ષ્મીને પામ્યા" શ્રી ભરત મહારાજાએ પૂર્વભવોમાં ઘણા ભવો સુધી યોગનો અભ્યાસ કરીને શક્તિ સંચય કરેલો તેથી ક્ષણમાં યોગનાં પ્રકર્ષને પામી શક્યા. પરંતુ જેમણે પૂર્વભવમાં યોગનો અભ્યાસ પણ કર્યો નથી તેવા મરૂદેવા માતા ક્ષણમાં યોગનાં પ્રભાવથી પરમપદને પામ્યા છે. તે ગ્રંથકારશ્રી જણાવે છે, "પૂર્વમાં અપ્રાપ્ત ધર્મવાળા પણ પરમાનદંથી આનંદિત થયેલા મરુદેવા માતા યોગનાં પ્રભાવથી પરમપદને પામ્યા.

આત્મા પણ અનાદિ છે. કર્મ પણ અનાદિ છે અને આત્મા-કર્મનો સંબંધ પણ અનાદિનો છે. 'કંચન અને ઉપલ (માટી)ની જેમ જીવ-કર્મનો આ સંબંધ અનાદિ છે. તો પણ ઉપાય વડે આ બંનેનો વિયોગ પણ અવશ્ય થાય છે. કર્મબંધ તે અનાદિ છે. અનાદિ સંયોગનો વિયોગ

થાય છે. જેમ કંચન અને ઉપલનો સંયોગ અનાદિનો છે. તેનો તથાવિધ સામગ્રી વિષે ભવસ્થિતિ પરિપાકે આત્યંતિક વિયોગ થાય છે. ફરી તેને પાછો સંયોગ ન થાય. काञ्चनोपलवत् ।[७] આ જીવ અને કર્મનો સંબંધ અનાદિ હોવા છતા સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીની ઉપાસના અને સમતાભાવ રૂપ સામાયિકની આરાધના વડે અંત આવી શકે છે અને તેનું શુધ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે.

આ પ્રમાણે જ કર્મબંધ અને મોક્ષ બંને ભાવો ઉપચાર વિના સહજ રીતે ઘટી શકે છે. સુખ, દુઃખ પણ જે દેખાય છે તે પણ ઘટી શકે છે. કારણ કે તેનું મુખ્ય કારણ કર્મ છે. અન્યથા ઘટતા નથી. આત્માથી અતિરિક્ત કર્મને સ્વીકારવાથી નિરુપચરિત બંધ અને મોક્ષની સિધ્ધિનું સ્થાપન થાય છે.[૮]

## ૫.૯ રાગ - દ્વેષ - મોહનું સ્વરૂપ

"જ્યાં 'આસક્તિ' એ રાગ છે. 'અપ્રીતિ' એ દ્વેષનું લક્ષણ છે. અને 'અજ્ઞાન' એ મોહ છે. આ ત્રણ દોષોમાંથી કયો દોષ અતિશય પીડા આપે છે. એવું આત્મસંપ્રેક્ષણ યોગીમહાત્મા કરે છે."

- રાગ

रञ्जनमिति रागः જે રંજન પરિણતિ છે તે રાગ છે.[૯] ઈષ્ટવસ્તુઓ પ્રત્યેની જે આસક્તિ, મમતાની બુદ્ધિ તે રાગ. અભિષ્વંગ = આસક્તિ તે આત્માને રંગે છે. ઉદાસીનતામાંથી રાજી રાજી કરી નાંખે છે. મુખાકૃતિ જ બદલાય જાય છે. માટે તેને રાગ કહે છે. મોહનીયાદિ કર્મોનાં ઉદયથી ઉત્પન્ન થયેલી આસક્તિરૂપ આત્માની પરિણતિ જે ભાવાત્મક છે.

- દ્વેષ

"अप्रीति लक्षणो द्वेषः" અપ્રીતિ લક્ષણ તે દ્વેષ છે.[૧૦] સ્વરૂપને જ લક્ષણ સ્વરૂપે વર્ણવ્યું છે. એ દ્વેષ પણ ભાવાત્મક આત્મા પરિણામ સ્વરૂપને સમજવાનું કહે છે.

- મોહ

'मोहनं मोहः આત્માને મૂંઝવવાની પરિણતિ તે મોહ છે' આત્માને હિતાહિતમાં જે મુંઝવે છે. વિવેકશૂન્ય બનાવે છે. તે મોહ છે.[૧૧] ઠાણાંગસૂત્રમાં રાગ-દ્વેષજનિત બે પ્રકારની મૂર્ચ્છાનું વર્ણન છે. કર્તવ્યાકર્તવ્યના વિવેકનો નાશ કરે તે મૂર્ચ્છા. મોહ જ મૂર્ચ્છારૂપ છે. આ મૂર્ચ્છા રાગના કારણે ઉદ્દભવે તે રાગપ્રત્યયા મૂર્ચ્છા, અને તે માયા અને લોભરૂપ છે. તેમજ દ્વેષના કારણે મૂર્ચ્છા ઉદ્દભવે તો તે દ્વેષ પ્રત્યયા મૂર્ચ્છા છે. જે ક્રોધ અને માનરૂપ છે.[૧૨]

આત્મસંપ્રેક્ષણ કરનાર યોગીમહાત્મા વિચારે છે કે ઉપરોક્ત આ રાગાદિ દોષોમાં મોક્ષની સાધનામાં આગળ વધવા કયો દોષ અતિશય પીડે છે. સ્વપ્નમાં જોયેલા શણગારો પ્રતિબુધ્ધ (જાગૃત) અવસ્થામાં દર્પણમાં જોતા જેમ શૂન્ય દેખાય છે. એ ન્યાયે આ સંસારસુખ પણ ક્ષણિક છે. આવા ઉત્તમ વિચારો જ્ઞાનયોગી મહાત્માઓ કરે છે. ઉપરોક્ત રાગ-દ્વેષ-મોહનાં દોષોને આશ્રયીને આત્મનિરીક્ષણ પછીની ચિંતન પદ્ધતિ ગ્રંથકારશ્રી જણાવે છે. તે નીચે પ્રમાણે છે.

**રાગાદિ દોષવિષયક ચિંતન પદ્ધતિ**

- રાગાદિ વિષયભૂત ચિંતન
- તેની પરિણતિનું ચિંતન
- તેના વિપાકનું ચિંતન

પોતાના આત્માને રાગાદિમાન જાણીને મુક્ત બનવા શ્રી વીતરાગ પરમાત્માનાં વચનાનુસાર દ્રઢતાપૂર્વક એકાંતમાં સમ્યગ્ ઉપયોગપૂર્વક આ રાગ-દ્વેષ-મોહ એ જ સાચા ત્રણ દોષો છે. અને તેને દૂર કરવા ૧) સ્વરૂપ ચિંતન ૨) પરિણામ ચિંતન ૩) વિપાક દોષ ચિંતન એમ ક્રમશઃ એકેક દોષોનું ત્રણ ત્રણ રીતે તત્વચિંતન કરે છે.

**વિશેષ ચાર પ્રકારની વિધિ**

- ગુરુદેવતાને પ્રણામ કરીને તત્વ ચિંતન
- પદ્માસનાદિ આસન વિશેષપૂર્વક તત્વચિંતન
- ડાંસ-મચ્છર આદિને ગણકાર્યા વગર તત્વચિંતન
- તત્વ જાણવા માટે તે જ ચિંતનમાં લયલીન થઈ તત્વચિંતન

સર્વકાર્યોમાં વિધિની અપેક્ષા હોય જ છે. એ કથન ગ્રંથકારશ્રી ઉદાહરણ દ્વારા સમજાવે છે. માટીનો ઘટ બનાવવો હોય તો તેના સાધનો ભેગા કરવા. યથાસ્થાને ગોઠવવાં, તેનો વ્યવસ્થિપણે ઉપયોગ કરવો ઘટ બનાવતાં મન તે જ ક્રિયામાં જ લીન કરવું ઈત્યાદિ વિધિ સચવાય તે આવશ્યક છે. તે જ રીતે તત્વચિંતનનો વિષય અને વિધિનાં નિરૂપણ બાદ ઉપરોક્ત બંને ગાથાઓમાં આવેલા એકેક વિષયનો અર્થ મુખ્ય પ્રયોજનો દ્વારા ગ્રંથકારશ્રી સમજાવે છે. ગુરુ અને દેવતાને પ્રણામકરવાથી.....

→ ગુરુ અને દેવતાનાં અનુગ્રહની પ્રાપ્તિ થાય છે.

→ અધિકૃત તત્વચિંતનની સિદ્ધિ થાય છે.

ગાથાર્થ ખૂબ જ સ્પષ્ટ છે કે જેમ મંત્ર કે ચિંતામણિ રત્ન વગેરેથી તેની વિધિપૂર્વક આરાધના કરનાર ભવ્યજીવોને ઉપકાર થતો નહિ હોવા છતાં અચેતન એવા મંત્રાદિનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. તેમ ગુરુદેવતાથી ઉપકાર થતો નહિ હોવા છતાં તેઓશ્રીથી અનુગ્રહ થાય છે.

આગળની ગાથામાં આચાર્યશ્રી પદ્માસન આદિ સ્થાનોનાં ગુણો જણાવતાં કહે છે કે, "પદ્માસનાદિ આસનવિશેષથી કાયાનો નિરોધ થાય છે. અને તે યોગનું સેવન કરનારા અન્ય યોગીમહાત્માઓ પ્રત્યે બહુમાનનો ભાવ થાય છે. તથા દંશાદિને નહિ ગણકારવામાં વીર્યોલ્લાસની વૃદ્ધિ અને ઈષ્ટફળની પ્રાપ્તિ થાય છે."

જેઓનું ચિત્ત ચલિત ન થાય એટલા બધા ચિંતનમાં એકાકાર બની જાય ત્યારે જ તે વિષયનું સાંગોપાંગ યથાર્થ તત્વભાસન પ્રાપ્ત થાય છે. અને આ તત્વજ્ઞાન જ ઈષ્ટસિદ્ધિનું યોગદશાની સિધ્ધિનું પ્રધાનત્તર અંગ છે.[13]

**૫.૯.૧ રાગ - દ્વેષ - મોહનાં પ્રતિપક્ષ ભાવનથી પ્રગટ થતાં તત્વભાસનનું સ્વરૂપ :**

**ગાથા-૬૬માં આચાર્યશ્રી તત્વભાસનનું નીચે પ્રમાણે સ્વરૂપ જણાવે છે.**

**(૧) શ્રુતજ્ઞાન અને ચિંતામય જ્ઞાનનો નિરાસ કરીને ત્રીજું ભાવનામય જ્ઞાન પ્રગટ થાય છે. જે પરમ કલ્યાણનું કારણ છે.**

**(૨) અસત્ પ્રવૃત્તિઓની નિવૃત્તિ કરાવનારું આ તત્વજ્ઞાન છે. અનાદિકાળથી મિથ્યાજ્ઞાનને કારણે જે યોગમાર્ગથી વિપરીત પ્રવૃત્તિ થતી હતી તેમાં આ તત્વજ્ઞાનને કારણે નિવૃત્તિ ઉત્પન્ન થાય છે.**

**(૩) ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થાય છે. પરમ કલ્યાણકારી એવું આ તત્વજ્ઞાન પ્રાપ્ત થવાથી જીવનમાંથી જેમ અસત્ પ્રવૃત્તિઓની નિવૃત્તિ થાય છે તેમ તેમ ચિત્ત વધારેને વધારે સ્થિર થાય છે.**

(૪) તત્વજ્ઞાન લોકદ્વય સાધક છે. સમ્યક્ પ્રકારનાં ઉપયોગથી રાગ-દ્વેષ-મોહનાં પ્રતિપક્ષ ભાવનને કારણે મન મેરુ જેવુ નિષ્પ્રકંપ બનવાથી જ સિદ્ધિ થાય છે. સુગતિની પરંપરા દ્વારા મોક્ષફળ મળે છે. કરાણ કે સતત શુભ સંસ્કારોનું જ સિંચન થતાં કેવળ કુશળ એવા પુણ્યકર્મોનો જ અનુબંધ થાય છે અને તે કુશળકર્મોનો અનુભવ ભવાંતરે ઉદયમાં આપવાથી ભવાંતરમાં પણ અનાસક્તિ ભાવજ વૃદ્ધિ પામવાથી પરલોકમાં પણ આત્મહિતની જ સિદ્ધિ થાય છે.

સચેતન વસ્તુમાં થતાં રાગનાં પ્રતિપક્ષ ભાવનનું સ્વરૂપ છે. જેમ કે કોઈ સંયમીને સ્ત્રી રાગ બાધા કરતો હોય તો તેઓનું તત્વ કાદવ, માંસ, લોહી, મળ, હાડકામય છે. એ પ્રકારનું સમ્યગ્બુદ્ધિથી ચિંતન કરે છે.

અચેતન વસ્તુમાં થતા રાગનાં પ્રતિપક્ષ ભાવનનું સ્વરૂપ છે. જેમ કે અર્થ વિષયક રાગ થાયે છે તે ધન અર્જન-રક્ષણ-ક્ષય-ભોગાદિ સેંકડો દુઃખોથી યુક્ત, ગમન પરિમામ યુક્ત અને કુગતિ વિપાકવાળું સ્વરૂપ ચિંતન કરે છે.

સચેતન-અચેતન વિષે દ્વેષ થયે છતે પ્રતિપક્ષ ભાવનનું સ્વરૂપ છે. જેમ કે, જીવવિષયક દ્વેષ થવાથી જીવોનું વિભિન્ન પણું એટલે કે જેના પ્રત્યે રાગ છે અને જેના પ્રત્યે દ્વેષ થાય છે, તે બંને પોતાના માટે ભિન્ન રૂપે સરખા છે. તેવી બુધ્ધિ થવાથી રાગનાં પાત્ર પ્રત્યે રાગ દૂર થાય છે. અને તેના કારણે દ્વેષનાં પાત્ર પ્રત્યે દ્વેષ પણ દૂર થાય છે. તે જ રીતે પુદ્દગલવિષે ચિંતન તેમજ કોઈપણ જીવ કે પુદ્દગલ પદાર્થ પ્રત્યે દ્વેષ થાય તો તેમાંથી બંધાયેલું કર્મ પરલોકમાં પોતાને ન ગમે તેવા ભાવ સાથે સંબંધ કરાવી આપે છે. તેથી દ્વેષનું ફળ પણ જીવ માટે પ્રતિકૂળ છે.

મોહ = અજ્ઞાન દોષને આશ્રયી પ્રતિપક્ષ ભાવનાના સ્વરૂપનું નિરૂપણ છે. તેવું ચિંતન મોહની બાબતમાં પણ સામાન્યથી ઉત્પાદ-વ્યય-ધ્રુવતા યુક્ત એવું વસ્તુનું સ્વરૂપ અનુભવ પૂર્વક યુક્તિને અનુસરે સમ્યગ્પ્રકારે વિચારે છે. વિશ્વમાં કોઈપણ કાળે

**અવિદ્યમાન હોય તેવી વસ્તુ ઉત્પન્ન થતી નથી. દા.ત. માટીમાંથી ઘટ બનવાને બદલે પટ-વસ્ત્ર નથી બની જતી સૂતરમાંથી પટ બનવાને બદલે ઘટ-મઠ નથી બની જતી. અને જે વસ્તુ વિદ્યમાન હોય છે તે દરકે મૂળ સ્વરૂપે ધ્રુવ હોય છે. અને પર્યાયને લઈને ઉત્પન્ન તથા નાશ થાય છે આ રીતે સાધક આત્મા પોતાના ચિત્તમાં રહેલા રાગ, દ્વેષ કે મોહજન્ય ચપળવૃત્તિઓ પર કાબૂ મેળવી ધ્યાનમાં સ્થિરતા પ્રાપ્ત કરે છે.**

**આ પ્રમાણે વીતરાગ પરમાત્માની આજ્ઞા અનુસાર તત્વોનું ચિંતન કરવાથી નિયમા દ્રષ્ટ ફળ તત્વોનો બોધ પ્રગટ થાય છે. ભાવગુણોનાં મહાસાગર એવા પરમાત્મા પ્રત્યેનાં બહુમાનથી જ રાગ - દ્વેષ - મોહ આદિનાં પ્રતિપક્ષ કર્મોનો પરમ ક્ષય થાય છે.**[૧૪]

તે ઉપરાંત એકાંત અવસ્થાવાળા ક્ષેત્રનાં લાભો જણાવતાં આગળની ગાથા-૭૫માં આચાર્યશ્રી જણાવે છે કે, 'અનભ્યસ્ત યોગવાળા યોગીઓને એકાંતસ્થાનમાં આવા પ્રકારનાં તત્વચિંતનમાં રાગાદિ પ્રતિપક્ષ ભાવનાના વિક્ષેપ થતો નથી. અને પ્રશસ્ત એવી યોગવશિતા પ્રાયઃ પ્રાપ્ત થાય છે.' શાસ્ત્રવિધિ અનુસાર એકાંતમાં બેસીને ચિંતવનની વિધિ હોવાથી તે વિધિ પ્રત્યેનાં બહુમાનને કારણે પ્રશસ્ત એવા યોગનાં અભ્યાસનું સામર્થ્ય પ્રગટે છે તે પ્રશસ્ત યોગવશિતા છે. સિદ્ધિની સમીપતાનો યોગ કરાવનાર પૂર્વે કહેલી ક્રિયાઓના વિષયવાળો અને સર્વ સ્થાને યથાર્થભાવવાળો એવા જ્ઞાનની એકાગ્રતાનો ઉપયોગ કર્યો છે. આ પ્રમાણે ઉપરોક્ત વિધિ મુજબ યોગના અભ્યાસથી રાગાદિવિષયક યથાર્થતત્વ પરિણતિ અને ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થાય છે. તે ચિત્તની સ્થિરતા ભવાંતરમાં પંણ સાથે આવે છે. તથા પરંપરાએ મુક્તિ પ્રાપ્તિનું પરમપ્રધાન કારણ બને છે.[૧૫]

## ૫.૧૦ ચાર યોગભાવનાનું વર્ણન

પૂર્વક્ત જણાવ્યા મુજબ રાગ-દ્વેષ-મોહ આદિનું ચિંતન કરવાથી જેમ યોગની પ્રાપ્તિ થાય છે, તેમ ચપળ વૃત્તિઓને સ્થિર કરવામાં અન્ય ઉપાય તરીકે મૈત્રી આદિ ચારભાવનાના સેવનનુ વર્ણન છે. જેને ચાર યોગભાવના કહે છે. સામાન્યથી પૂર્વે કહેલ પદ્માસનાદિ વિધિ સાચવવા પૂર્વક જ પરમસંવેગી બનેલા આ યોગી આત્માઓ સત્વાદિમાં મૈત્રી આદિ ગુણોની ભાવના ભાવે છે. સર્વે જીવો વિષે મૈત્રી, ગુણાદિકને વિષે પ્રમોદ તથા કિલશયમાન અને અવિનીત જીવોને વિષે અનુક્રમે કરુણા અને માધ્યસ્થ ભાવનાઓ ભાવે છે.

અહીં ગ્રંથકારશ્રી વિધેયાત્મક બીજો માર્ગ બતાવે છે. જેને સામાયિક-પ્રતિક્રમણ-પૂજા-તીર્થયાત્રા-પચ્ચકખાણ-સાધુસંતોની વૈયાવચ્ચ ઈત્યાદિ ઉપાદેય ભાવોની ઉપાસના એ વિધેયાત્મક ભાવે ગુણો છે. તે જ રીતે મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ આ ચાર ભાવનાઓ મુક્તિ પ્રાપ્તિનો બીજો ઉપાય છે.

(૧) મૈત્રી ભાવના : સર્વ જીવોને વિષે કોઈપણ જાતનાં ભેદભાવ વિના પોતાના આત્મ વત મૈત્રી ભાવનાથી ભાવિત સાધક સર્વ જીવો પ્રત્યે ઉચિત પ્રવૃત્તિ કરે, હિતચિંતા કરે.

(૨) પ્રમોદ ભાવના : પોતાની અપેક્ષાએ અધિક ગુણસંપન્ન આત્માઓ પ્રત્યે બહુમાન ભાવ સ્વરૂપ ભાવના.

(૩) કરુણા ભાવના : રાગાદિથી કલેશ પામતા જીવોમાં કરુણાભાવના કરે જે કઠોરતાનાં પરિણામનાં ક્ષયોપશમ ભાવરૂપ છે.

(૪) માધ્યસ્થ ભાવના : ભારે કર્મોથી અનુચિત પ્રવૃત્તિ કરનારા અયોગ્ય - અવિનીત જીવો પ્રતિ દ્વેષ ન આવે તે માટે માધ્યસ્થ ભાવનાથી ભાવિત બને.

આ ચારેય ભાવનાઓ વિષે ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી કહે છે.

मैत्री प्रमोदकारुण्य – माध्यस्थ्यानि नियोजयेत् ।

धर्मध्यानमुपस्कर्तुं, तद्धि तस्य रसायनम् ।।२।।[१६]

તીર્થંકર ભગવંતોએ મૈત્રી વગેરે ચાર સુંદર ભાવનાઓ 'ધર્મધ્યાન' નું અનુસંધાન કરવા માટે નિદર્શિત કરી છે. મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ આ ચારે ભાવનાઓ ને ધર્મધ્યાનની પ્રસ્તુતિ માટે નિયોજિત છે. કારણ કે ભાવનાનો પુટ પામીને જ ધર્મધ્યાન રસાયણ બને છે.

તદુપરાંત મૈત્રી વગેરે ચાર ભાવનાઓ ભાવનાર વ્યક્તિની યોગ્યતા માટે 'યોગબિંદુ' ગ્રંથમાં આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિજી દ્વારા વિવેક યુક્ત વિવેકની પરિભાષા - 'लब्धपरमार्थ विमर्शः' કરવામાં આવી છે. એટલે કે જેઓએ પરમાર્થનું ચિંતન કર્યું છે. પરમાર્થ એટલે આત્મા. પરમાર્થ એટલે મોક્ષ. આત્મદ્રષ્ટિ અને મોક્ષદ્રષ્ટિ જેની ખુલી ગઈ છે. તે આ પારમાર્થિક ચિંતન પણ આગમાનુસારી હોય છે.[૧૭]

- જે ગંભીર ચિત્તયુક્ત આ મહામનયુક્ત યોગી હર્ષ-શોક-વિષાદને અણદેખ્યા કરી એમના પ્રત્યે ઉચિત ભાવના જ રાખે છે.
- સમ્યગ્ માર્ગાનુસારી - મૈત્રી આદિ ભાવનાઓનું ચિંતન કરનાર શુધ્ધ નિર્વાણપથ પર ચાલે છે.
- **મૈત્રીભાવનાનાં ચાર પ્રકાર :**

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી 'ષોડશક' નામના ગ્રંથમાં મૈત્રીભાવનાનાં ચાર પ્રકારો બતાવ્યા છે. ૧૭/૨

(૧) ઉપકાર મૈત્રી (માધ્યમ પ્રકાર)

(૨) સ્વજન મૈત્રી (ઉપકાર ન હોય તો પણ)

(૩) પરિજન મૈત્રી (સ્વજન સંબંધ નિરપેક્ષ)

(૪) પરહિત ચિંતારૂપી મૈત્રી (સંબંધ નિરપેક્ષ, સર્વ પરિચિતો પ્રત્યે)

મેત્રીઆદિ ચાર ભાવનાઓ અન્ય સાથેનાં વ્યવહારની ભાવનાઓછે. ભાવનાઓમાં અનર્ગળ શક્તિ રહેલી છે. ભાવનાઓ મનુષ્યાં સમગ્ર વ્યક્તિત્વને પલટી નાખે છે. તેનાથી ક્રમે ક્રમે જીવનનો અભિગમ બદલાય જાય છે. આત્મા ઉપર પડેલા કર્મનાં સાહચર્યને તોડી નાખવાની ભાવનામાં ઘણી તાકાત છે. અશુભ સાથેના સાહચર્યને તોડીને શુભ કે શુધ્ધ સાથેનું સાહચર્ય વધારવા માટે સમસ્ત ભાવનાયોગ છે. ચિત્તની શુધ્ધિ માટે ભાવનાયોગ સરળ સાધન છે.

આ પ્રમાણે સર્વ જીવોમાં મૈત્રી, ગુણાધિકમાં પ્રમોદ, ક્લિશ્યમાનોમાં કરુણા અને અયોગ્યમાં માધ્યસ્થ એ પ્રકારનાં ક્રમથી ભાવના ભાવે છે. ભાવનાઓ ભાવવાની બાબતમાં આ જ ક્રમ ઉચતિ પ્રવૃત્તિ સ્વરૂપ હોવાથી સમ્યગ્ કહેલો છે. અન્યથા = ઉલટ સુલટ કરતાં તે પ્રકારે અસ્થાને વિનિયોગ થવાથી 'અસમંજસતા જ પ્રાપ્ત થાય છે. દોષની પ્રાપ્તિ થાય છે. માટે આ ક્રમની અગત્યતા જરૂરી છે.

(૧) મૈત્રી ભાવના સામાન્યથી સર્વજીવોને વિષે જ ઉચિત છે.

(૨) પ્રમોદ ભાવના ગુણાધિક જીવોને વિષે જ ઉચિત છે.

(૩) કરુણા ભાવના ક્લિશ્યમાન જીવોને વિષે જ ઉચિત છે.

(૪) માધ્યસ્થ ભાવના અવિનીત જીવોને વિષે જ ઉચિત છે.

આ ચારે ભાવનાઓ આ રીતે યથાસ્થાને જ સાચો ન્યાય માર્ગ છે. તેમ આચાર્યદેવ કહે છે. અને તે રીતે યોગીજનો ચાર ભાવનાનાં ચિંતનથી પણ રાગ, દ્વેષ અને મોહની ચંચળવૃત્તિઓને નાશ કરે છે. અને ચિત્ત પર સ્થિરતા પ્રાપ્ત કરે છે.[૯]

## ૫.૧૧ યોગીના આહારની વિધિ

યોગની સાધના શારીરિક સ્વાસ્થ્યની ખાસ અપેક્ષા રાખે છે. યોગમાર્ગમાં સર્વયોગી મહાત્માઓની સામાન્યથી સર્વ અવસ્થામાં સાધારણ વિધિ એ છે કે યોગીનો આહાર શુક્લ હોય છે. અહીં શુક્લાહાર 'સર્વ સમ્પત્કરી ભિક્ષા સ્વરૂપ છે.

ભાવનાશ્રુતપાઠ, તત્વશ્રવણ, આત્મસંપ્રેક્ષણ, રાગ-દ્વેષ-મોહનાં સ્વરૂપાદિનું ચિંતન અને મૈત્રી આદિ ભાવનાઓનું વર્ણન વગેરે યોગદશાની પ્રાપ્તિ માટેનાં સર્વ વર્ણન બાદ "યોગીનો આહાર કેવો હોય" એ આહારવિધિ જણાવતા શ્રી હરિભદ્રસૂરિજી કહે છે કે, "સર્વયોગીઓ માટે આ સાધારણ વિધિ છે કે આ યોગીનો આહાર 'શુકલાહાર' હોય છે. તેમજ આ શુકલાહાર સાર્થક છે. તેથી જ મુનિની ભિક્ષા સર્વસંપત્કરી હોય છે.

યોગદશાની પ્રાપ્તિ માટે મનની નિર્મળતા જેમ આવશ્યક છે. તેમ તનની નિરોગિતા પણ સહાયક છે. મનની નિર્મળતા માટે રાગાદિ દોષોનાં સ્વરૂપાદિનું ચિંતન અને મૈત્રી આદિ ભાવનાઓ ભાવવી જેમ પ્રધાન કારણ છે. તેમ તનની નિરોગિતા માટે 'આહાર શુદ્ધિ' પ્રધાનતર કારણ છે.

યોગી મહાત્માઓનો 'શુકલાહાર' અર્થાત્ આહારની પૂર્વાવસ્થા, વર્તમાનવસ્થા અને પશ્ચાદવસ્થા એમ ત્રણે જેનો શુદ્ધ છે. તે આહાર શુકલાહાર, અત્યંત નિર્દોષ આહાર જે આહાર આ આત્માને સર્વ પ્રકારની સંપત્તિ આપનાર બને તે શુકલાહારનું બીજું નામ સર્વ સંપત્કારી ભિક્ષા કહેવાય છે.

શુક્લાહારનું સ્વરૂપ

| શુધ્ધ અનુષ્ઠાનથી સાધ્ય | શુધ્ધ અનુષ્ઠાનનો હેતુ | સ્વરૂપશુધ્ધ |
|---|---|---|

(૧) સર્વ સંપત્કારી ભિક્ષા શાસ્ત્ર વિધિ પ્રમાણે યત્નાપૂર્વક ગર્વષણા દ્વારા આહાર તે શુધ્ધ અનુષ્ઠાનથી સાધ્ય છે.

(૨) જે આહાર વાપર્યા પછી શુધ્ધ અનુષ્ઠાનોનું કારણ બને, ધર્મની સાધનામાં શરીર ઉપયોગી બને તે શુદ્ધાનુષ્ઠાન હેતુ આહાર છે.

(૩) આ આહાર તીર્થંકર ભગવંતના વચનાનુસાર ગ્રહણ કરાયેલો હોય અને વાપરતાં સુધી કોઈ અશુદ્ધિ થઈ ન હોય તે સ્વરૂપ શુધ્ધ આહાર છે.

આવા પ્રકારનાં શુકલાહારનાં સેવનથી યોગીની યોગપ્રવૃત્તિ યોગાંગ બને છે. ઉપરોક્ત વર્ણનમાં મુનિની કાયાને જે જે ઉચિત આહાર યોગી મુનિ ગૃહસ્થોના ઘરોથી નિર્દોષ જે આહાર મળે તેને જ લેવાવાળા મુનિને શુક્લાહાર સંબંધી જ આચાર્યશ્રી વિશેષ જણાવે છે કે, "વ્રણલેપની ઉપમાને અનુસાર આહાર સંબંધિત ઉચિતતા જાળવવી જરૂરી છે. અન્યથા અઘટિત આહારનો હોય દોષફળ આપનાર બને છે. પોતાના દેહને ઉચિત એવો આહાર લેવાથી જ યોગની સાધના બરાબર થઈ શકે છે. જેમ કોઈ વ્રણ (ગુમડું) લીમડાનાં કટુ તેલથી નાશ પામી જાય, કોઈ ગાયનાં ઘીનાં લેપથી મટી જાય. તેમ કોઈ યોગીનું શરીર શુષ્ક આહાર વડે નભી શકે છે, કોઈનું શાલી-ચોખાથી, તો કોઈનું પૌષ્ટિક આહારથી ટકી શકે છે. માટે યોગીજન પોતાનાં શરીરને યોગ્ય પથ્યકારી આહાર લે છે.

"યોગનાં પ્રભાવથી જ આ મહાત્માઓને સુંદર આહારની પણ અપ્રાપ્તિ પ્રાયઃ હોતી નથી, તથા શાસ્ત્રોમાં યોગીમુનિઓને તો યોગના પ્રભાવથી લબ્ધિઓની પ્રાપ્તિ હોય છે."[૧૯] જેનું વર્ણન આગળના એકમમાં છે.

## ૫.૧૨ યોગપ્રભાવથી પ્રાપ્ત થતી લબ્ધિ અને તેનું ફળ

જેમ જેમ યોગદશાની વૃદ્ધિ થાય છે તેમ તેમ રત્નાદિ લબ્ધિઓ અણિમાદિ લબ્ધિઓ તથા આમર્ષૌષધિ આદિ લબ્ધિઓ ઉત્પન્ન થાય છે.[૨૦]

પાતંજલ યોગદર્શનમાં "स्थान्युपनिमन्त्रणे संगस्मयाकरणं पुनरनिष्ट प्रसङ्गात्' (૩.૫૧) સૂત્ર છે. જેનો અર્થ છે, યોગીઓને તેમની સાધનામાં પ્રભાવે દેવતાઓ પાસે જઈને જ્યારે ભોગાદિનું નિમંત્રણ કરે ત્યારે તેઓ ભોગોને જોઈને સંગ કરતાં નથી. તેમજ પોતે એ પ્રકારનો સ્મય એટલે કે ગર્વ પણ કરતાં નથી. દેવતાઓનું નિમંત્રણ "યોગનો પ્રભાવ છે." કારણ કે સંગ કે સ્મય કરવાથી અનિષ્ટનો પ્રસંગ આવશે. આ સૂત્રનાં પ્રામાણ્યથી સમજાય છે કે દેવતાઓ યોગીઓને રત્નાદિ ગ્રહણ કરવા માટે જે ઉપનિમંત્રણ કરે છે. તે યોગીજનોને પ્રાપ્ત થયેલી રત્નાદિ લબ્ધિઓ છે તેમજ તે યોગદર્શના પ્રભાવથી અણિમાદિ લબ્ધિઓનો પ્રાદુર્ભાવ થાય છે. જે પ્રકારે પોતાની ભૂમિકા છે. તે પ્રકારે નીચેની લબ્ધિઓ યોગી મહાત્માને પ્રગટ થાય છે.

(૧) અણિમા લબ્ધિ : જે સિધ્ધિનાં સામર્થ્યથી મહાન પરિણામવાળા યોગી અણુપરિણામવાળા બને છે.

(૨) મહિમા લબ્ધિ : લઘુ કાયાવાળા પણ યોગી હાથી, પર્વત વગેરે જેવા મોટા થઈ શકે છે.

(૩) લઘિમા લબ્ધિ : વજનદાર શરીર રૂના પિંડની જેમ હલકું બનાવી શકે છે.

(૪) પ્રાપ્તિ લબ્ધિ : ભૂમિ પર રહીને પણ અંગુલિના અગ્રભાગથી ચંદ્રમાને પણ સ્પર્શ કરી શકે છે.

(૫) પ્રાકામ્ય લબ્ધિ : સિદ્ધિનાં કારણે યોગીજનોની ઈચ્છા કોઈપણ રીતે હણાતી નથી. તેથી તેઓ ધારે તો પાણી પર પણ ચાલી શકે છે.

(૬) ઈશિતા લબ્ધિ : ભૌતિક પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ કરવાનું સામર્થ્ય ઇશિતાસિધ્ધિના કારણે મળે છે.

(૭) વશિતા લબ્ધિ : બધા જ ભૂતો = જીવો, તેના વચનનું અતિક્રમણ ન કરે તેવી લબ્ધિ તે વશિતા લબ્ધ છે.

(૮) કામાવસાયિતા લબ્ધિ : પોતાની ઈચ્છા મુજબ ભૂત વગેરેને પ્રવર્તાવી શકે છે. જેથી યોગી ધારે તો અમૃતને બદલે વિષથી પણ માણસને બેઠો કરી શકે છે.[૨૨]

જૈનદર્શનમાં પણ આવશ્યક નિર્યુક્તિમાં તથા તેના જ ઉપર શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ દ્વારા રચિત "શ્રી વિશેષાવશક્યક મહાભાષ્યમાં" પણ આમર્ષૌષધિ આદિ લબ્ધિઓ યોગદશાથી પ્રાપ્ત થાય છે તે જણાવેલું છે.[૨૩]

- **આમર્ષૌષધિ લબ્ધિઓનું સ્વરૂપ**

(૧) આમર્ષૌષધિ લબ્ધિ : યોગીનાં શરીરનાં સ્પર્શ માત્રથી રોગીઓનાં રોગોનો નાશ થાય તેવી લબ્ધિ.

(૨) વિપ્રૌષધિ લબ્ધિ : યોગીનાં શરીરનો મળ સ્પર્શ થતાં રોગીઓનાં રોગ મટી જાય તેવી લબ્ધિ.

(૩) શ્લેષ્મૌષધિ લબ્ધિ : યોગીનાં શરીરનાં શ્લેષ્મનાં સ્પર્શથી રોગીઓનાં રોગ મટી જાય તેવી લબ્ધિ.

પાતંજલ મત પ્રમાણે યોગનું અન્ય એક માહાત્મય આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી તેમના યોગમહાત્મ્ય ગ્રંથમાં જણાવતા કહે છે કે, "સ્થૂલાદિમાં સંયમ કરવાથી ભૂતજય થાય છે. ભૂતજયથી અણિમાદિ અને કાયાની સંપત્તિ અને કાયાનાં ધર્મનો અનભિઘાત થાય છે." પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ ભૂતોનાં જયને કારણે યોગીને અણિમાદિ આઠ શક્તિઓ તેમજ ઉત્તમ રૂપાદિ સ્વરૂપ કાયસંપત્તિ પ્રાપ્ત થાય છે.[૨૪] તેથી યોગીનું રૂપ, લાવણ્ય, બળ અતિશયવાળું થાય છે. અને વ્રજ જેવું સંઘયણ બળ થાય છે. તેમજ પાંચભૂતોનાં જયને કારણે કાયાનાં ધર્મો રૂપાદિ છે, તેનો નાશ થતો નથી. તેથી યોગીનું શરીર અગ્નિથી બળીને ભસ્મ થતું નથી, પાણીથી ભીંજાતુ નથી અને વાયુથી શોષણ પામતું નથી. આ સર્વ કાર્યો યોગના પ્રભાવથી થાય છે. યોગબિંદુગ્રંથમાં પણ યોગનું ફળ જણાવતા શ્રી સૂરિજી કહે છે કે, "યોગ જ શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે અને યોગ જ ઉત્કૃષ્ટ ચિંતામણી છે. યોગ જ સર્વધર્મમાં પ્રધાન છે તેમજ યોગ અણિમાદિ સર્વ સિદ્ધિઓનું ઘર છે."[૨૫]

* **યોગનું ફળ**

**અધિકૃત યોગદશાની અવસ્થા પામેલા મુનિને આ યોગદશાની અવસ્થાનું શું ફળ પ્રાપ્ત થાય છે તે જણાવે છે, "આ યોગની વૃદ્ધિમાં કારણે જ સારી રીતે અશુભકર્મનો ક્ષય કરનાર તરીકે યોગી સંગત થાય છે. તેમજ શુભકર્મોના બંધક થાય છે અને કર્મ કરી સુખે સુખે મોક્ષગામી બને છે." જૈનધર્મની કરાતી તમામક્રિયાઓ મોહનાં નાશનો હેતુ હોવાથી અશુભ કર્મોનો ક્ષય કરાવે છે. પરંતુ ચતુઃશરણાદિની ભાવનાઓ રાગાદિના પ્રતિપક્ષની ભાવનાઓ અને મૈત્રી આદિ ભાવનાઓથી વાસિત બનેલી પરિણતિમાં અનેકગણું બળ છે. જે આત્માને કર્મોથી અત્યંત હળવો બનાવે છે. અશુભ પ્રવૃત્તિઓ અને પરિણિતિઓ મૂળથી જ નષ્ટ થઈ જતાં નવા અશુભકર્મબંધ થતો જ નથી અને પૂર્વે થયેલો અશુભકર્મો નો બંધ ક્ષીણ થઈ જાય છે.**

આચાર્યશ્રી શ્રી યશોવિજયજી ~~હરિભદ્રસૂરિજી~~ દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકાનાં ૨૬માં પ્ર૧કરણમાં જણાવે છે કે, "શાસ્ત્રનું રહસ્ય યોગ છે, મોક્ષનો માર્ગ યોગ છે, અપાયનું શમન યોગ છે, કલ્યાણનું કારણ યોગ છે, તે જ રીતે આગળ કહે છે કે, આ જન્મમાં પણ વિવિધ પ્રકારની લબ્ધિઓ અને પરભવમાં ઉત્તમકુળ, જાતિ આદિની પ્રાપ્તિરૂપ મહોદય અને શ્રેષ્ઠ સ્વાધીનતા જ યોગકલ્પવૃક્ષનું ફળ છે.

યોગની વૃદ્ધિથી જ યોગી મહાત્માઓ શુભકર્મનાં બન્ધક થાય છે તેથી તેઓ શુભકર્મનાં ઉદયથી ભવાન્તરમાં વિશિષ્ટ દેશ, વિશિષ્ટ કુળ અને વિશિષ્ટ જાતિ વગેરેની પ્રાપ્તિ થાય છે. આ રીતે તે તે યોગસાધક સામગ્રીને પ્રકૃષ્ટ રીતે પ્રાપ્ત કરવાથી ઉત્તરોત્તર શુભ - શુભતર પ્રવૃત્તિથી ઉત્તમોત્તમ ફળને પ્રાપ્ત કરવા વડે સુખે સુખે યોગીજનો મોક્ષને પ્રાપ્ત કરી ભવનો અંત કરનારા બને છે.

ત્યારબાદની ચાર ગાથાઓ ૮૬ થી ૮૯ એક પ્રકરણનાં સંદર્ભમાં પ્રતિબધ્ધ છે. જેમાં અધિકૃત ભાવનાથી કઈ રીતે મોક્ષ મળે છે. તેનું બૌદ્ધદર્શનની પરિભાષાથી સ્પષ્ટીકરણ કરેલ છે. અહીં ભાવના દ્વારા જે કર્મક્ષય થાય છે તે "મંડુક ભસ્મ" તુલ્ય જે કર્મની અપેક્ષાએ ફરીને ઉત્તન્ન થતા નથી. પરંતુ ભાવના રહિત માત્ર કાયિકી ક્રિયાથી થતો કર્મક્ષય એ "મંડુકચૂર્ણ' સમાન છે, જે ફરીથી ઉત્પન્ન થઈ શકે છે.બૌધ્ધમતથી પુણ્ય પણ કર્મક્ષયની જેમ બે પ્રકારનું છે.

૧) માટીનાં કળશ જેવું અને ૨) સુવર્ણનાં કળશ જેવું.

ભાવના વિનાનું માત્ર કાયાથી બંધાયેલું પુણ્ય માટીનાં કળશ સમાન છે. જે માત્ર જળધારણની ક્રિયા જેમ અલ્પ ફળ આપનારું છે બીજી રીતે તે મિથ્યાદ્રષ્ટિથી જન્ય છે. તે અપરિશુદ્ધ છે, અને ફળ પ્રાપ્ત કરાવવામાં માટીનાં ઘડા જેવું છે. બીજું જે પુણ્ય છે તે સુવર્ણ કળશ સમાન છે. જેમ સુવર્ણ કળશ ભાંગી જવા છતાં સોનાની કિંમત પહેલા જેટલી જ ઉપજે છે. તેમ વિશિષ્ટ ભાવનાજન્ય પુણ્ય ઉત્તરોત્તર પ્રકૃષ્ટ ફળનું સાધક હોય છે. બીજી રીતે તે સમ્યગદ્રષ્ટિથી જન્ય છે પરિશુધ્ધ છે અને ફલપ્રદાનમાં સુવર્ણ કળશ સમાન છે. "બોધિસત્વો કાયપાતી હોય છે, ચિત્તપાતી હોતા નથી. આશ્રવ વિનાનાં કર્મનું આ ફળ છે." ચિત્ત વિના માત્ર

કાયાથી કરાતી ક્રિયાથી તેવા પ્રકારનો કર્મબન્ધ થતો નથી, તે નિરાશ્રવ કર્મ છે, હૃદયમાં શાસ્ત્ર પ્રત્યે બહુમાન રાખી અને આદર ભાવોલ્લાસપૂર્વક કરેલી ક્રિયા "અમૃત ક્રિયા" કહેવાય છે અને તે તાત્કાલિક ફળ આપે છે.

આ પ્રકારે યોગવિકાસ અને ભાવનાની વૃદ્ધિ થવાથી આ આત્માને સામાયિકની શુધ્ધિ થાય છે. તેનાથી શુક્લ ધ્યાન અને અનુક્રમે કેવળજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે.[૫૫]

## ૫.૧૩ મોક્ષનું પ્રધાન અંગ - સામાયિક

'સામાયિક' એ જ પ્રધાનપણે મોક્ષનું અંગ ગણાવતાં કહે છે કે, "વાસીચંદનકલ્પ એટલે કે સર્વ - માધ્યસ્થભાવ અહીં મોક્ષની પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ છે. તેથી વિદ્વાનોએ તેને આશયરત્ન તરીકે વર્ણવ્યું છે. તેનાથી અન્યથા જે સામાયિક હોય તે કંઈક દોષવાળુ પણ હોય છે, કોઈ મનુષ્ય મુનિના હાથને ચંદનનું વિલેપન કરે કે કોઈ વાંસલાથી તેને છોલે. (માનસિક સાતાંઅસાતા રૂપે), કોઈ સ્તુતિ કરે કે કોઈ નિન્દા કરે. પરંતુ મુનિઓ બંને પ્રત્યે સમભાવવાળા જ રહે છે.

આથી જ શ્રી હરિભદ્રસૂરિજીએ અષ્ટક પ્રકરણમાં પણ ફરમાવ્યું છે કે, "શ્રી સર્વજ્ઞભગવંતોએ જણાવેલું સામાયિક, વાસીચંદનકલ્પ એવા મહાત્માઓને માટે મોક્ષનું અંગ તરીકે કહ્યુ છે.

(૧) "સર્વયોગોની વિશુદ્ધિને લઈને કુશલાશય સ્વરૂપ હોવાથી વાસ્તવિક રીતે એ સામાયિક એકાંતે નિરવદ્ય છે."

(૨) "લોકની દ્રષ્ટિએ જે કુશલચિત્ત તરીકે વ્યવસ્થિત થયું છે, તેમાં ઔદાર્ય જણાતું હોવા છતાં તે અંગે વિચાર કરતાં તે ચિત્ત કુશલ જણાતું નથી."

(૩) "જેમકે, જગતનું દુશ્ચરિત્ર મારામાં આવી પડે અને મારા સચ્ચારિત્રનાં યોગે સર્વ પ્રાણીઓની મુક્તિ થાય."

(૪) "આ જે વસ્તુ છે તે અસંભવી છે, કારણ કે એકની પણ મુક્તિ બાકી હોય ત્યાં સુધી આ ઉદારતા બનાવનારની મુક્તિ થશે નહીં. માટે આવું કુશળ ચિત્ત ઉદારતાવાળું જરૂર છે. પરતું સદોષ છે, માટે આશયરત્ન નથી જ."

(૫) તેથી "આ પ્રમાણે બધાની મુક્તિનું ચિંતન કરવું એ ન્યાયની દ્રષ્ટિએ મોહ સંગત છે."

(૬) જેમ તીર્થંકર ભગવંત વીતરાગ હોવાથી આપણા સુખ - દુખનાં કર્તા ભોક્તા કે દાતા નથી. છતાં ભક્તિને વશ આપણે બોધિબીજની પ્રાર્થના કરીએ છીએ. "आरुग्ग–बोहिलाभं समाहिवरमुत्तमं दिंतु" ઈત્યાદિની જેમ આ વિચારવાળું કુશલ ચિત્ત પૂર્વાવસ્થામાં ઉપયોગી છે.

(૭) અપકાર કરનાર "મારા કર્મો તોડવામાં નિમિત્ત હોવાથી ઉપકારી જ છે", તે વિચારવાળી સદ્દબુદ્ધિ સ્વકર્મક્ષયને સાધનાર હોવાથી જરૂર સારી છે. પરંતુ સામી વ્યક્તિનાં તે કર્મબંધન ભાવિનાં તેના દુઃખોની વિચારણા નહી કરાતા ઉપેક્ષા જ કરાય છે. માટે કંઈક દોષિત છે. એવા આશય કરતા સામાયિકના આશયની શ્રેષ્ઠતા છે.

(૮) આ રીતે સામાયિકને છોડીને બીજી અવસ્થામાં એકાંતે ભદ્રક એવું ચિત્ત હોય છે.

આદ્ય ભૂમિકામાં અપકારીએ નિર્જરામાં ઉપકારી માનવો તે શ્રેષ્ઠ હોવા છતાં મોક્ષનું સાક્ષાત કારણ પરમ માધ્યસ્થભાવરૂપ સામાયિક છે.

યોગી મહાત્માઓ માટે તો સામાયિકનું ખુબ જ મહત્વ છે. મોક્ષનું પ્રધાન અંગ છે. તે રીતે શ્રાવક માટે પણ નિત્ય આવશ્યકની આરાધના જીવનશુધ્ધિની સાધના છે. છ આવશ્યકમાં પ્રથમ સ્થાન સામાયિકનુ છે. પાંચ ચારિત્રમાં સામાયિક ચારિત્ર પ્રથમ છે. દેશવિરતિ કે સર્વવિરતિ ચરિત્રનો પ્રારંભ સામાયિક થી જ થાય છે. સાધક સર્વ સાવધ પ્રવૃત્તિનો ત્યાગ કરી સમભાવની પ્રાપ્તિ લક્ષે સામાયિકમાં સ્થિત થાય ત્યાર પછી સાધનાનો પ્રારંભ થાય છે. સાધકનાં સર્વ ધર્માનુષ્ઠાનો સમભાવની પ્રાપ્તિ માટે જ છે. સમગ્ર સાધના સામાયિકને કેન્દ્રમાં રાખીને જ કરવાની હોય છે. તેથી જ આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિશેષાવશ્યક ભાષ્યમાં સામાયિકને ચૌદપૂર્વનાં અર્થપિંડ રૂપ કહે છે.[૨૬]

- **સામાયિકની શુદ્ધિ દ્વારા અંતિમ મહાફળ**

"જો તે ભવમાં જ યોગની સમાપ્તિ થાય તો અયોગ અવસ્થાને પ્રાપ્ત કરવા વડે જન્મ - જરાદિ દોષરહિત, સદા વિદ્યમાન અને એકાન્ત વિશુધ્ધ એવી મુક્તિને પામે છે."

પરંતુ જે જીવોની સામગ્રીનાં અભાવે આ જ ભવમાં યોગસાધના પૂર્ણ થઈ શકી નથી. તેઓ દેવાદિ ઉચ્ચ ગતિમાં જઈ, વિશિષ્ટ કુળ વગેરેમાં ઉત્પન્ન થઈ, પૂર્વ સંસ્કારનાં યોગે ફરી યોગસાધનામાં તત્પર બને છે. અને અનુક્રમે યોગની પૂર્ણતા કરી મોક્ષપદને પ્રાપ્ત કરે છે. જેમ દિવસે અભ્યાસ કરેલો વિષય રાત્રિમાં સ્વપ્નમાં જુએ છે, તેવી રીતે આ જન્મમાં અભ્યાસ કરેલો વિષય ભવાન્તરમાં પણ જીવો પ્રાપ્ત કરે છે. જે કારણથી આ ભવનાં દ્રઢ સંસ્કારો પરભવ માં જન્મતા જ વિકાસને પ્રાપ્ત કરે છે. તે માટે આ જન્મમાં શુધ્ધ યોગમાર્ગને ઉચિત એવા સંયમ સ્થાનોમાં વર્તન સાથે આલોક, પરલોક, જીવન - મરણ વિશે સ્મૃતિવાળા બનવાનું આચાર્ય શ્રી ફરમાવે છે.[૨૭]

## ૫.૧૪ મરણકાળ જાણવાનાં ઉપાયો

મોક્ષ માટે યત્ન કરતા યોગીએ અંત સમયે કઈ રીતે અનશન કરવું જોઈએ કે જેથી ઉત્તર ભવમાં પણ યોગમાર્ગની પ્રવૃત્તિ અસ્ખલિત પ્રાપ્ત થાય તે જણાવતાં આચાર્યશ્રી કહે છે કે, "પરિશુધ્ધ ચિત્તરત્ન છે જેનું તે આત્મા અંતકાળે પણ મરણનો કાળ નજીક છે. - એમ જાણીને વિશુધ્ધ એવા અનશનની વિધિથી શરીરનો ત્યાગ કરે છે."

અતિશય શુધ્ધ છે, સામાયિક રત્ન જેનું એવા મહાયોગી નીચેના ચિહ્નોથી મરણને નજીક આવેલું જાણીને તીર્થંકર ભગવંતોની આજ્ઞાપાલન પૂર્વક અને આજ્ઞા પ્રત્યેના અતિશય બહુમાનથી ભરેલી શુભલેશ્યા દ્વારા તથા વિશુધ્ધ એવી અનશનવિધિ આદરવાપૂર્વક દેહત્યાગ કરે છે.[૨૮]

(૧) આગમથી
(૨) દેવતાનાં કથનથી
(૩) પ્રતિભાથી
(૪) સ્વપ્નથી
(૫) અરૂંધતી આદિના અદર્શનથી
(૬) નાસિકા - આંખ - કીકીનાં અદર્શનથી.
(૭) કાનથી અગ્નિના અશ્રવણથી.
(૮) સમુદ્રની ભરતીનાં મોજાઓનાં ખળભળાટનું શ્રવણ.
(૯) શરીરનાં દશ સાંધાઓનું ફરકવું.
(૧૦) અ-આ-ઇ-ઈ ઈત્યાદિ બાર અક્ષરોનાં મંત્રજાપનું અસ્મરણ.

ઇત્યાદિ આસન્નમૃત્યુના લિંગો છે. આ પ્રમાણે મહાયોગી ઉપરોક્ત લક્ષણો થકી પોતાનું મૃત્યુ આસન્ન આવેલું જાણીને શાસ્ત્રોક્ત વિધિ મુજબ, રોગાદિની પીડા હોવા છતાં સામાયિક રત્નઃપરમ સમભાવની અલ્પ પણ ક્ષતિ ન આવે તે રીતે પોતાના દેહનો ત્યાગ કરે છે.

- મરણકાળનાં જ્ઞાન સંબંધી વિશિષ્ટ વર્ણન યોગશાસ્ત્રનાં પાંચમાં પ્રકાશમાં છે.[૨૯]

પૂર્વગાથામાં જણાવ્યા પ્રમાણે મહાયોગી મરણકાળનું જ્ઞાન થયા પછી અનશનવિધિમાં અતિશય પ્રયત્ન કરે છે. કારણ કે ફળપ્રધાન સમારંભ હોય છે. તેથી સંયમજીવનમાં યત્ન કરે, અનશનમાં તેના કરતાં પણ વધારે યત્ન કરે છે. જેથી ઉત્તમ ફળ મળે. તેથી જ આચાર્યશ્રી આગળ જણાવે છે કે, "આ કારણથી આ જ ભવમાં અનશનની શુદ્ધિ માટે અતિશય પ્રયત્ન વિશેષ કરવો જોઈએ, કારણ કે આ આત્મા જે લેશ્યાએ મરે છે એ જ લેશ્યાએ વાળા ભવોમાં જ ઉત્પન્ન થાય છે."[૩૦]

- મરણકાળે લેશ્યાની પ્રધાનતા

સ્થાનાંગસૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર અને પ્રજ્ઞાપનાસૂત્રમાં લેશ્યાના સંબંધમાં વિસ્તારથી નિરૂપણ છે. આગમયુગ પછી દાર્શનિક યુગના સાહિત્યમાં પણ લેશ્યાના સંબંધમાં વ્યાપક રૂપથી ચિંતન થયું છે. આધુનિક યુગમાં વૈજ્ઞાનિકો પણ આભામંડળનાં રૂપમાં તેના ઉપર ચિંતન કરી રહ્યા છે.[૩૧]

સામાન્ય રૂપે મન આદિ યોગોથી અનુરંજિત તથા વિશેષરૂપથી કષાયાનું રંજિત જે આત્મ પરિણામો થાય છે, તે જ લેશ્યા છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં લેશ્યાની સાથે કર્મ શબ્દનો પ્રયોગ કરી લેશ્યાને કર્મલેશ્યા કહી છે. કર્મબંધના હેતુ, રાગાદિ ભાવ કર્મલેશ્યા છે. તે લેશ્યાઓ ભાવ અને દ્રવ્યનાં રૂપથી બે પ્રકારની છે.

જે લેશ્યામાં જીવ મરે છે તે લેશ્યાવાળા જ દેવતાદિ ભવોમાં તે ઉત્પન્ન થાય છે. તેવો નિયમ છે. તેથી ઉત્તમ ભવની પ્રાપ્તિ અર્થે મૃત્યુ વખતે અત્યંત નિર્લેપતા જાળવે છે. જેમ નિર્લેપ પરિણતિ અધિક તેમ શુભલેશ્યા અધિક અને જેમ શુભલેશ્યા અધિક તેમ ઉંચા દેવલોકની પ્રાપ્તિ થાય.

* દેવોમાં ભવનપતિ અને વ્યંકર દેવોને પ્રથમ ચાર લેશ્યા - કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા,
* જ્યોતિષી અને પહેલા બીજા દેવલોકમાં ચોથી તેજો લેશ્યા.

* ત્રીજા ચોથા અને પાંચમાં દેવલોકમાં પાંચમી - પદ્મ લેશ્યા.
* છઠ્ઠા લાંતક દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાન સુધી છઠ્ઠી - શુક્લ લેશ્યા.[૩૨]

તેથી અનશન વખતે કરાયેલા અપ્રમાદભાવને કારણે ઊંચા દેવભવમાં વિશેષ શક્તિઓ મળેલી હોવાથી પોતાના ભવને અનુરૂપ વિશેષ પ્રકારની યોગસાધના પણ ત્યાં થાય છે. અને તેથી દેવભવમાં ઘણી શક્તિનો સંચય કરીને મનુષ્યભવની પ્રાપ્તિ કરી શીઘ્ર સંસારનો ઉચ્છેદ કરી મોક્ષપદને પ્રાપ્ત કરી શકે છે.

આ પ્રમાણે ગ્રંથકાર શ્રી મરણકાલે લેશ્યાની પ્રધાનતા જણાવે છે. પરંતુ એટલા માત્રથી જ આ મરણ મનોહર થતું નથી. તે સ્પષ્ટ પણે જણાવતા કહે છે, "આવી શુભલેશ્યા હોવા છતાં પણ પ્રભુની આજ્ઞાપૂર્વક વર્તે તો જ અહીં મરણકાળે આરાધક કહેવાય છે. અન્યથા તો આવી શુભલેશ્યા અનાદિ સંસારમાં અનેકવાર આવેલી છે." શ્રી સૂરિજી આ ગાથાથી સજાગ કરે છે કે, "શુભલેશ્યા હોવા છતાં પણ મૃત્યુ સમયે ચતુઃશરણાદિ ભાવનાનાં સેવન સાથે સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રનો અવિચલ પરિણામ યોગ રાખે છે તે આરાધક છે. આ રીતે આજ્ઞાયોગ પૂર્વકની જ શુભલેશ્યાએ સમાધિમૃત્યુ પ્રાપ્ત કરી, દેહત્યાગ કરી, આરાધકપણુ મેળવી માનવજીવનને સાર્થક કરે છે. અન્યથા તો આવી શુભલેશ્યા અનાદિ સંસારમાં અનેકવાર આવેલી છે."[33]

* ગ્રંથનો ઉપસંહાર

યોગશતક ગ્રંથનો ઉપસંહાર કરતાં ગ્રંથકાર શ્રી યોગોનો સાર-નિષ્કર્ષ આ પ્રમાણે હિતશિક્ષા રૂપે ફરમાવે છે, "અયોગી અવસ્થાના અર્થી આત્માઓ પ્રભુની આજ્ઞાયોગમાં જ અતિશય વિશેષ સમ્યગ્પ્રયત્ન કરે છે. આજ્ઞાની આરાધના એ જ મોક્ષ છે. શાશ્વત સુખનો સંયોગ છે. ભવનો વિરહ છે અને મુક્તિનો સદા અવિરહ કરાવનાર છે.[૩૪]

આત્માની પરિણતિને સ્થૂળતાથી સૂક્ષ્મતા તરફ ગતિ કરાવતો આ ગ્રંથ અમૂલ્ય છે. દરેક મનુષ્યનું અંતિમ લક્ષ્ય મોક્ષ પ્રાપ્તિ છે, અને તે પ્રાપ્તિ તરફ આગળ વધવા માટે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શનરૂપ ગ્રંથ છે.

## પાદટીપ : ભાગ-૨

૧. યોગબિંદુ, ગાથા-૧૦, વિવેચન શ્રી ઋદ્ધિસાગરસૂરિજી, પૃ.-૩૨
૨. જૈનદર્શન, લેખક : શ્રી ટી. કે. તુકોલ, પૃ.-૭૮.
૩. જૈનદર્શન, લેખક : ઝવેરીલાલ વિઠ્ઠલદાસ કોઠારી, પૃ.-૨૯૬.
૪. તત્વાર્થાધિગમ સૂત્ર, વિવેચક : પૂ. આ.શ્રી. ચંદ્રશેખરસૂરિજી, પૃ.-૩૪૧
૫. જૈનધર્મનું હાર્દ, લેખક : ચંદ્રહાસ ત્રિવેદી, પૃ.-૮૦
૬. કર્મગ્રંથસાર્થ, ભાગ-૧, શ્રીમદ્ દેવેન્દ્રસૂરિ વિરચિત, પૃ.-૫
૭. કર્મગ્રંથસાર્થ, સંકલન : શ્રી જીવવિજયજી, પૃ.-૬
૮. યોગશતક, ગાથા-૫૪ થી ૫૮
૯. યોગશતક, અનુવાદક : શ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા, પૃ.-૧૪૭
૧૦. યોગશતક, વિવેચક : પંડિત શ્રી પ્રવિણચંદ્ર મોતા, પૃ.-૨૯૮
૧૧. તત્વાર્થાધિગમ સૂત્ર, વિવેચક : પંડિત શ્રી પ્રવિણચંદ્ર મોતા, પૃ.-૩૫૩
૧૨. શ્રી ઠાણાંગસૂત્ર, સ્થાન-૨, ઉદ્દેશક-૪/૧૬.
૧૩. યોગશતક, ગાથા-૫૯ થી ૬૫
૧૪. યોગશતક, ગાથા-૬૬ થી ૭૪
૧૫. યોગશતક, ગાથા-૭૫ થી ૭૮
૧૬. શાંત સુધારસ ભાગ-૩ પ્રવચનકાર : શ્રી ભદ્રગુપ્તસૂરિજી. પૃ.-૧૦૩
૧૭. યોગબિંદુ, ગાથા-૪૦૨, ૪૦૩
૧૮. યોગશતક, ગાથા-૭૯ થી ૮૦
૧૯. યોગશતક, ગાથા-૮૧ થી ૮૩
૨૦. યોગશતક, ગાથા-૮૪
૨૧. स्थूलादिसंयमाद् भूतजयोऽस्मादणिमादिकम् ।
કાયસંપચ્ચ तद्धर्मानभिघातश्च जायते ।। યોગમહાત્મ્ય દ્વાત્રિંશિકા, ગાથા-૧૫.
૨૨. યોગશતક, અનુવાદક : શ્રી ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા, પૃ.-૨૦૩
૨૩. યોગશતક, વિવેચક : પંડિત શ્રી પ્રવિણચંદ્ર મોતા, પૃ.-૩૮૩
૨૪. યોગબિંદુ, ગાથા-૩૭
૨૫. યોગશતક, ગાથા-૮૫ થી ૯૦
૨૬. શ્રી આવશ્યકસૂત્ર, સંપાદિકા : પૂ. લીલમબાઈ મહાસતીજી, પૃ-૫૧
૨૭. યોગશતક, ગાથા-૯૧ થી ૯૫
૨૮. યોગશતક, ગાથા-૯૬ થી ૯૭
૨૯. યોગશાસ્ત્ર, પાંચમો પ્રકાશ, ગાથા-૭૨ થી ૧૭૨

30. યોગશતક, ગાથા-૯૮

૩૧. સમવાયાંગ સૂત્ર, સમવાય ૬/૧, સંપાદિકા : પૂ. લીલમબાઈ મહાસતીજી, પૃ.-૨૬

૩૨. ઉત્તરાધ્યાનસૂત્ર, ભાગ-૨, અધ્યયન-૩૪, સંપાદિકા : પૂ. લીલમબાઈ મ.સ., પૃ.-૩૪૯

33. યોગશતક, ગાથા-૯૯

૩૪. યોગશતક, ગાથા-૧૦૦

# પ્રકરણ-૬

## ઉપસંહાર

# પ્રકરણ-૬

# ઉપસંહાર

**अज्ञान तिमिरान्धानाम् ज्ञानांजन शलाकया ।**
**नेत्रमुन्मीलितं येन, तस्मै श्री गुरुवे नमः ।।**

**ગાથાર્થ : અજ્ઞાનરૂપી અંધકારને જ્ઞાન શલાકાના અંજન દ્વારા અંધકારને દૂર કરી જેમણે મારા નેત્ર ઉદ્દઘાટિત કર્યા તે ગુરુદેવને મારા નમસ્કાર હો...**

આ આર્યાવર્ત પ્રાચીન સમયથી યોગવિદ્યાની પરાકાષ્ટાએ પહોંચેલો હતો. અનેક તીર્થંકર ભગવંતો તેમના ગણધર ભગવંતો તેમજ અનેક મોક્ષગામી મહાત્માઓ યોગવિદ્યામાં કુશળ હતા. અનેક લબ્ધિઓ અને સિધ્ધિઓના યોગથી આત્માની અસ્તિત્વતાની ઉંડી છાપ પાડતાં હતા. તેમજ આત્માની જ્ઞાનાદિ શક્તિઓનું ભાન કરાવતાં હતાં. આવા અનેક યોગી, મહાત્માઓ, પૂર્વમાં થઈ ગયા. પરંતુ અત્યારે વર્તમાન સમયમાં આ યોગવિદ્યા પ્રાયઃ નામશેષ થવા જઈ રહી છે. કારણ કે વર્તમાનમાં મનુષ્યોનું આત્મભાવ તરફ લક્ષ્ય ઓછું જોવા મળે છે. મોજશોખના સાધનોની શોધખોળ રોજબરોજ વધુને વધુ થઈ રહી છે. યૌગિક જાગૃતિ ઘટતી જ રહી છે. ભૌતિકવાદની દુનિયામાં યોગનું સ્થાન દિન-પ્રતિદિન લુપ્ત થતું જાય છે તેવું લાગે છે.

અત્યારે ભૌતિકવાદની દુનિયામાં લોકો પોતાની શરીરની તંદરુસ્તી માટે યોગ કરે છે. બાબા રામદેવ દ્વારા યોગની જાગૃતિ ઘણી વધતી રહી છે. રોજ સવાર સાંજ ટીવી પર, અખબાર પત્ર દ્વારા, જુદા જુદા ગામ - શહેરોમાં યોજાતી શિબિરો દ્વારા લોકો યોગ તરફ વળ્યા છે. પરંતુ તે શરીરનાં રોગો પર નિયમન કરવા, શરીરની તંદુરસ્તી વધારવા માટે, પરંતુ તેનાથી આગળ વધીને વચનશુદ્ધિ, મનશુદ્ધિ દ્વારા આધ્યાત્મિકતા તરફ મોક્ષમાર્ગી બનવાની પ્રવૃત્તિ રૂપ યોગ પ્રાયઃ જોવા મળતો નથી. અંતર્મુખ થઈને પોતાનું અંતર તપાસવા રૂપ આધ્યાત્મિકતાથી દૂર થઈ રહ્યા છીએ.

પૂર્વમાં મહાપુરુષોનો સમાગમ અને અનેક તેમનો સતત અભ્યાસ, સંતપુરુષોનો સમાગમ અને અનેક ઉત્તમ નિમિત્તો મળવા રૂપ સતત પુરુષાર્થ દ્વારા મોક્ષાભિમુખ બનતા હતા અને અત્યારે પણ આત્મજીવનને ઉચ્ચ કરવા માટે તે માર્ગની જ જરૂર છે. તે મોક્ષમાર્ગનાં પથિક બન્યા સિવાય જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થવાનું શક્ય જ નથી. આ દુનિયાનાં જણાતા ભૌતિક સુખો ક્ષણિક છે. તેના અંતમાં દુઃખ જ છે તેથી સાચું સુખ શેમાં ? તે વિચારવાનું છે.

યોગશતક ગ્રંથના અધ્યયનથી સતત સમભાવની કેળવણી દ્વારા યોગમાર્ગના ગુણોની પ્રાપ્તિ કરવાની એક નવી જ દ્રષ્ટિ મળે છે. મૈત્રી આદિ ચાર યોગભાવનાને જીવનમાં ઘૂંટવાથી આપણને વિશ્વશાંતિનો સંદેશ મળે છે. કર્મબંધથી સંવરનો સંદેશ મળે છે. રાગ-દ્વેષ-મોહનાં સ્વરૂપ-પરિણામ અને વિપાકને વિચારવાથી આપણને સમત્વભાવ કેળવવાનો સંદેશ મળે છે. વર્તમાન સમયમાં રોજ બરોજ અખબારપત્ર દ્વારા ખૂન, અપહરણ, બળાત્કાર, આતંકવાદના જ સમાચાર મળતા હોય છે. વિશ્વમાં, દેશમાં જાણે અશાંતિ જ ફેલાયેલી હોય છે તેમ લાગે છે.

યોગીમહાત્માનાં આહારનાં વર્ણનથી શુધ્ધ સાત્વિક આહારની સાવધતા રાખવાની કેટલી જરૂર છે તેનો ચોક્કસ વિચાર આવે છે. કારણ કે હાલના સમયમાં જંકફૂડ, પીઝા, બર્ગર, બ્રેડ વગેરેનો વપરાશ ઘણો વધી રહ્યો છે. લોકો બિનજરૂરી માનસિક તણાવમાં રહીને કસમયે આવો જ ખોરાક લઈ રહ્યા છે. તેનાથી પાછા ફરીને સાત્વિક આહાર તરફ વળવાનું છે. તેનો સંદેશ મળે છે.

શ્રી હરિભદ્રસૂરિજીએ યોગશતક ગ્રંથમાં યોગની કેટલી બધી સૂક્ષ્મ વાતો મૂકી છે. જે લોકો માટે જાણવા જેવી, જીવનમાં ઉતારવા જેવી અમૂલ્ય છે. આ ગ્રંથનું અધ્યયન કરતાં ઘણા સૂક્ષ્મ વિચારો સાથે ડૂબી જવાનો અવસર મળ્યો જેનાથી એવો અહેસાસ થયા છે કે સાતમી - આઠમી સદીના મહાન આચાર્યનાં ચરણોમાં હૃદય અને શીશ નતમસ્તક થઈ જાય છે. હું મારી જાતને ખૂબ જ સદ્દભાગી માનું છું કે મને આવો સુઅવસરથી પણ અમૂલ્ય સાધકની સાધના જેવું અધ્યયન કરવાનો મોકો મળ્યો. તેમનું જીવન અને કવન થી પ્રભાવિત થઈ ભૂતકાળમાં અનેક આચાર્ય ભગવંતોએ સમય સમય પર અનેક સ્થાને સમાજને પ્રદાન કર્યું છે. જેમાં ખાસ કરીને મહોપાધ્યાય શ્રી યશોવિજયજી લોકોમાં 'લઘુહરિભદ્ર' ની પ્રસિધ્ધિ ને પામેલા છે. તેમની બહુમુખી પ્રતિભાએ ભાગ્યે જ કોઈ વિષય અણખેડ્યો રાખ્યો હશે તેવું વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે.

વર્તમાન સંદર્ભમાં પણ જોઈએ તો શ્રી સૂરીજી બ્રાહ્મણમાં જન્મ લઈને જૈનસાધુ થયા તે તેમના ઘણાબધા ગુણો ઉલ્લેખનીય છે. તેમાંથી કેટલાક ગુણો જેમ કે...

(૧) નમ્ર ગુણ

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીના જીવનની ઝાંખી જોતાં એવું અનુભવાય છે કે તેમનામાં એક મહાન ગુણ હતો. જેમ કે તે સમયનાં તેઓ પ્રખર, પ્રકાંડ વિદ્વાન પંડીત હતા.. ચારેબાજુ તેમની પ્રસિદ્ધિ હતી... તેઓ જ્યાં પણ વિચરતા ત્યારે લોકો તેમના જ્ઞાનગુણ માટે બહુમાન કરતા. તેમના હાથમાં જમ્બૂવૃક્ષની ડાળી દંડ તરીકે રાખતા હતા. કારણ કે તેમને હતું કે તેઓ જ્ઞાનપદમાં સર્વશ્રેષ્ઠ છે, મહાન છે. આવું વિશાળ જ્ઞાન હોવા છતાં પણ તેમણે તેમના જીવનમાં

એક દ્રઢ સંકલ્પ કરેલ કે જે પણ વ્યક્તિ કે જેઓ જ્ઞાની ગર્ભિત હોય અને તેમના દ્વારા પોતાની - હરિભદ્રજીની સમજમાં ન આવે તો તેમના શિષ્ય બની જવું તેવો નિર્ણય લીધેલ. અને એ આવા નિર્ણય પર ટકી રહ્યા. એકવાર જ્યારે વિચરતા હતા. નજીકના ઉપાશ્રયમાંથી યાકિની મહત્તરા ગાથા ઉચ્ચારતા હતા. ત્યારે તે ગાથાનો અર્થ તેમની સમજમાં ન આવતા તેઓ એ જ સમયે નમ્રતા પૂર્વક ભાવથી તેમના શિષ્ય થવાની વિનંતી કરી... આ છે એમના જીવનનો એક મહાન ગુણ.....!

